Website : www.rakhewaldaily.com   Email : rakhewal@gmail.com

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

વર્ષ : ૩૪ ● અંક : ૪૩
તા.૨૦-૦૩-૨૦૧૮, મંગળવાર
સંવત ૨૦૭૪ ચૈત્ર સુદ - ૦૩
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૪૬   સૂર્યાસ્ત : ૦૬:૫૦

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૩૭.૨ | વડોદરા | ૩૬.૭ |
| અમદાવાદ | ૩૬.૮ | સુરત | ૩૭.૧ |
| ગાંધીનગર | ૩૫.૦ | નલિયા | ૩૨.૬ |

ચાંદી : ૩૯,૦૦૦   સોનું : ૩૧,૨૦૦

P.R.No. GBK/06/2018-20   RNI No 20508/71   Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ   પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭   જનસેવાની પરંપરાના ૭૩ વર્ષ...

# ગુજરાતના કેટલાક ભાગોમાં વરસાદી ઝાપટા : ખેડૂતો ચિંતિત

## કમોસમી વરસાદના લીધે ઉત્તર ગુજરાતના ખેડૂતો ચિંતિત બન્યા : પાકને નુકસાનની વકી : હવામાનમાં પલટો આવ્યો

અમદાવાદ

અમદાવાદ સહિત રાજ્યભરમાં હવામાનમાં એકાએક પલટો આવ્યો છે. ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લાઓ, અમદાવાદ, ગાંધીનગર સહિતના જુદા જુદા વિસ્તારોમાં વરસાદી છાંટા પડ્યા હોવાના અહેવાલ મળ્યા છે. બનાસકાંઠા, અરવલ્લી, પાટણ, સાબરકાંઠા અને મહેસાણામાં વરસાદી ઝાપટા પડ્યા છે. આજે સવારે સુરત, વડોદરા, આણંદ, ખેડા, ભરુચ, નર્મદા, અમરેલી, જુનાગઢ, ગીર સોમનાથ સહિતના વિસ્તારોમાં ઝાપટા પડ્યા છે. ખેડૂતોના ઉભા પાકને નુકસાન થવાની પણ શક્યતા દેખાઈ રહી છે.



અમદાવાદના જુદા જુદા વિસ્તારમાં પણ વરસાદી છાંટા પડ્યા છે. શિવરંજની ચાર રસ્તા, શ્યામલ, વસ્ત્રાપુર, શાહીબાગ, રિવરફ્રન્ટની આસપાસના વિસ્તારોમાં વરસાદી છાંટા પડ્યા હતા. બીજી બાજુ આજે સવારે વરસાદી માહોલ રહ્યો હતો. એકાએક હવામાનમાં પલટાના લીધે તંત્ર પણ વધારે સાવધાન થયું છે. જો કે, બપોરે ગરમીનો અનુભવ થયો હતો. આજે અમદાવાદમાં પારો ૩૪.૩ ડિગ્રી સુધી પહોંચ્યો હતો. રાજ્યના અનેક ભાગોમાં પારો આજે ગગડ્યો હતો. મહત્તમ તાપમાનમાં ઘટાડો થયો હતો. સૌથી વધુ ગરમીનો અનુભવ મહુવામાં થયો હતો જ્યાં પારો ૩૭.૮ સુધી પહોંચ્યો હતો. લોકો વધતા જાતા તાપમાન કારણે પરેશાન થયેલા છે ત્યારે આજે મહત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો હતો. અમદાવાદ સહિત રાજ્યભરમાં લઘુત્તમ તાપમાનમાં ફેરફાર થવાના કારણે હવે ઈન્ફેક્શન સબંધિત બિમારીનો ખતરો પણ તોળાઈ રહ્યો છે. એકબાજુ પાણીની તકલીફ પહેલાથી જ અનુભવાઈ રહી છે ત્યારે આ વખતે ગરમી વધુ વધવાના સંકેત દેખાઈ રહ્યા છે. અમદાવાદ માટેની સ્થાનિક આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, અમદાવાદ શહેરમાં આવતીકાલે મંગળવારના દિવસે ગરમીનું પ્રમાણ વધી શકે

અનુસંધાન પાના નં.૬

**ડિજિટલ ઈન્ડિયાને પ્રમોટ કરવા માટેની તૈયારી**

## મોદી સરકાર મફત ડેટાની ભેટ આપે તેવી શક્યતા

### ગ્રામીણ ક્ષેત્રમાં રહેલા યુવાનોને આકર્ષિત કરવા માટેની યોજના

નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામાન્ય ચૂંટણી પહેલા ડિજિટલ ઈન્ડિયાને પ્રોત્સાહન આપવા અને ગ્રામીણ વિસ્તારોમાં રહેતા યુવાનોને આકર્ષિત કરવા માટે મોટો દાવ રમવા માટે તૈયાર છે. મોદી સરકાર લોકોને ફ્રી ડેટા આપવાની યોજના બનાવી રહી છે. આ યોજનાની શક્યતા ચકાસવામાં આવી રહી છે. સુત્રોના કહેવા મુજબ ટેલિકોમ મંત્રાલય હાલમાં આના પર કામ કરી રહ્યુ છે. આશરે એક વર્ષની લાંબી ચર્ચા વિચારણા કર્યા બાદ હવે યોજનાનિર્ણાયક તબક્કામાં પહોંચી હોવાના હેવાલ મળી રહ્યા છે. સરકાર આ યોજનાને વર્ષ ટુંક સમયમાં જ રજૂ કરી શકે છે. સરકાર આ પ્રયાસને નોટબંધી બાદ ડિજિટલ લેવડદેવડ તરીકે રજૂ કરવા માટે ઈચ્છુક છે. સુત્રોના કહેવા મુજબ યુનિવર્સલ ઓબ્લિગેશન ફંડથી આ સ્કીમને આગળ વધારી શકાય છે. એમ કહેવામાં આવે છે કે સરકાર ગ્રામીણ વિસ્તારોમાં નેટ કનેકટિવિટીને વધારી દેવાના હેતુ સાથે આ યોજનાને રજૂ કરનાર છે. આ હેઠળ એવી તમામ જરૂરી વેબસાઈટ ખુલી જશે જે જરૂરી સેવા માટે ઉપયોગી સાબિત થઈ શકે છે. આ પ્રોજેક્ટને અંતિમ રૂપ આપવામાં લાગેલા અધિકારીઓના કહેવા મુજબ હાલમાં તેના કેટલાક પાસા પર ચર્ચા ચાલી રહી છે. યુએસઓ ફંડને લઈને લોકોને વધારે માહિતી નથી. આ એક એવા ફંડ તરીકે છે જેમાં તમામ ટેલિકોમ કંપનીઓને દર વર્ષે પોતાના લાભતી એક હિસ્સો સરકારની પાસે બનેલા ફંડમાં જમા કરવાની જરૂર હોય છે. વર્ષ ૨૦૦૨થી લઈને ૨૦૧૬ સુધી તેમાં ૬૮ હજાર કરોડ રૂપિયા જમા થઈ ચુક્યા છે. જે પૈકી માત્ર ૨૫ હજાર કરોડ રૂપિયા જ ખર્ચ કરી શકાયા છે.

## વિચાર વૈભવ...

### માનવને ઊગવા દે તેવો ધર્મ

શિક્ષણ માણસને ઊગવામાં મદદરૂપ થાય એ ખરૂં; પરંતુ સાથે એ ય સાચું કે કુશિક્ષણ એને ખતમ પણ કરી શકે. એવું ધર્મને માટે પણ કહી શકાય. જ્યોર્દાના બ્રુનો નામના ઈટાલિયનને જીવતો બાળી મુકવામાં આવેલો. તેનો ગુનો માત્ર એટલો જ હતો પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે એ વાતને દ્રઢતાપૂર્વક વળગી રહેલો. કવિ નર્મદાના સમયમાં શિક્ષકો વિદ્યાર્થીઓને કહેતાઃ પૃથ્વી છે તો ચોરસ (સપાટ) પણ ઈન્સ્પેક્ટર સાહેબ પૂછે તો ગોળ છે એમ કહેવાનું. આજથી સવાસો વર્ષ પર આ સ્થિતિ હતી.

ક્યારેક થાય કે કેટલા દયાનંદ સરસ્વતી પાકે તો આદેશમાંથી અંધશ્રદ્ધા ટળે! સમાજમાંથી વહેમ ટાળવા માટે કેટલા દુર્ગારામ મહેતાજી જોઈએ? એક સુધારો એટલે કેટલા નર્મદ? કોષ્ટક આગળ ચલાવીએ તો સંપૂર્ણ ક્રાંતિ માટે કેટલા જયપ્રકાશ જોઈએ? એકાદ વહેમ માંડ જરાતરા નબળો પડે ત્યાં તો કોઈકના હાથમાંથી ઝરતી રાખ ફરી વળે છે અને સુધારો કેટલાય જોજન દૂર હડસેલાઈ જાય છે.

માણસ જેવો માણસ ચંદ્ર પર ચાલી આવ્યો તો ય આ સ્થિતિ હોય તો આજથી પૂરાં સવાસો વર્ષ પર રાંદેરમાં પંદર રૂપિયાની પંતૂજીગીરી કરનાર નર્મદ પર શું નહીં વીત્યું હોય? પૃથ્વી ગોળ છે એ બાબત પણ ત્યારે એક મોટી વિચારક્રાંતિ જેવી જણાઈ હતી.

એ ક્રાંતિની વાર્તા કંઈક આવી છે. સન ૧૮૫૮ ની ત્રીજી જુલાઈને દિવસે સાંજના સાત વાગે અમદાવાદના હિમાભાઈ ઈન્સ્ટિટ્યુટમાં એક વિદ્યાભ્યાસક સભા મળી હતી. સભાપતિ હતા નગરશેઠ પ્રેમાભાઈ. દોઢસો જેટલા માણસોની સભામાં ભોગીલાલ પ્રાણવલ્લભદાસે પૃથ્વી ગોળાકાર છે એ વિષય પર ભાષણ કર્યું. આ ભાષણ ૧૮૫૮ ની સાલના ઓગષ્ટ મહિનાના બુદ્ધિપ્રકાશમાં છપાયું હતું. આ 'બુદ્ધિપ્રકાશ' ના પાનાં ફેરવતી વખતે કાળજી નહીં રાખીએ તો ફાટી જાય એવાં થઈ ગયાં છે. એક પાના પરથી થોડીક વાતો જાણવા મળી. ૧૮૫૭ નો બળવો થયો તેને બીજે જ વર્ષ ઈતિહાસે ન નોંધેલી એક શાંત વિચારક્રાંતિની આ શરૂઆત હતી. એક વાત નોંધવા જેવી છે. આ જ વર્ષમાં સુરત અને ભરૂચ વચ્ચે રેલવે લાઈનનું બાંધકામ શરૂ થયું. 'બુદ્ધિપ્રકાશ'માં રેલવે લાઈન માટે લોઢાની સડક શબ્દ વપરાયેલો એ વાંચીને આજે કેવી રમૂજ ઊપજે! એક વિચાર આવે છે. કવિ દલપતરામ સદેહે પાછા આવે અને ટીવી પર છાયાગીતનો કાર્યક્રમ જુએ તો! વળી ટીવીવાળા એમને રજુ કરે તો એ જામે ખરા!

ગુણવંત શાહ

## ગૌશાળા અને પાંજરાપોળના સંચાલકો પશુઓ સાથે કલેક્ટર કચેરીનો ઘેરાવો કરશે

### સરકારની અપૂરતી સહાયથી સંચાલકોમાં ઉગ્ર આક્રોશ : ડીસામાં સંચાલકોની બેઠક યોજાઈ

ડીસા

બનાસકાંઠા જિલ્લામાં ઘાસચારાની તંગી વચ્ચે રાજ્ય સરકારની અપૂરતી સહાયથી ગૌશાળા અને પાંજરાપોળોમાં પશુઓનો નિભાવ કરવો વિકટ થઈ પડ્યો છે. તેથી ડીસા ખાતે મળેલી સંચાલકોની બેઠકમાં તમામે એક સુરે સરકાર પશુઓના નિભાવ માટે પૂરતી સહાય ન ચુકવે તો પશુઓ સાથે જિલ્લા કલેક્ટર કચેરીનો ઘેરાવો કરવાની ચિમકી ઉચ્ચારી હતી.

સરહદી બનાસકાંઠા જિલલામાં ૨૦૧૫ બાદ ગત ૨૦૧૭ ના વર્ષમાં પણ અતિભારે વરસાદ ખાબક્યો હતો. જેથી ગૌશાળા અને પાંજરાપોળોને વ્યાપક નુક્શાન થવા સાથે ઘાસચારો પણ બગડી જતા મુખ્યત્વે દાન ઉપર નિર્ભર સંસ્થાઓની હાલત કફોડી બની



ભરત સુંદેશા

જવા પામી છે. જિલ્લામાં અંદાજે ૯૦ થી વધુ ગૌશાળા અને પાંજરાપોળમાં ૫૫ હજારથી વધુ અબોલ જીવોનું લાલન - પાલન થાય છે. પરંતુ કુદરતી પ્રકોપ સામે આ સંસ્થાઓના સંચાલકો લાચાર બની ગયા છે તેમ છતાં જીવદયા પ્રેમી હોવાનો દાવો કરતી રાજ્ય સરકાર મામૂલી સહાય ચુકવે છે જેથી અબોલ જીવોનો નિભાવ કરવો મુશ્કેલ થઈ પડ્યો છે. જેને ધ્યાને લઈ ગતરોજ ડીસા ખાતે જીવદયા પ્રેમી ભરતભાઈ કોઠારીના અધ્યક્ષ સ્થાને ગૌશાળા અને પાંજરાપોળના સંચાલકોની બેઠક મળી હતી. જેમાં વ્યાપક ચર્ચા વિચારણાના અંતે રાજ્ય સરકારની અપુરતી સહાયના કારણે હવે પશુઓ બચાવવા મુશ્કેલ થઈ પડ્યા છે. ત્યારે સરકાર સમક્ષ પશુ દીઠ વધુમાં વધુ સહાય ચુકવાય તેવી રજૂઆત કરવાનો નિર્ણય લેવાયો હતો. તેમ છતાં સરકાર ન સાંભળે તો આંદોલન છેડી પશુઓ સાથે જિલ્લા કલેક્ટર કચેરીનો ઘેરાવો કરવાની ચિમકી અપાઈ હતી.

## ભાજપ શાસિત પાલનપુર પાલિકા માથે રૂા.૨૦ કરોડનું દેવું

### પાલનપુર પાલિકાના પાપે પીવાના પાણીનું સંકટ તોળાઈ શકે છે : પાણી પુરવઠાના ૧૬ લાખના હપ્તા સામે ૬ લાખની ચૂકવણી થાય છે

પાલનપુર

સરહદી બનાસકાંઠા જિલ્લાના મુખ્યાલય પાલનપુર શહેર માથે આગામી ઉનાળા માં પીવાના પાણીનું સંકટ તોળાઈ શકે છે. ભાજપ શાસિત પાલનપુર પાલિકા ના પાણી પુરવઠા વિભાગની અણઘડ નીતિઓને કારણે પાલનપુર પાલિકા માથે ૨૦ કરોડ નું દેવું ચડી ગયું છે. પાણી પુરવઠા વિભાગને ૨૦ કરોડ જેટલી માતબર રકમ ચુકવવાની બાકી હોઈ પાણી પુરવઠા બોર્ડ કડક



(સંજય જોષી)

થાય તો પાલનપુરીઓ સામે જળ સંકટનો ખતરો તોળાઈ શકે છે.

પાલનપુર શહેરમા વેરા વસુલાત માં નિષ્ફળ ગયેલી ભાજપ શાસિત પાલિકા માથે રૂા. ૨૦ કરોડ નું દેવું ચડી ગયું છે. પાણી પુરવઠા વિભાગના ધરોઈ જૂથમાથી વર્ષો થી પાલનપુર નગરપાલિકા પાણી લઈ રહી છે. જોકે પાણીના ટેક્ષ પેટે વર્ષ ૧૯૮૦થી પાલિકા પાણી વેરો ભરવા મામલે બેદરકાર છે. જેને કારણે આજે ૨૦ કરોડ જેટલો પાણીનો ટેક્સ ભરવામાં બેદરકાર પાલિકા દેવાના ડુંગર તળે દબાઈ છે. વારંવારની પાણી પુરવઠા વિભાગની નોટિસોને ધોળીને પી જનાર પાલિકાની બેદરકારીને કારણે પાણી પુરવઠા વિભાગ આગામી સમયમા કડક બને તો શહેરીજનો પર પીવાના પાણી નું સંકટ તોળાઈ શકે તેવા અણસાર વર્તાઈ રહ્યા છે.

ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકા મોટી સંસ્થાઓ પાસેથી વેરો વસુલવામાં સરેઆમ નિષ્ફળ ગઈ છે. પાલનપુરની કેટલીયે સંસ્થાઓનો લાખો કરોડોનો વેરો બાકી છે. પરંતુ પાલિકાની ઢીલી નીતિ અથવા મિલીભગતથી વેરો વસુલાતો નથી. અને પાલિકા દિવસેને

અનુસંધાન પાના નં.૬

## ડીસામાં લોકોને છેતરતા કરીયાણા વેપારીને ત્યાં તોલમાપ વિભાગના દરોડા

### પાર્વતી કિરણા સ્ટોરને રૂા.૩૨ હજારનો દંડ ફટકારાયો

ડીસા

ડીસામાં લોકોને ભેળસેળવાળા ખાદ્યપદાર્થો વેચવાની સાથે સાથે ઓછું વજન આપી ઉલટાનું ગ્રાહકને માર મારનાર વેપારીને ત્યાં તોલમાપ વિભાગ દ્વારા રેડ કરાતા વેપારી વજન કરતાં વસ્તુ ઓછી આપતા હોવાનું જણાતા તેને રૂા.૩૨ હજારનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

ડીસાના મુખ્ય બજારમાં વોરા માર્કેટમાં આવેલ પાર્વતી કિરાણા સ્ટોર્સ માંથી પાંચેક દિવસ અગાઉ એક ગામડાના છૂટક વેપારીએ લીધેલા તેલના ડબ્બામાં નિયત વજન કરતા ઓછુ તેલ મળી આવ્યુ હતું જેથી તેઓ આ વેપારીને કહેવા જતા વેપારી પિતા પુત્રોએ ઉલટાનું ગામડાના છૂટક વેપારીને માર માર્યો હતો. જે





ભરત સુંદેશા

મામલે તેઓએ પોલિસ ફરિયાદ નોંધાવી હતી.જ્યારે ગ્રાહક સુરક્ષામા અને તોલમાપ વિભાગને લેખિત રજૂઆત કરી હતી.

જેથી જાગૃત ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા તોલમાપ વિભાગને કરેલી જાણ ના પગલે સોમવારે જિલ્લા તોલમાપ અધિકારી એન. એમ. રાઠોડ, ઈન્સપેક્ટર આઈ.જી. દેસાઈ સહિત ટીમે પાર્વતી કિરાણા સ્ટોરમાં અચાનક રેડ પાડી તપાસ હાથ ધરી હતી. દુકાનમાંથી તેલના સેમ્પલ લેતા નિયમ કરતા ઓછુ તેલ મળી આવ્યું હતું. તેલ ઉપરાંત ચા ના બ્રાન્ડેડ તેમજ લૂઝ પેકિંગની પણ તપાસ હાથ કરવામાં આવી હતી. દુકાનમાંથી નિર્દેશન અનુસાર વસ્તુ ના વેચી ગ્રાહકોને છેતરવામાં આવતા હોવાનું બહાર આવતા તોલમાપ અધિકારીએ દુકાન ધારકને રૂા.૩૨ હજારનો દંડ ફટકાર્યો હતો.

## ડીસા માર્કેટયાર્ડની ચૂંટણી માટે ૭૫ ફોર્મ ભરાયા

### ૧૬ ડિરેક્ટરોની ચૂંટણી માટે પ્રથમ વખત આટલા બધા દાવેદારો

ડીસા

ઉત્તર ગુજરાતની ટોચની સહકારી સંસ્થા ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ડીસા ( ડીસા માર્કેટયાર્ડ) ના સંચાલક મંડળની પ્રતિષ્ઠા ભરી ચૂંટણી માટે અધધધ.. કહી શકાય તે રીતે ૭૫ જેટલા ઉમેદવારી ફોર્મ ભરાતા ડીસાના સહકારી અને રાજકીય ક્ષેત્રે ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે.

ઉત્તર ગુજરાતમાં ઊંઝા માર્કેટયાર્ડ બાદ મોખરાનું સ્થાન ધરાવતી ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (ડીસા માર્કેટયાર્ડ) દ્વારા અગાઉ ડીસા માર્કેટયાર્ડ, લાખણી પેટા બજાર, ભીલડી પેટા બજાર અને ડીસા શાકભાજી સબ માર્કેટયાર્ડનું સંચાલન થતું હતું.



ભરત સુંદેશા

જો કે ત્રણેક વર્ષ અગાઉ ડીસા માર્કેટયાર્ડમાંથી લાખણી માર્કેટયાર્ડનુ વિભાજન થતાં સરકાર દ્વારા નોમિનેટ બોર્ડ દ્વારા વહીવટ ચાલતો હતો.

ત્યારબાદ વિભાજન બાદ હવે પ્રથમ વખત ડીસા માર્કેટ યાર્ડની ચૂંટણી યોજાવા જઈ રહી છે. જે માટેનું જાહેરનામું બહાર પડતા ડીસા માર્કેટયાર્ડમાં ખેડૂત વિભાગની ૮, વેપારી વિભાગની ૪ અને ખરીદ-વેચાણ વિભાગની બે બેઠક મળી કુલ ૧૬ ડિરેક્ટરોની ચૂંટણી માટે ૧૯ માર્ચે ફોર્મ ભરવાની પ્રક્રિયા થતા કુલ ૭૫ ઉમેદવારોએ પોતાની ઉમેદ વારી રજૂ કરી હતી. ૨૦ માર્ચે ફોર્મની ચકાસણી થશે. ૨૩ માર્ચે ફોર્મ પરત ખેંચવાની તારીખ છે અને જો ચૂંટણી યોજવાની થશે તો ૩૦ માર્ચે ચૂંટણી યોજાશે જયારે ૩૧ માર્ચે મત ગણતરી થશે.

ડીસા માર્કેટયાર્ડની ચૂંટણીમાં પ્રથમ વખત આટલા બધાં ઉમેદવારોએ ફોર્મ ભરતા રાજકીય અને સહકારી ક્ષેત્રે ખૂબ જ ચહલપહલ મચી જવા પામી છે.

ખેડૂત વિભાગની ૮ બેઠક માટે કુલ ૨૬૮૩ મતદારો છે. વેપારી વિભાગની ચાર બેઠકો માટે ૧૨૭૬ મતદારો જ્યારે ખરીદ-વેચાણ વિભાગની બે બેઠકો માટે ૯૫ મતદારો મતદાન કરશે.

## સાર સમાચાર...

### પાલનપુરમાં પાણીના ટાંકીમાં પડતા દોઢ વર્ષના બાળકનું મોત

પાલનપુર

પાલનપુર શહેરના ઢૂંઢિયાવાડી વિસ્તારમાં રહેતા દોઢ વર્ષીય બાળકનું પાણીના ટાંકામાં ડૂબી જતાં મોત નિપજ્યું હતું.

પાલનપુર શહેરના ઢૂંઢીયાવાડી વિસ્તારમાં રહેતા ગોપાલભાઈ માલેસલામનો દોઢ વર્ષનો દીકરો ગૌતમ રમતા રમતા પાણીની ખુલ્લી ટાંકીમાં પડી ગયો હતો. જેને તાકીદે સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયો હતો. જ્યાં પાલનપુર સિવિલના ફરજ પરના ડોકટરે બાળકને મૃત જાહેર કર્યો હતો. જેને પગલે માલેસલામ પરિવાર પર આભ તૂટી પડ્યું હતું.

**૧૦-૧૫ વર્ષથી સંતાન નથી ?**
હવે... મુંબઇ-અમદાવાદ જેવી સારવાર ડીસામા...
ઉત્તર ગુજરાતનું પહેલું તથા એક માત્ર...
સીટી જેમ આઇ.વી.એફ. સેન્ટર
+ ટેસ્ટ ટ્યુબ બેબી સેન્ટર +
ડૉ. સંજય ગાંધી આઇ.વી.એફ.સ્પેશ્યાલીસ્ટ
સ્ત્રીને નસ બંધ હોય   પુરૂષને શુક્રાણું ઓછા હોય
આરતી હોસ્પિટલ - ડીસા (બનાસકાંઠા)
ફોન : (૦૨૭૪૪)૨૨૦૪૫૭ મો.૯૮૨૪૦૧૪૫૦૨

**શું તમે નીચેની બિમારીઓથી પરેશાન છો ?**
• માથાનો દુઃખાવો • યાદશક્તી ઓછી થવી
• ખેંચ-વાઇ • હાથપગની ધ્રુજારી
• લકવો-પક્ષાઘાત • નસોની નબળાઇ
• મગજનો ટીબી • હાથપગમાં ઝણઝણાટી
• ચક્કર • સાયેટીકા
• ગરદન અને કમરના મણકાની તકલીફો
ડૉ. વિશાલ જોગી (D.M.Neurology) ન્યુરોફીઝીશીયન
અમદાવાદના મગજ અને ચેતાતંતુના નિષ્ણાંત ડોકટર
દર શુક્રવારે મળશે.
રાજસ્થાન હોસ્પિટલ
ડૉ.કલ્પેશ તલાટીની બાજુમાં, ગાયત્રી લેબોરેટરીની સામે, ગાયત્રી મંદિરની સામે, ડીસા. ફોન : ૦૨૭૪૪-૨૨૫૬૨૦

**સૂર્યોદય - ૬.૪૫ સૂર્યાસ્ત - ૬.૫૦**

## તિથિદર્શન

ચૈત્ર સુદ ૩ મંગળવાર ૨૦૭૪

| | | |
|---|---|---|
| ૧ | ૧૨ સુ.લ.બુ. શુ. | ૧૧ ચં. |
| ૨ | ૩ | ૧૦ કે. |
| | | ૯ મં. શ. |
| ૪ રા. | ૬ | ૮ |
| ૫ | | ૭ ગુ. |

વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ ચૈત્ર સુદ :ત્રીજ મંગળવાર નક્ષત્ર: અશ્વિની રાત્રે ૭.૪૪ પછી ભરણી યોગ :ઐંદ્ર કરણ :વણીજ આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ.લ.ઈ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

**- જયોતીષી બંસીલાલ એચ.લોધા**

## ચિંતન

**- સુરેશ પ્રા.ભટ્ટ**

### કિમકાર ન કાર્યણ્યં કસ્યાલંગિ ન દેહલી અસ્ય પાપોદર સ્યાર્થે કિમનાટિ ન નાટકમ્ ?

આ પાપી પેટને માટે માણસે કઈ કઈ ક્ષુદ્રતા- નીચમાં નીચ અધમ કાર્યો નથી કર્યાં? અને કેવાં કેવાં નાટક- દંભ- છળકપટ કર્યાં નથી?

આ પાપી પેટની જરૂરિયાત તો બે રોટલી ને દાળની જ છે પણ એટલી ભૂખને માટે ભિક્ષુક મજૂરથી વેપારી અને સેવકથી કદી નેતાશ્રીઓ કેવાં કેવાં કૌભાંડનાં પાપ નથી કરતા? પશુઓનું ઘાસ ખાય? ટેલિફોન ખાય, કમિશન તો બધાંમાંથી ખાય! સિમેન્ટ ખાઈ જાય રેતીના પુલ- મકાન બનાવે, અનેક નિર્દોષનો ભોગ ખાય! ઘી- દૂધ- માવામાં ભેળસેળ કરી લોકોની જિંદગી સાથે રમત રમે.

એકમાત્ર નાના પેટ માટે મોટાં- મોટાં કૌભાંડ કરે, એકના બમણાની છેતરપિંડી કરે, નિર્દોષ વૃદ્ધોનાં ખૂન કરી લૂંટ કરે, સગાં- સંબંધી સાથે 'જમીન'ની છેતરપિંડી કરી વેચી નાખે.

પાપી પેટ માટે લોકો કેવાં પાપ નથી કરતાં, ભૂખને કારણે બુદ્ધિ- વિચારશક્તિ કુંઠિત થઈ જાય છે.

અરે સંત- સાધુ- મહાત્માઓ પણ પેટ માટે કેવાં દંભ- નાટક નથી કરતા? સાધુ વેશમાં ટીલાં - ટપ- કાં કરી ભક્તોને 'નવડાવી' નાખે છે.

## આપની આજ

**- કનકચંદ્ર છગનલાલ વ્યાસ**

**મેષ : (અ.લ.ઈ.) ગૃહસ્થ જીવનમાં આનંદ રહે. વણસેલા સંબંધો સુધરે.**
**વૃષભ : (બ.વ.ઉ.)કોર્ટ-કચેરીના કાર્યમાં લાભ થાય. રોકાયેલા નાણા છૂટા થાય.**
**મિથુન : (ક.છ.ઘ.)વ્યર્થ ચિંતા દૂર થાય. આનંદપૂર્ણ દિવસ વિતે.**
**કર્ક : (ડ.હ.) મહત્વના કાર્યમાં સફળતા મેળવી શકો. તકનો લાભ ઉઠાવજો.**
**સિંહ : (મ.ટ.)લાંબા સમયથી અટકી પડેલા કાર્યો પૂર્ણ થાય. મનની મૂંઝવણ દૂર થાય.**
**કન્યા : (પ.ઠ.ણ.)વ્યર્થ ક્રોધથી દૂર રહેવું. આંધળો વિશ્વાસ મૂકીને કામકરવાની વૃતિ ટાળવી.**
**તુલા : (ર.ત.)યશ, માનના ભાગીદાર બનશો. આર્થિક લાભ મળે**
**વૃશ્ચિક : (ન.ય.)સ્વભાવમાં ઉગ્રતા રહે. ધારી સફળતામાં વિલંબ રહે..**
**ધન : (ભ.ફ.ધ.) મનની મૂંઝવણ મનમાં રહે. વ્યર્થ ક્રોધ રહે.**
**મકર : (ખ.જ.)અચાનક પ્રવાસ થાય. મહામહેનતે કાર્યોમાં સફળતા મળે.**
**કુંભ : (ગ.શ.સ.)કાર્યબોજ વિશેષ રહે. શેર-સટ્ટા, લોટરીમાં લાભ મળે.**
**મીન : (દ.ચ.જ.થ.) આર્થિક લાભ રહે. મનની મુરાદ બર આવે.**

## આજનો દિન મહાન

**- યશવંત કડીકર**

વિજ્ઞાનના ક્ષેત્રે અનેક શકવર્તી શોધો કરનાર મહાન વિજ્ઞાની સર આઈઝેક ન્યુટનની પુણ્યતિથિ છે. એમનો જન્મ ઈ.સ. ૧૬૪૨માં લીનકોલશાયર પાસે આવેલા વૂલસ્ટોર્પ ગામે થયો હતો.

ગણિત અને ભૌતિક વિજ્ઞાનના વિષયમાં એમની બરાબરી કરી શકે એવો કોઈ વિજ્ઞાની હજુ પાકયો નથી. સર આઈઝેક ન્યુટને ફકત ગુરૂત્વાકર્ષણની શોધ જ કરી નથી. બીજી પણ ઘણી મહાન શોધો કરી છે. કેલકયુલસ અંગેનો સિદ્ધાંત, બાયનોમિયલ થિયરમની શોધ, ટેલિસ્કોપની રચના, પ્રકારના વક્રીભવનની શોધ વગેરે શોધોએ ન્યુટનને અમર ખ્યાતિ બક્ષી છે. તેમના સંશોધનકાર્યોની કદરરૂપે એમને 'સર'નો ખિતાબ આપી સન્માનવામાં આવ્યા હતા.

આ મહાન વિજ્ઞાનિકનું તા. ૨૦-૩-૧૭૨૭ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**

**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪

મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા

**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,

**પાલનપુર ઓફીસ:-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

ISO 9001 : 2015 CERTIFIED
॥ રોકાણકારોની શ્રદ્ધા અતૂટ.... અમે વિશ્વાસનું પ્રતિક ॥
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

**તા. ૨૦.૦૩.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે....**

**તા. ૧૯.૦૩.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૧૨૨ પોઈન્ટ :-**
**આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૧૮૮ પોઈન્ટના પ્રથમ અને ૧૦૨૦૨ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૧૦૧ પોઈન્ટ થી ૧૦૦૮૮ પોઈન્ટ, ૧૦૦૭૩ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૨૦૨ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા. ૧૯.૦૩.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૪૩૩૯ પોઈન્ટ :-**
**આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૪૨૮૦ પોઈન્ટના પ્રથમ અને ૨૪૨૦૨ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૪૪૦૪ પોઈન્ટ થી ૨૪૪૧૪ પોઈન્ટ, ૨૪૪૪૪ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૪૪૪૪ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક**

લાર્સન લિમિટેડ ( ૧૨૮૫ ) :- કન્સ્ટ્રકશન ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૨૬૦ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૨૪૪ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૨૯૬ થી રૂ.૧૩૦૩નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૩૦૩ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

HCન્ટેકનોલોજી ( ૯૨૬ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૯૧૬ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૯૦૩ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૯૩૭ થી રૂ.૯૪૪ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!

સ્ઝઠ લિમિટેડ ( ૭૭૩ ) :- રૂ.૭૬૦ નો પ્રથમ તેમજ રૂ.૭૪૭ ના બીજા સપોર્ટથી ટેલિકોમ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૭૮૮ થી રૂ.૭૯૩ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!

એક્સિસ બેન્ક ( ૫૨૨ ) :- બેન્ક સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૫૩૬ થી રૂ.૫૪૪ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૫૦૯નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

ટેક મહેન્દ્રા ( ૬૧૧ ) :- રૂ.૦૫ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૬૦૩ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક ટેક્નોલૉજી સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૬૨૪ થી રૂ.૬૩૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!

HDFC લિમિટેડ ( ૧૭૮૨ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાઈનાન્સ સેક્ટર નો આ સ્ટોક રૂ.૧૭૯૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૭૬૬ થી રૂ.૧૭૬૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૮૦૮ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

તાતા કેમિકલ ( ૬૬૮ ) :- રૂ.૬૮૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૬૯૩ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૬૫૩ થી રૂ.૬૪૬ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૬૯૭ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!

ઓરબિંદો ફાર્મા ( ૫૭૪ ) :- ફાર્મા સેકટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૫૮૮ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૫૬૬ થી રૂ.૫૬૦ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!

? તાતા સ્ટીલ ( ૫૭૬ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ સ્ટીલ સેક્ટરનો આ સ્ટોક રૂ.૫૮૯ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૫૬૪ થી રૂ.૫૫૭ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૫૯૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

સન ફાર્મા ( ૪૯૯ ) :- રૂ. ૫૧૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૫૧૭ ના સ્ટોપલોસે વેચવાલાયક ફાર્મા સેકટરનો આ સ્ટોક તબક્કાવાર રૂ.૪૮૯ થી રૂ.૪૮૪ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૫૨૪ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!!
તબક્કાવાર નફો બુક કરે એ શાણો રોકાણકાર...!!!

# થરાદ તાલુકા પંચાયતના પ્રમુખ ઉપપ્રમુખે ચાર્જ લીધા બાદ કર્મચારીઓ સાથે બેઠક યોજી

**તાલુકા તલાટી એસોસિએશન દ્વારા નવા હોદ્દેદારોનું સન્માન કરાયું**

થરાદ

થરાદ તાલુકા પંચાયતની સામાન્યચુંટણીઓમાં કેસરીયો લહેરાતા ૮ સામે ૨૨ મતોની બહુમતીથી તાલુકા પંચાયતના અઢી વર્ષની પ્રથમ સત્રમાટેની સામાન્ય મહિલા બેઠક પર પ્રમુખપદે ઈઢાટા બેઠક પરથી જીતેલા થરાદ તાલુકા ભાજપના પૂર્વ પ્રમુખ ઉમેદસિંહ ચૌહાણના ધર્મપત્ની વચનબાઇ ચૌહાણની પ્રમુખપદે તથા મોરથલ બેઠક પર જીતેલા થરાદ તાલુકા ભારતીય જનતા પાર્ટીના પૂર્વ પ્રમુખ દાંનાજી ધનાજી માળીની ઉપપ્રમુખ પદે વરણી થવા પામી હતી.

જેમણે ગત શનિવારે થરાદ તાલુકા પંચાયતનો ચાર્જ ગ્રહણ કર્યો હતો. ત્યારબાદ થરાદ તાલુકા પંચાયતના અધિકારી તથા કર્મચારીઓ સાથે બેઠક પણ યોજી હતી. જેમાં તેમણે તાલુકાના તમામ પ્રકારના કામ માટે તત્પર રહેવાની તથા તાલુકા પંચાયતમાં કામ લઈને આવતો કોઈપણ અરજદાર સંતોષ પામીને જાય તે પ્રકારની ઉમદા કામગીરી કરવાની તાકીદ કરી હતી. આ પ્રસંગે ઉપસ્થિત થરાદ તાલુકા તલાટી મંડળ (એસોસિએશન) ના કર્મચારીઓએ પ્રમુખ-ઉપપ્રમુખનું સાલ ઓઢાડી સન્માન પણ કર્યું હતું

# રાજપુર મદની હોસ્પિટલમાં સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

**૩૦૦ દર્દીઓએ દવાનો લાભ લીધો**



જમીલમેમણ

પ્રતિ. રાજપુર

ડીસા રાજપુરની મદની હોસ્પિટલમાં સર્વરોગ નિદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો જેનાં ૩૦૦ થી વધુ દર્દીઓએ કેમ્પનો લાભ લીધો હતો આ પ્રસંગે ડૉ.મકસુદા નાગોરી, ડૉ. આર.ડી.નાગોરી, ડૉ.અઝરૂદીન તથા ડૉ. અબદુલ્લાહ (ગોધરાવાળા) એ ૩૦૦ થી વધુ દર્દીઓનું નિદાન કર્યું હતું જ્યારે મદની હોસ્પિટલ તરફથી દવા લેબોરેટરી તથા મફત નિદાન કરવામાં આવ્યું હતું. આ કેમ્પને સફળ બનાવવા ડૉ.સલીમ શેખ ઉપપ્રમુખ તથા હાજી ગનીભાઈ ઠેકેદાર તથા મદની હોસ્પિટલના સ્ટાફે ખડે પગે સેવા આપી કેમ્પને સફળ બનાવ્યો હતો.

# ઝુલેલાલ મંદિરની પાણીની પરબે કોલ્ડ્રીક્સનું વિતરણ



વિનોદ બાડીવાલા

હિન્દુઓનું નવુ વર્ષ ચૈત્ર સુદ ૧થી શરૂ થતાં ગુડી પડવો તરીકે ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે સિન્ધી ભાઈ-બહેનોએ ચેટીચંડ મહોત્સવની શાનદાર રીતે ઉજવણી કરી હતી. ચેટીચંડ પ્રસંગે ડીસાના ગાંધીબાપુ પ્રતિમા પાસે આવેલ શ્રી ઝુલેલાલ મંદિરે પાણીની પરબ ઉપર ડીસાના જાણીતા વેપારી સેવકરામ આસ્નાની પરિવાર દ્વારા હિન્દુ નવા વર્ષ તેમજ ચેટીચંડ પર્વ મહોત્સવ પ્રસંગે પ્રકાશભાઈ આસ્નાની તેમજ મનુભાઈ આસ્નાની દ્વારા લોકોને ઠંડા કોલ્ડ્રીક્સનું વિતરણ કરવામાં આવેલ.

## કચ્છ સરહદે પાકિસ્તાનની ભેદી હિલચાલ : સર્તકતા વધારાઈ

ભૂજ

કાશ્મીર સરહદે સેનાની સતત સતર્કતાને કારણે આતંકવાદીઓને ઘુસાડવાની ચાલમાં પાકિસ્તાન સફળ થઈ રહ્યુ નથી ત્યારે તેણે કચ્છ સરહદ પર પોતાનો ડોળો સ્થિર કર્યો છે. કચ્છ સરહદેથી ઘુસણખોરીની સાથે સરહદને પેલે પાર ચીનની મદદથી લશ્કરી હિલચાલ વધારી દેતા 'ભારતે પણ સતર્કતા વધારીદેવાની સાથે બી.એસ. એફ.નું પેટ્રોલીગ સઘન બનાવી દીધું છે.

# ડીસા રૂરલ પો.સ્ટે વિસ્તારના વિઠોદર ગામની સીમમાંથી વિદેશી દારૂ પકડાયો

**દારૂ ભરેલી ફોર્ડ ફિયસ્ટા ગાડી પકડી પાડતી એલ.સી.બી પાલનપુર**

ડીસા

બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી નીરજ કુમાર બડગુજર સાહેબે જિલ્લામાં દારૂ જુગારની પ્રવુતિ નેસ્ત નાબૂદ થાય તે અંગે કડક અમલવારી કરવા સૂચના કરતા આજરોજ શ્રી જે.એચ.સિંધવ, "/ઞ પોલીસ ઈન્સ્પેકટરના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇ એમ.આર.મોહનીઆ તથા એલસીબી સ્ટાફના ર ઘ ુ વ ી ર િ સ હ , ફરાજેશકુમાર,ભરતજી,મિલન ભાઈની ટીમ પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ડીસા રૂરલ પો.સ્ટે. વિસ્તારમાં આવતાં બાતમી હકીકત આધારે વિઠોદર થી જાવલ જતા રોડ ઉપર આવેલ હનુમાનજીના મંદીર પાસે નાકાબંધી કરી ફોર્ડ ફીયસ્ટા નં GJ 01-HK-3681 ગાડી પકડી પાડતા તેની ગાડીની ડીકીમાં જોતા વિદેશી દારૂ પેટી નંગ-૧૨ બોટલ નંગ-૩૩૬ કી.રૂ ૩૩,૬૦૦/-નો તથા ગાડીની કિ.રૂ.૨,૦૦, ૦૦૦ /- એમ કુલ કિ.રૂ ૨,૩૩,૬૦૦/- નો મુદામાલ રાખી તેમજ ગાડીનો ચાલક પોલીસ નાકાબંધી જોઈ નાસી જઈ સદરે વિરુદ્ધ માં ડીસા રૂરલ પો.સ્ટે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

# રાણપુર પ્રા.શાળામાં સી.આર.સી કક્ષાની શિક્ષક તાલીમ યોજાઈ



ડીસા

રાણપુર પ્રાથમિક શાળામાં શનિવારે સી.આર.સી કક્ષાની એક દિવસની શિક્ષક તાલીમ યોજાઈ હતી આ તાલીમમાં રાણપુર સી.આર.સી ના ૭૪ શિક્ષકોએ હાજરી આપી હતી.ગણિત સરળ રીતે શીખવાની મૌખિક પધ્ધતિઓ અને પ્રયુક્તિઓ તેમજ અગામી ગુણોત્સવ સંદર્ભે વિશેષ તાલીમ અપાઈ હતી તાલીમનું આયોજન સંચાલન સી.આર. સી કો.ઓ. હર્ષદકુમાર એસ.ત્રિવેદી અને કલ્પેશકુમાર ત્રિવેદી અને શાળા પરિવાર તરફથી કરવામાં આવ્યું હતું. છેલ્લે રાષ્ટ્રગીત ગઈ તાલીમ પૂર્ણ કરાઈ હતી.

# દીઓદર ખાતે પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો



તાલુકા પ્રતિનિધી દીઓદર

દીઓદર ખાતે આવેલ બાણેશ્વરી માતા તેમજ સધી માતા અને ગોગા મહારાજ સિકોતર માતાજીના ફોટા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાઈ ગયો.તા.૧૮ના રોજ માતાજીના મંદિર ખાતેથી ભવ્ય શોભાયાત્રા નીકળી હતી.જે દીઓદર નગરમાં ફરી હતી.જેમાં બહોળી સંખ્યામાં ભાવિકો ઉમટી પડ્યા હતા. રાત્રે ડાયરો યોજાયેલ. ષ્આ પ્રસંગે અનેક સંતો, મહંતો, રાજકીય મહાનુભાવો તથા સમાજના આગેવાનો, ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

# થરાદમાં ચામુંડા માતાજીના પાટોત્સવ પ્રસંગે શોભાયાત્રા



વિષ્ણું દવે

થરાદ

થરાદમાં શ્રીસુંધલસેવા ટ્રસ્ટના આધસ્થાપક પ્રવિણભાઇ ત્રિવેદી દ્વારા ચામુંડામાતાજીના બારમા પાટોત્સવની ચૈત્ર સુદ એકમ બીજના રોજ રંગેચંગે ઊજવણી કરવામાં આવી હતી.જેમાં રવિવારની રાત્રે નિતીન એન્ડ પ્રકાશબારોટ, આશા રાવલ પાર્ટી દ્વારા માતાજીના રાસગરબાની રમઝટ મચાવવામાં આવી હતી.જ્યારે સોમવારની વહેલી સવારે શહેરના રાજમાર્ગો પર કલાત્મક રંગોળીઓ, અબિલ ગુલાલની છોળો તથા લાઇવ ડીજેના તાલ અને માતાજીના જયઘોષ અને ગરબા સાથે ભવ્ય શોભાયાત્રા યોજાઇ હતી. જેમાં દુબઇ,મુંબઇ, ઈન્દોર (એમ. પી) સણધરી, નવસર (રાજસ્થાન), વડગામ, માલગઢના બહોળી સંખ્યામાં માઇભક્તો જોડાયા હતા. પ્રવિણભાઇ ત્રિવેદી દ્વારા આતિથ્ય પરંપરાના ભાગરુપે થરાદ વાવ દિયોદર ૪૨ ગામ શ્રીમાળી બ્રાહ્મણ સમાજ જ્ઞાતિ બંધુઓના સ્નેહ મિલનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં સમાજ ઊપરાંત બહોળી સંખ્યામાં ઊપસ્થિત માઇભક્તોએ માતાજીનો પ્રસાદ ગ્રહણ કરી ધન્યતાનો અનુભવ કર્યો હતો. આ પ્રસંગે મહેશ ભગત (બટુકમોરારી), બાલકૃષ્ણ શાસ્ત્રી (અમદાવાદ), ડૉ બિપીનભાઇ ત્રીવેદી (સુઇગામ), લાખણી તાલુકા પંચાયત પ્રમુખ મહેશ દવે, વાવ તાલુકા પંચાયત પ્રમુખ કાંનજીભાઇ રાજપુત, નગર પાલિકાના ઉપપ્રમુખ ચોથાભાઇ રબારી તથા સદસ્ય દિપકઓઝા સહિત બહોળી સંખ્યામાં બ્હ્મસમાજ અને અન્ય સમાજોના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.સોમવારે માતાજીના નિજધામમાં યજ્ઞ,ધર્મસભા બહુમાન જેવા કાર્યક્રમો પણ યોજાયા હતા.

# રાજપુર મેમણ જમાતની જનરલ મીટીંગ યોજાઈ



જમીલ મેમણ

પ્રતિનિધિ રાજપુર

રાજપુર મેમણ જમાતની જનરલ મીટીંગ યોજાઈ હતી. જેમાં થરાદી મેમણ કાઉન્સીલના નવા વરાયેલ પ્રમુખ આબિદભાઈ (કલોલ) નું રાજપુર મેમણ જમાતના પ્રમુખ ફકીરમહંમદભાઈ તથા સેક્રેટરી ઈદરીશભાઈ માસ્ટર દ્વારા ફુલહાર તથા સાલથી સન્માન કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે ડીસા મેમણ જમાત, જુનાડીસા મેમણ જમાત તથા સામાજીક કાર્યકર ગેનીભાઈ ઠેકેદાર તથા પુર્વ કોર્પોરેટર તારીક સોલંકી તથા વદાણી ગામના અગ્રણીઓ તથા ડીસા, રાજપુર મેમણ જમાતના અગ્રણીઓએ પણ આબિદ ભાઈનું સન્માન કર્યું હતું. જ્યારે વલીભાઈ મેમણ દ્વારા મોમેન્ટો આપી પાંચનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઈરફાનભાઈ માસ્ટર (પાલનપુર), બશીરભાઈ વકીલ(મહેસાણા), ગફ્ફારભાઈ (મહેસાણા), જાનમહંમદભાઈ પીપરાણી (ડીસા), હનીફભાઈ (ડીસા), મહંમદભાઈ (જુનાડીસા), તોસિફભાઈ (રોયલ) સહિત હાજર રહ્યા હતા. ઈરફાનભાઈ માસ્ટર તથા બશીરભાઈ વકીલે થરાદી મેમન કાઉન્સીલની કામગીરીની વાત કરી દરેક જમાતે સક્રિય થઈ કામ કરવા હાકલ કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા કાદરભાઈ, ઈલ્યાસભાઈ, ઈકબાલભાઈ, દિલાવરભાઈ, સફીભાઈ માસ્ટર તથા રાજપુર મેમણ જમાતે ભારે જહેમત ઉઠાવી હતી. જ્યારે કાર્યક્રમનું સફળ સંચાલન ફારૂકભાઈ માસ્ટરે કર્યું હતું.

# વડગામ તા.પં.માં મહેકમના બદલે મનસ્વી નિમણૂંકો

તા.પ્રતિ. વડગામ

વડગામ તાલુકા પંચાયતમાં જિલ્લા વિકાસ અધીકારીના હુકમ વગર બિન અધિકૃત ઈસમો દ્વારા સરકારી કર્મચારીઓના અંડરમાં ફરજ બજાવતા સ્ટાફની જોહુકમી વધતાં તાલુકાની ગરીબ જનતાના કામો એજન્ટો અથવા વચેટીયાઓ દ્વારા થઈ રહ્યાં છે વળી જમીન અને ઈ.એમ.ટી. જેવી મહત્વની શાખાઓમાં બોર ઓપરેટરોમાંથી આવેલ વર્ક ચાર્જ કારકુનો પાસે છેલ્લા પંદર વર્ષથી ચાર્જ હોઈ લોકોના કામો અટવાયા છે. જિલ્લા વીકાસ અધિકારીએ વડગામ તાલુકા પંચાયતના મેહકમની તટસ્થ તપાસ કરાવી જિલ્લા પંચાયતના માન્ય સ્ટાફની નિમણૂંક કરી મહત્વના ટેબલોનો ચાર્જ આપવો જોઈએ તેવુ તાલુકાની પ્રજા ઈચ્છી રહી છે.

# નવા સ્થળે ઈન્ડિયન સિરેમિક્સ અને સિરેમિક્સ એશિયા ૨૦૧૮નું આયોજન થયું : એશિયામાં સિરેમિક્સનું સૌથી મહત્ત્વપૂર્ણ સંમેલન ભવ્યતાથી સંપન્ન

સિરેમિક્સ અને બ્રિક ઈન્ડસ્ટ્રીના અગ્રણી ટ્રેડ ફેર ઈન્ડિયન સિરેમિક્સ એન્ડ સિરેમિક્સ એશિયાનું આયોજન ગાંધીનગર, ગુજરાત ખાતે નવા સ્થળે ૭થી ૯ માર્ચ, ૨૦૧૮ના રોજ યોજાયું હતું જ્યાં ૧૮ દેશોનાં ૩૦૦ એક્ઝિબિટર્સે સિરેમિક્સ મશીનરી, રો મટિરિયલ્સ અને એન્સિલરી ઈક્વિપમેન્ટ્સ સહિતના પ્રોડક્ટ ઈનોવેશન્સ ૮૧૬૪ મુલાકાતીઓ સમક્ષ પ્રદર્શિત કર્યા હતા. ઈન્ડિયન સિરેમિક્સ એન્ડ સિરેમિક્સ એશિયાની અગાઉની એડિશનની તુલનામાં આ વખતે સમગ્ર એક્ઝિબિશન સ્પેસમાં ૩૫ ટકાનો અને મુલાકાતીઓની સંખ્યામાં ૧૫ ટકાનો વધારો નોંધાયો હતો. આ એક્ઝિબિશન ભારતમાં સિરેમિક્સ અને બ્રિક્સ સેક્ટર માટે સૌથી મહત્ત્વપૂર્ણ ટ્રેડ ફેર ગણાય છે.મેસે મુનચેન ઈન્ડિયાના સીઈઓ ભુપિન્દર સિંઘ તથા યુનિફેર એક્ઝિબિશન સર્વિસના જનરલ મેનેજર કેન વોંગના પ્રમાણે, 'ઈન્ડિયન માર્કેટ ઘણુ જ પ્રોમિસિંગ છે અને છેલ્લા એક દાયકામાં નોંધપાત્ર રીતે વધી રહ્યું છે. અમારા ટ્રેડ ફેર્સથી ઈન્ડસ્ટ્રીના મૂડમાં પણ પરિવર્તન આવ્યું છે.'ટ્રેડ ફેર વેલ-એટેન્ડેડ રહ્યો અને વિવિધ સેક્ટર્સમાંથી ખરીદકારોને આકર્ષણ પુરું પાડ્યું હતું જેના કારણે સામેલ થયેલા એક્ઝિબિટર્સે પણ સંતોષ અનુભવ્યો હતો. એચએન્ડઆર જહોનસન (એન્ડુરા)ના સેલ્સ અને માર્કેટીંગના સિનિયર જનરલ મેનેજર વિનાયક એમ. તામ્બવેકરે કહ્યું હતું, 'છેલ્લા પાંચ-છ વર્ષથી અમે ઈન્ડિયા સિરેમિક્સમાં અમારૂ સ્ટેન્ડ મૂકી રહ્યા છીએ અને અમે નિયમિત રીતે તે આયોજન કરીએ છીએ અને જે રીતે વ્યવસ્થા હોય છે તેનાથી અમે આનંદિત છીએ. આ ઈવેન્ટમાં તમામ હિતધારકોને સામેલ કરવાની જે વ્યવસ્થા છે જેમકે ગ્રાહકો, ઉત્પાદકો, ખરીદકારો, વેન્ડર્સ એમ તમામ સામેલ થઈ શકે છે અને તેઓને તેમના વિચારો અને જ્ઞાનની આપલે કરવા માટે ખુલ્લો મંચ પ્રાપ્ત થાય છે. આ અમારા માટે ખરેખર સારૂ પ્લેટફોર્મ છે જેમાં અમે અમારી તમામ પ્રોડક્ટ્સ દર્શાવી શકીએ છીએ.'

ચીનના એક મહત્ત્વના એક્ઝિબિટર ગુઆંગડોંગ એડીંગ ઈન્ડસ્ટ્રીઅલ કું. લિ.ના મેનેજિંગ પાર્ટનર જસ્ટીન ઝોઉએ કહ્યું હતું, 'ઈન્ડિયન સિરેમિક્સ એન્ડ સિરેમિક્સ એશિયામાં ફરી સામેલ થવા માટે અમે આનંદિત છીએ. અમે ખરેખર અમારા ક્લાયન્ટ્સની પ્રશંસા કરીએ છીએ કે જેઓએ અમને છેલ્લા અનેક વર્ષોથી સહયોગ આપ્યો છે. અમે ઈન્ડિયન સિરેમિક માર્કેટને મદદરૂપ થાય એવા અનેક નવા મશીનો રજૂ કર્યા છે.'

અગ્રણી સિરેમિક્સ શોની આગામી એડીશન પણ નવા સંયુક્ત નામ ઈન્ડિયન સિરેમિક્સ એશિયા સાથે ૨૦૧૯થી યથાવત્ રહેશે અને તેનું આયોજન ગાંધીનગર ખાતે એક્ઝિબિશન સેન્ટરમાં ૨૭ ફેબ્રુઆરીથી ૧ માર્ચ, ૨૦૧૯ દરમિયાન યોજાશે.

# તંત્રી સ્થાનેથી ...

**સત્યપ્રતિજ્ઞા શ્રેષ્ઠ વ્યક્તિને કટુ વચન અસર કરી શકતા નથી.**

## બેન્કોની કથળતી સ્થિતિ અંગે સરકારે ગંભીર બનવું જરૂરી

વર્તમાન સંજોગોમાં મુડીવાદી આખલાઓ બેંકોનું કરોડોનું કરી ગયા અને વિદેશ ભાગી ગયા. છતાં સરકાર દ્વારા યુધ્ધના ધોરણે કોઈ પણ જાતની કાર્યવાહી થઈ શકી નથી. નિરવ મોદી અને આલ્યા જેવા હજુ આ દેશમાં કેટલા છુપા રૂસ્તમો હશે તેની સરકાર દ્વારા તપાસ થવી જોઈએ, બેન્કોના કૌભાંડોની વચ્ચે બેન્કિંગ ધારામાં ચિત્ર-વિચિત્ર ખાસ કરીને રોકાણકારોના હિતો જોખમાય તેવા ફેરફાર કોના ઈશારાથી થતો હશે?

હકીકતમાં આ દેશમાં બેન્કોની કાર્યપધ્ધતિ એટલી નબળી પડી ગઈ છે કે તેને સુધારવા માટે વર્ષો લાગી જાય તેમ છે. બેન્કોમાંથી કરોડોનું ધિરાણ લેવું અને ચુકવવાના દિવસો આવે એટલે અદ્રશ્ય થઈ જવું, એ ક્યાંનો ન્યાય? કાયદા દ્વારા થતી સજાનો ડર અદ્રશ્ય થઈ ગયો છે. આવા અનેક પ્રશ્નો હાલમાં સામાન્ય નાગરિકોમાં ચર્ચાસ્પદ બન્યા છે.

દેશમાં નાના રોકાણકારોને બેંક લોન લેવા માટે લોઢાના ચણા ચાવવા પડતા હોય છે. ત્યારે કૌભાંડો આચરનારા લોકોને બેંક અધિકારી સામેથી બોલાવીને કરોડોની ફાળવણી કરે છે. ત્યારે સામાન્ય- નાના રોકાણકારો મહિનાઓ સુધી લાઈનમાં ઉભા રહીં... નાણાં મળશે કે નહિં તેની ચિંતામાં જ અડધા વૃધ્ધ થઈ જતા હોય છે. આ બાબત અતિ ગંભીર માની શકાય તેવી હોવા છતાં હજુ કોઈ ચોક્કસ કાયદો ઘડાશે કે નહિં તે સવાલ સામાન્ય લોકોમાં ચર્ચાસ્પદ બન્યો છે. આજે દેશમાં જે રીતે બેન્કોના કૌભાંડ ખુલી રહ્યા છે. ત્યારે પડેલો પ્રશ્ન બેન્કોની વિશ્વનીયતાનો છે.

જો આંખો મીચીને ધિરાણ કરવામાં આવે તો ખરેખર દેશમાં બેંકોને તાળા લાગી જશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી. ત્યારે બેન્કોએ કાર્યક્ષમતા અને વિશ્વનિયતા માટે 'જાગ્યા ત્યારથી સવાર'' સમજીને વિચારીને ધિરાણ કરવું જોઈએ, આપણા દેશમાં અંદાજિત ૧૦૦ લાખ કરોડના ધિરાણ સામે પશ્ચિમ વિભાગની એજન્સીઓના અંદાજે ૧૦ થી ૧૧ લાખ કરોડની સામે રકમ શંકાસ્પદ લ્હેણાંની કક્ષામાં આવે છે.

આપણા દેશના અર્થતંત્રમાં સ્વાભાવિક રીતે બેંકોની મુખ્ય ભૂમિકા છે. સામાન્ય લોકો માટે સરકારી બેન્ક કે પોસ્ટ ઓફિસમાં સંપૂર્ણ સલામતી રહેતી હોય છે. નાણાં ડૂબવાનો પ્રશ્ન રહેતો નથી.

બેંક ડિફોલ્ટર એવા વિજય માલ્યા, નિરવ મોદી, કેતન પારેખ અને મેહુલ ચોકસી જેવા ઘણા મોટા દેવાદારોએ જે રીતે બેન્કોમાંથી રકમો મેળવી અને કોઈ નાંધપાત્ર સજા વિના વૈભવી જીવન ગુજારે છે ત્યારે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે આવું કેવી રીતે થઈ શકતું હશે? આવા લોકોને કાયદાનો તદ્દન ડર જ લાગતો નહિં હોય? આવા લોકો પર કોના આશિર્વાદ હશે? શું કાયદાના હાથ ટુંકા પડતા હશે.

કેન્દ્રીય કેબીનેટે રૂા.૧૦૦ કરોડથી વધારેના ડિફોલ્ટરોની તમામ સંપત્તિ કબજે લેવાનું નક્કી કર્યું છે, આ પગલું દિશાસૂચક અને સમયસરનું કહી શકાય. એક બાજુ બેન્કોની વિશ્વસનિયતા ઘટી રહી છે અને બીજી બાજુ સરકાર બેન્કોમાં રહેલી ફીક્સ ડિપોઝીટ પરત ચુકવવામાં નિષ્ફળ જાય તો બેન્ક મનગમતા બોન્ડ આપી શકે તેવી જોગવાઈઓ કરે તો તે ખતરનાક માની શકાય.

દેશના નાગરિકોની મુડી બેન્કોમાં સલામત રહે તે બાબતે બેન્કોએ પોતાની વિશ્વસનીયતા જાહેર કરવી જોઈએ. બેન્કોએ હવે લોભિયા ગ્રાહકો ઓળખવાની જરૂર જણાય છે. બેન્કો ફરી ભરોસાપાત્ર બને એન ગેરરીતિઓને ડામવા માટે સક્રિય બને તો જ દેશનું ભવિષ્ય ઉજળું બની શકશે!

## સાચું સુખ કયાં છે ?

દુનિયાનનો દરેક માણસ સુખ મેળવવા માટે સતત ધમપછાડા કરતા હોય છે. પણ સાચુ સુખ ક્યાં છે તે તેના સમજમાં નથી હોતુ માટે સુખ મળતુ નથી. લોકો પૈસા, પરિવાર, સમાજ અને સાધન હોય તો સુખ મળે છે એમ માને છે જ્યારે જ્ઞાની પુરુષો કહે છે સુખ સંતોષ, શાંતિમાં રહેલુ છે. સુવિધા માટે પાપ કરવા આપણે તૈયાર છીએ પણ એ સુવિધા માટે કરવામાં આવતા પાપથી આવતુ દુઃખ ભોગવવા તૈયાર છીએ ખરા ? જીવનમાં માત્ર ધર્મજ સાથે આવવાનો છે. એટલુ જેના કાળ જે કોતરાઇ જાય તેની જીવન દિશા બદલાય વિના નહી રહે.

**હેમંત તન્ના**

<u>આત્મચિંતન</u>

## સ્વાધ્યાય શું છે ? સ્વાધ્યાયનું મહત્વ

સત્સાહિત્યના અધ્યયન-મનન-ચિંતનને સ્વાધ્યાય કહે છે. આપણા વિચારોમાં, વ્યવહારમાં, સ્વભાવમાં ક્યા ક્યા દોષ છે ? ક્યા ક્યા ગુણો છે ?-તે નિષ્પક્ષ દ્રષ્ટિથી દેખવાનું નામ પણ સ્વાધ્યાય છે. જે આત્મઉન્નતિ કરવાની સાચી આકાંક્ષા રાખે છે, તેઓ નિયમિત સ્વાધ્યાય કરે છે. સ્વાધ્યાયથી પોતાના મનને ઉત્તમ વિચારોમાં લઈ જવાની ભાવના પ્રકટે છે. પોતાના મનને એક જ કાર્ય-સ્વાધ્યાયમાં ટકાવી રાખવાથી એકાગ્રતાનો અભ્યાસ થાય છે, જેથી જપ અને ધ્યાનમાં પણ જલ્દીથી પ્રગતિ થાય છે. સત્સાહિત્યનું વાંચન ધીમે ધીમે કરવું જોઈએ અને સમજવું જોઈએ. જે ટોપીક સમજમાં ન આવે તેને વારંવાર વાંચવો જોઈએ. ત્યારે જ તો આપણે તેનો ઉપયોગ કરી શકીશું. અને અધ્યયન છે. શ્રદ્ધાપૂર્વક થોડું વાંચવુ અને વાંચેલા ઉપર વિચાર વધારે કરવો જોઈએ, આવું કરવાથી વાંચેલું સાર્થક થઈ જશે જેને મનન કહેવામાં આવે છે. મનન કર્યા પછી જે વસ્તુ વધારે સારી લાગી હોય તેને જીવનમાં ઉતારવાનું પાકુ મન બનાવી લેવું અને તને ક્યારે અને કેવી રીતે ઉપયોગમાં લાવવું જોઈએ તેની યોજના બનાવી જોઈએ, જેને ચિંતન કહેવામાં આવે છે.નવરાત્રિ અનુષ્ઠાનમાં સ્વાધ્યાય એક જરૂરી આવશ્યકતા છે. સ્વાધ્યાય સાથે સંયમ પણ સાધક સ્તરની વ્યક્તિ માટે જરૂરી છે, જે આવતીકાલે જોઈશું.

**- ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# ૨૦૧૯માં ભાજપ માટે અત્યંત કપરાં ચઢાણ

**પૂર્વોત્તર રાજ્યોમાં ઉત્સાહજનક પરિણામો પછી યુપી, બિહારની પેટાચૂંટણીઓએ મોદી-શાહને આકરી ચીમકી આપી દીધી છે...**

**નબળી કોંગ્રેસ ભાજપનું સૌથી સબળું પાસું છે પરંતુ, મતદારોનો મિજાજ પલટાતાં વાર નથી લાગતી...**

**રાજકારણના રંગ**
**મહેશ દોશી**

ડિસેમ્બર ૨૦૧૭માં ગુજરાતમાં ભાજપને દોઢસોની અપેક્ષાએ માત્ર ૯૯ બેઠકોથી સંતોષ માનવો પડ્યો હતો. એ પછી રાજસ્થાન તેમજ મધ્યપ્રદેશની પેટાચૂંટણીઓમાં પક્ષના રકાસથી ભાજપ અને તેના મોવડીઓ ભારે આંચકો ખાઈ ગયા હતા. પરંતુ, દેશના પૂર્વોત્તર – ઈશાન રાજ્યોની વિધાનસભા ચૂંટણીના પરિણામોએ ભાજપ અને સાથી પક્ષોને નવું જોમ પૂરું પાડ્યું હતું. હવે યુપી, બિહારની પેટાચૂંટણીઓના તાજેતરના પરિણામોએ ફરી એકવાર ભાજપ નેતાગીરીને ચિંતામાં મૂકી દીધી છે. એકતરફ ભાજપ માટે મતદારોનો ઉત્સાહ ઓસરતો જતો હોય એવું દેખાય છે તો બીજીતરફ, ભાજપના સાથી પક્ષો સાથ છોડી રહ્યા છે. આ સંજોગોમાં ૨૦૧૯ની લોકસભા ચૂંટણીઓ ભાજપ માટે અગ્નિ-પરીક્ષા સમાન પુરવાર થવાની છે.

**દમદાર પ્રશ્નઃ** હવે ભાજપની નજર કર્ણાટક પર છે અને ત્યાં પ્રચંડ બહુમતી સાથે ચૂંટાઈ આવવાનો આત્મવિશ્વાસ પક્ષના રાષ્ટ્રીય પ્રમુખ શ્રી અમિત શાહે એકથી વધુ વખત વ્યક્ત કર્યો છે. ભાજપનું 'કોંગ્રેસમુક્ત ભારત'નું સ્વપ્ન પૂરું થવામાં હવે મુઠ્ઠીભર રાજ્યો જ બાકી હોવાનું દેખાય છે તેમ છતાં, લોકસભાની આગામી ચૂંટણીઓમાં ભાજપ ફરી અગાઉ જેવી સફળતા મેળવશે કે કેમ તેવો દમદાર પ્રશ્ન દેશના સામાન્ય પ્રજાજનથી માંડી મોટા ગજાના નેતાઓ સુધી સહુકોઈના મનમાં રમી રહ્યો છે.

**'પ્રિલિમ' પર સૌની મીટઃ** ૨૦૧૯ની લોકસભા ચૂંટણીઓ પૂર્વે ભાજપે આઠ કોઠા ભેદવાના હતા તેમાંથી હજુ પૂર્વોત્તરના ત્રિપુરા, નાગાલેન્ડ અને મેઘાલય એમ ત્રણ ભેદાયા છે અને કર્ણાટક, રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ તેમજ મિઝોરમ એ પાંચ બાકી છે. લોકસભાની સામાન્ય ચૂંટણીઓ પહેલાં ભાજપે આ રાજ્યોની વિધાનસભા ચૂંટણીઓ લડવાની છે ત્યારે 'ફાઈનલ' પૂર્વે 'પ્રિલિમ' પરીક્ષાઓમાં ભાજપનો દેખાવ કેવો રહે છે તેની ઉપર પણ સૌની દ્રષ્ટિ મંડાયેલી છે.

**સત્તાવિરોધી માનસિકતાઃ** આજે દેશના ૨૯માંથી ૨૧ રાજ્યોમાં ભાજપ અને સાથી પક્ષોની સરકાર છે. પરંતુ, ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં 'એન્ટી-ઈન્કમબન્સી ફેક્ટર' – સત્તાવિરોધી માનસિકતા જોર પકડી રહી છે. કોઈ ચમત્કાર સર્જાય તો જુદી વાત છે અન્યથા, લોકસભાની ચૂંટણીઓમાં ભાજપે આ રાજ્યોમાં મોટું નુકસાન વેઠવું પડે એવી સ્થિતિ આજની તારીખે છે.

**ભાવિનું વિહંગાવલોકનઃ** કેટલાંક રાજકીય નિરીક્ષકો લોકસભા ચૂંટણીઓના સંદર્ભમાં ભાજપના ભાવિનું વિહંગાવલોકન દેશના ચાર વિભાગ પાડીને કરે છે. પ્રથમ વિભાગમાં ૧૨ રાજ્યો આવે છે. છત્તીસગઢ, ગોવા, ગુજરાત, હરિયાણા, હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, પંજાબ, રાજસ્થાન, ઉત્તરાખંડ અને ઉત્તર પ્રદેશની કુલ મળીને ૨૫૯ બેઠકો છે તેમાંથી ૨૦૧૪માં ભાજપે ૨૦૫ બેઠકો જીતી હતી. મતદારોની સત્તાવિરોધી માનસિકતા, કોંગ્રેસ માટે ફરી જાગી રહેલી સહાનુભૂતિ અને ભાજપ સરકારોની કેટલીક નબળાઈઓને કારણે આજે અહીં માત્ર ૧૫૦ બેઠકો મળવાની શક્યતા છે.

**દક્ષિણમાં બહુ આશા નથીઃ** બીજા વિભાગમાં, દક્ષિણના પાંચ રાજ્યો – કર્ણાટક, આંધ્ર પ્રદેશ, તેલંગણા, કેરળ અને તામિલ નાડુ આવે છે. ૨૦૧૪માં અહીંની ૧૨૯માંથી ભાજપને માત્ર ૨૧ બેઠકો મળી હતી અને તે ૨૧માંથી ૧૭ બેઠકો એકલા કર્ણાટકે આપી હતી. ૨૦૧૯માં દક્ષિણમાં ભાજપની સ્થિતિ બહુ વધારે સુધરે તેમ જણાતું નથી. આમ, પ્રથમ બે વિભાગની મળી ભાજપને ૧૭૦ બેઠકો મળે.

**પૂર્વના રાજ્યો પર મોટો મદારઃ** ત્રીજા વિભાગમાં, પૂર્વના ચાર રાજ્યો – બિહાર, ઓરિસ્સા, પશ્ચિમ બંગાળ, અને ઝારખંડ ભાજપ માટે અત્યંત મહત્વના પુરવાર થાય તેમ છે. ૨૦૧૪માં, અહીં ૧૧૭માંથી ભાજપને ૩૭ બેઠકો મળી હતી. ૨૦૧૯માં બિહારમાં 'જેડી-યુ' સાથે બેઠક વહેંચણી પર ઘણો મદાર રહેશે. ઓરિસ્સામાં નવીન પટનાયક સામેનો અસંતોષ ભાજપને ફળશે. પશ્ચિમ બંગાળ કબજે કરવાનું સપનું ભાજપ માટે બહુ દૂરનું છે તેમ છતાં, ડાબેરીઓ સામેનો અસંતોષ ભાજપ માટે જરૂર ફાયદારૂપ રહેશે. ઝારખંડમાં ૧૪માંથી હાલ ભાજપ પાસે ૧૨ બેઠકો છે અને તે જળવાઈ રહેશે તેવી ગણતરી છે. ૨૦૧૯માં અહીં ભાજપની બેઠકો ૩૭માંથી વધીને ૪૫ થઈ શકે છે. આ હિસાબે, પ્રથમ ત્રણ વિભાગમાં કુલ ૨૧૫ બેઠક ભાજપને મળી શકે.

**ઈશાનમાં ઉત્સાહઃ** ચોથા વિભાગની વાત કરીએ તો, પૂર્વોત્તરના સાત રાજ્યોમાં હવે ભાજપનું બળ અને ઉત્સાહ બંને વધ્યા છે. ૨૦૧૪માં અહીં ભાજપને ૨૫માંથી માત્ર આઠ બેઠકો મળી હતી અને તેમાંથી સાત એકલા આસામે આપી હતી. હવે ભાજપ સમર્થિત 'નોર્થ-ઈસ્ટ ડેમોક્રેટિક અલાયન્સે' પરિસ્થિતિ બદલી નાખી છે. ૨૦૧૯માં અહીં ભાજપની બેઠકો વધીને ૧૪ થઈ શકે તેમ છે. બીજીતરફ, રાજધાની દિલ્હી સહિત સાત કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૨૦૧૪માં ભાજપને ૧૩માંથી ૧૧ બેઠકો મળી હતી. હવે આમાં બહુ મોટો વધારો થાય તેમ નથી આ દ્રષ્ટિએ, ઈશાની રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની કુલ ૩૮માંથી ભાજપને ૨૫ બેઠકો મળી શકે.

**અસાધારણ સ્થિતિ સર્જાશે?:** ૨૦૧૯માં ઉપરોક્ત ચાર વિભાગોમાંથી ભાજપ કુલ (૧૫૦+ ૨૦+૪૫+૨૫) ૨૪૦ બેઠકો જીતી શકે તેવી સ્થિતિ આજની તારીખે છે એ દ્દષ્ટિએ ભાજપનો માર્ગ સહેલો નથી. બીજીતરફ, માયાવતી, મુલાયમ અને કોંગ્રેસનું 'મહા ગઠબંધન' ઉત્તર પ્રદેશમાં ગાબડાં પાડે તો ભાજપની બેઠકો ૨૨૦ સુધી ઘટી શકે. આ સંજોગોમાં, જો રામ મંદિર મુદ્દે સુપ્રીમ કોર્ટ હિન્દુઓની તરફેણમાં ચુકાદો આપે કે ભારત-પાકિસ્તાન વચ્ચે ભડકો થાય એવી અસાધારણ સ્થિતિમાં વાતાવરણ ભાજપની તરફેણમાં પલટાઈ શકે છે.

**સાથી પક્ષોના આકરાં તેવરઃ** ઉપરોક્ત, વિશ્લેષણની દ્દષ્ટિએ, ૨૨૦-૨૪૦ બેઠકો સાથે ભાજપ કેન્દ્રમાં સરકાર રચી શકે નહીં અને તેણે ફરજીયાત શિવસેના, ટીડીપી, એલજેપી, એસએડી જેવા નાના-મોટા પક્ષોની ચાળ પકડવી પડે. સાથી પક્ષો તરફથી ૫૦ બેઠકોનો ટેકો મળે તો જ કેન્દ્રમાં ફરી એનડીએની સરકાર બને. હાલ સાથી પક્ષો જે તેવર દેખાડી રહ્યા છે તે જોતાં ભાજપ માટે ફરીથી સત્તા મેળવવાની શક્યતા ધુંધળી થઈ રહી હોય તેમ જણાય છે.

**કોંગ્રેસની સ્થિતિઃ** હવે, કોંગ્રેસની સ્થિતિ શું છે તેની પર એક નજર નાખીએ. કેન્દ્રમાં સત્તા કબજે કરવા માટે રાહુલ ગાંધીએ 'યુપીએ'ના જૂના અને નવા સાથીઓ પર મોટો મદાર રાખવો પડશે. ઉપરોક્ત ચાર વિભાગોમાંથી આજની સ્થિતિએ કોંગ્રેસને ૮૫-૯૦ બેઠકોથી વધુ મળે તેમ નથી. કોંગ્રેસે ટીએમસી, ડાબેરીઓ, ડીએમકે, એસપી, આરજેડી, બીએસપી, જેડી-એસ, એઆઈએમઆઈએમ, એનસી, એનસીપી અને ટીઆરએસ એમ અગિયાર સાથી પક્ષોનો મજબૂત ટેકો લેવો પડે. ભાજપના અસંતુષ્ટ સાથી પક્ષો કોંગ્રેસના પડખામાં ભરાય તો કોંગ્રેસનું કામ થોડું સરળ થાય. પરંતુ, કોંગ્રેસના વર્તમાન સાથી પક્ષોને ૧૨૦થી વધુ બેઠકો મળે તેવી શક્યતા ઓછી છે. આથી કોંગ્રેસ તેની હાલની બેઠકોથી બમણી, એટલે કે, ૯૦ બેઠકો જીતે તો પણ તેનો સંઘ કાશીએ પહોંચી શકે નહીં. આ સંજોગોમાં કોંગ્રેસે એકલા હાથે ઓછામાં ઓછી દોઢસો બેઠકો જીતવી પડે.

**લોઢાના ચણાઃ** ૨૦૦૪માં, કોંગ્રેસને ૧૪૫ બેઠકો મળી હતી અને ડાબેરીઓએ ૬૦ બેઠકો સાથે બહારથી ટેકો આપ્યો હતો. ખૂટતી બેઠકો બીજા સાથી પક્ષોએ પૂરી કરી આપતાં 'યુપીએ' સરકાર અસ્તિત્વમાં આવી હતી. ૨૦૧૪ની સરખામણીએ ૨૦૧૯માં ભાજપની સ્થિતિ નબળી હોવાનું માનીએ તો પણ ભાજપ ૧૪૦ આસપાસ બેઠકો જીતી શકે તેમ છે. હાલની ૪૪ બેઠકોથી વધારીને કોંગ્રેસ ૧૫૦થી વધુ બેઠકો જીતી શકે તો જ ફરી કેન્દ્રમાં 'યુપીએ'ની સરકાર રચાય અન્યથા, ભાજપને સત્તા હાંસલ કરતો અટકાવવાનું દુષ્કર બને. ૨૦૧૪માં ડાબેરીઓની બેઠકો ૬૦માંથી ઘટીને માત્ર ૯ થઇ ગઈ છે.

૨૦૧૯માં યુપીએનો સૌથી મોટો સાથી તૃણમૂલ કોંગ્રેસ બનશે. હાલ તેની પાસે ૩૦ બેઠકો છે.

**ભાજપને ય ફીણ આવી જશેઃ** ઉપરોક્ત સંજોગો ભાજપ માટે સ્પષ્ટ સંદેશારૂપ છે. કેન્દ્રમાં સત્તા પર આવ્યા પછી ભાજપ સરકારે આપેલા ચારેય બજેટ લોકોની અપેક્ષાએ ઊણા ઉતર્યા છે. આને કારણે દેશનો મધ્યમ વર્ગ મુસીબતમાં છે અને ભાજપથી હતાશ છે. 'લઘુતમ સરકાર અને ગુરૂતમ શાસન' આપવામાં પણ મોદી સરકાર સફળ રહી નથી. હવે લોકસભા ચૂંટણીઓ આડે માત્ર એક વરસ બાકી રહ્યું છે ત્યારે ૨૦૧૪ જેવી લોકપ્રિયતા ફરી હાંસલ કરતાં ભાજપના નેતાઓને મોઢે ફીણ આવી જવાના છે.

**રાહુલનું 'પ્રોજેક્શન':** રાહુલ ગાંધીએ ગુજરાતની ચૂંટણીઓ બાદ લોકોને આકર્ષી શકે એટલું કાઠું કાઢ્યું છે તે હકીકત છે. એમનામાં એકાએક રાજકીય પરિપક્વતા દેખાવા માંડી તે પ્રોફેશનલ એજન્સીઓના પ્રતાપે જ છે. લોકોને નેતાની માસુમિયત સ્પર્શી જતી હોય છે એ માનસિકતાનો ભરપૂર લાભ કોંગ્રેસે ચૂંટણી પ્રચાર માટે રોકેલી પ્રોફેશનલ એજન્સીઓએ ઉઠાવ્યો છે. તેઓ રાહુલના મોઢામાં મોદી અને ભાજપ વિરુદ્ધ અણિયાળા પ્રશ્નો મૂકીને રાહુલ રાજકીય રીતે પરિપક્વ હોવાનો દેખાડો કરે છે અને 'બત્રીસલક્ષણો માસુમ રાજકુમાર' હોવાની લાગણી ઊભી કરવાના પ્રયાસો કરે છે. આ બાબત કોંગ્રેસને ફરી સત્તાના સિંહાસને બેસાડવા માટે પૂરતી છે કે કેમ એ તો સમય જ કહેશે.

ભાજપ માટે 'કરો યા મરો': ભાજપ માટે હવે 'કરો યા મરો' સિવાયનો કોઈ વિકલ્પ બાકી બચ્યો નથી

ત્યારે આગામી દિવસો દેશભરની પ્રજાને નવા નવા રાજકીય રંગ દેખાડશે તે નિશ્ચિત બન્યું છે.

મોદી માત્ર ઠાલાં વચનો જ આપે છે તેવો તેમના વિરોધીઓનો ભરપૂર પ્રચાર નાકામ કરવા માટે મોદીએ રીતસર કમર કસવી પડશે અને લોકોને પ્રતીતિ કરાવવી પડશે કે, તેમની સરકાર સાચા અર્થમાં કામ કરતી સરકાર છે. -અસ્તુ.

**મહેશ દોશી, (પૂર્વતંત્રી 'ફૂલછાબ')m-doshi @ hotmail.com**

## એપીએએસએલ દ્વારા તેની ૨૭મી વાર્ષિક કોન્ફરન્સમાં હિપેટોલોજીઃ ધ નેક્સ્ટ જેનરની ઘોષણા



નવી દિલ્હી

એશિયા પેસિફિક એસોસીએશન ફોર સ્ટડી ઓફ લિવર અને ઈન્સ્ટીટયુટ ઓફ લિવર એન્ડ બાઈનરી સાયન્સીસ, નવી દિલ્હીએ તેની એશિયન-પેસિફિક એસોસીએશ ફોર ધ સ્ટડી ઓફ ધ લિવર (એપીએએસએલ)ની ૨૭મી વાર્ષિક કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. નવી દિલ્હીમાં હોટેલ પુલમેન અને હોટેલ હયાત અંદાઝ ખાતે ૧૪-૧૮, ૨૦૧૮ દરમિયાન ૫૦થી વધુ દેસોના ૩૦૦૦થી વધુ ડેલિગેટ્સ ઉપસ્થિત રહ્યા હતા. આ કોન્ફરન્સમાં લિવરના રોગોનાં નવા પાસાઓ વિશે જાણકારી આપવામાં આવી હતી.ભારત સરકારના આરોગ્ય મંત્રી જે પી નડ્ડાએ ભારતમાં તમામ હેલ્થ કેર વર્કર્સ માટે મફત હિપેટાઈટીસ બીની રસી આપવા માટે જાહેરાત કરી હતી. તેમણે ભારતભરમાં હિપેટાઈટીસ-સીના સક્રિય અમલીકરણ વિશે વાત કરી હતી અને કહ્યું હતું કે હિપેટાઈટીસ સી માટેની દવાઓ મફત મળી રહે એ માટે યોજના અમલમાં મૂકાશે અને તે દેશમાં ટૂંક સમયમાં રજૂ કરાશે. તેમણે હિપેટાઈટીસ બીના સંપૂર્ણ પ્રોગ્રામને પણ ટૂંક સમયમાં વિકસાવાશે તેમજ આ ઘાતક વાયરસ સામે મફત દવા પૂરી પાડવા અંગે પણ ઘોષણા કરી હતી. તેઓ એ વાત સાથે સંમત થયા હતા કે લિવરના રોગો પ્રત્યે ખાસ લક્ષ આપવું જરૂરી છે અને તેમણે નજીકના ભવિષ્યમાં બિનચેપી રોગોના પ્રોગ્રામમાં પણ તેને સામેલ કરવા માટે લીલી ઝંડી આપી હતી. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકોની ઉપસ્થિતિ જોઈને અને ઈન્સ્ટીટ્યુટ ઓફ લિવર એન્ડ બાઈલિયરી સાયન્સીઝ (આઈએલબીએસ) દ્વારા કરાયેલા નેતૃત્વને લઈને તેમણે ઈન્ટરનેશનલ ફેલો અને વિદ્યાર્થીઓને આઈએલબીએસમાં અભ્યાસ કરવો હોય તે માટે સહયોગ આપવાની ઘોષણા કરી હતી.

## સનહાર્ટ સિરામીકે ગુજરાતમાં પોતાની હાજરીને મજબૂત કરી




બાયડ

દેશની સૌથી મોટી ટાઈલ્સ ઉત્પાદકો પૈકીની એક સનહાર્ટ સીરામીકે, જી.પી ટાઈલ્સ (મેનેજીંગ પાર્ટનર ગૌરવ પટેલ અને પ્રતિક પટેલ) સાથે બાયડ(નોર્થ ગુજરાત) ૩૮૩૩૨૫માં પોતાનો વિશેષ શોરૂમ "સનહાર્ટ ટાઈલ હબ" ખોલ્યો છે સનહાર્ટ એક્સક્લુઝિવ શોરૂમ આ વિસ્તારનો વિશેષ અને ભારતભરમાં ૫૨મો શોરૂમ છે. આ ૧૬૦૦ સ્કવેર ફૂટ છે એક્સક્લુઝિવ શોરૂમ મોડાસા બાયડ રોડ, વોટર કેનાલ પાસે, બાયડ(નોર્થ ગુજરાત)-૩૮૩૩૨૫માં આવેલો છે."બાયડ(નોર્થ ગુજરાત) અમારા માટે સૌથી આશાસ્પદ બજાર છે. આ વિસ્તારમાં અમારૂં પહેલું વિશિષ્ટ સનહાર્ટ ટાઈલ હબ છે. આ અમારા ગ્રાહકોને આ ક્ષેત્રની પ્રતિબધ્ધતા બતાવે છે. અમે આ વર્ષે ભારતભરમાં ૧૦૦ સનહાર્ટ એક્સક્લુઝિવ શોરૂમ ખોલીને અમારા નેટવર્ક વિસ્તરણ ચાલું રાખીશું. સનહાર્ટ સીરામીક પાસે હવે લગભગ ૮૦૦ ડીલર્સ અને ૨૦૦૦ ટચ પોઈન્ટ છે. નેટવર્કના વિસ્તરણને સારી રીતે રણનીતિ કરવામાં આવે છે જેનાથી કંપનીને તેના વર્તમાન અને સંભવિત ગ્રાહકોની નજીક લાવી શકાય"સનહાર્ટ સીરામીકે ૨૦૧૦થી તેની શરૂઆત કરી. માત્ર સાત વર્ષમાં તે ભારતીય સીરામીક્સ ઈન્ડસ્ટ્રીઝમાં લીડર બન્યું છે અને ભારતીય સીકામીક્સ ઉદ્યોગમાં ટોચની ૧૦ ટાઈલ્સના બ્રાન્ડમાં સ્થાન આપ્યું છે. સનહાર્ટ સીરામીક નવી મેગા ૧૨૦૦૦ ચોરસ ફૂટ શોરૂમ સાથે આવે છે, જે ભારતીય ટાઈલ ઉદ્યોગમાં અમદાવાદમાં કંપનીનું સૌથી મોટા માલિકીનું પ્રદર્શન કેન્દ્ર છે.

## રાની મુખર્જી રાઈઝિંગ સ્ટાર ૨ પર હિચકીનો જાદૂ વરસાવ્યો



કલર્સનો લાઈવ સિંગિંગ રિઆલિટી શો, રાઈઝિંગ સ્ટાર ૨, પોતાની પ્રતિભા વડે દર્શકોને રોમાંચિત કરી રહેલ છે અને હાલમાં ભારતીય ટેલિવિઝન પર ટોચના શોઝ માંહેનો એક છે. ઈંઉઠાઓ સોચ કી દીવારની થીમ વડે, શો દર્શકોને એક એવી સંગીતમય મુસાફરી પર લઈ જાય છે જે ઘણાં બધાંના સંઘર્ષની કહાણીઓના નકશા બનાવે અને પૂર્વગ્રહયુક્ત વિચારને તોડવાની પ્રક્રિયા કરે છે. બોલીવુડ દીવા 'રાની મુખર્જી' પોતાની આવી રહેલ ફિલ્મ 'હિચકી'ને પ્રમોટ કરવા અને થીમ એટલે કે 'ગુરુ' અને 'શિષ્યા' વચ્ચેના સબંધની ઊજવણી કરવા ગત વીકએન્ડ પર રાઈઝિંગ સ્ટાર ૨ના મંચને શોભાવ્યું હતું. રાની મુખર્જી એક અનોખા અને બોલ્ડ વિષયવસ્તુ સાથે મોટા પડદા પર પાછી ફરી રહેલ છે જયાં તેણીટરેટ સિન્ડ્રોમ તરીકે ઓળખાતી મજ્જાતંતુ તંત્રની વિકલાંગતા ધરાવતી, શાળાની એક શિક્ષિકા, નૈના માથુરની ભૂમિકા ભજવી રહેલ છે જે એક આદર્શ શિક્ષિકા બનવા તમામ વિપરીતતાઓનો સામનો કરે છે વધુ જાણવા, દર શનિવાર અને રવિવાર રાત્રે ૯-૦૦ કલાકે રાઈઝિંગ સ્ટાર ૨ સાથે જોડાયેલા રહો ફક્ત કલર્સ પર!

## ઝી ટીવીના જીત ગયી તો પિયા મોરેમાં શોએબ ઈબ્રાહિમ યેશા રૂઘાનીનો પ્રેમ જીતવાની કોશીષ કરશે



ઝી ટીવીના પ્રસિદ્ધ કાલ્પનિક શો જીત ગયી તો પિયા મોરેએ તેની રસપ્રદ વાર્તા દ્વારા દર્શકોને જકડી રાખ્યા છે અને હવે, દેવી (યેશા રૂઘાણી) અને અધિરાજ (ક્રિપ કપૂર સુરી)ના સંબંધમાં વણાંક આવ્યો છે. વાર્તા જે રીતે આગળ વધે છે, અધિરાજનું ગોળી વાગવાથી મૃત્યુ થઈ જાય છે અને ત્યારબાદ દેવી હિરાની પકડમાંથી છૂટી જાય છે, અને બાળકને જન્મ આપવાની સાથે જ મૃત્યુ પામે છે, તેની પાછળ એક સુંદર દિકરી દેવિકાને છોડી જાય છે. ૧૮ વર્ષ બાદ, નાની દેવિકા મોટી થઈ ગઈ છે અને તે તેની માતા દેવી જેવી જ દેખાય છે. યેશા રૂઘાણી ફરીથી તેનું પાત્ર સ્ક્રીન પર નિભાવશે. દેવિકાનું જીવન ફરીથી તેને સુજનગઢમાં લાવે છે, જ્યાં તેની મુલાકાત વરુણ- એક યુવાન સાથે થાય છે, જે ધીમે-ધીમે તેનું દિલ જીતે છે! આ પાત્રને નિભાવવા માટે ટેલિવિઝનના દિલની ધડકન શોએબ ઈબ્રાહિમ પ્રવેશ કરી રહ્યો છે.વરુણ એ અત્યંત દેખાવડો અને યુવા મહેનત કરતો અભિનેતા છે, જે સુજનગઢમાં રહે છે. તેને માસાએ બોલાવ્યો છે, તેને જ્યારે ખબર પડે છે કે, તે દેવી અને અધિરાજનું બાળક છે, ત્યારે તેની મિલ્કત મેળવવા માટે તેનો પ્રેમ જીતવાની કોશીષ કરાવશે. તેના ખરાબ વિચારો અહીં આગળ વધી રહ્યા છે, ત્યારે તેને દેવિકાને ફસાવવા માટે જાળું રચવાનું ચાલુ કર્યું છે અને વરુણ તેના જાદુ દ્વારા વશીકરણ કરશે.વરુણનું પાત્ર અત્યંત કૂલ અને ખુલ્લા દિલનું છે, પરંતુ તેના વ્યક્તિત્વમાં ઘણા સ્તર છે, જેનાથી તેને નિભાવવા માટે અત્યંત રસપ્રદ છે. તે દેવિકાને માસા સુધી લાવવાનું અને તેના જીવનમાં પાયમાલી કરવાનું એક સાધન છે. શું દેવિકા માસાની જાળમાં ફસાઈ જશે અને વરુણને તેનું દિલ આપી દેશે?

વધુ જાણવા માટે, જોતા રહો, જીત ગયી તો પિયા મોરે દર સોમવારથી શુક્રવાર રાત્રે ૧૧ વાગ્યે ફક્ત ઝી ટીવી પર!

## HAL: ભારતીય એરોનોટિકલ ઉદ્યોગમાં અગ્રણી

જ્યારે હુ આ લેખ લખવા બેઠો છુ, ત્યારે મારાં મનમાં "થિંક ડિફેન્સ" = "થિંક HAL"નો જ વિચાર આવે છે. સરકારી ક્ષેત્રનાં આ સાહસે વર્ષોની તેમની કામગીરી દરમિયાન કુશળતા અને માવજત મારફતે દેશનાં સંરક્ષણ ક્ષેત્રમાં સન્માનજનક સ્થાન હાંસલ કર્યું છે. સંરક્ષણ મંત્રાલયનાં ૨૦૧૬-૧૭નાં વાર્ષિક અહેવાલ મુજબ, ભારતીય સમયની સાથે ૐછ∽ સંરક્ષણ ક્ષેત્રમાં ઉત્પાદનનાં મૂલ્યની દ્રષ્ટિએ સૌથી મોટી ભારતીય સંરક્ષણ ઉત્પાદન કંપની બની ગઈ છે. હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) ભારતનાં સાત રાજ્યોમાં અને નવા સ્થાનોમાં ૨૦ ઉત્પાદન ડિવિઝન અને ૧૧ આરએન્ડડી કેન્દ્રો ધરાવે છે. ૐછ∽ વિમાન, હેલિકોપ્ટર્સ, એરો-એન્જિન્સ, એક્સેસરીઝ, એવિઓનિક્સ અને સિસ્ટમ્સની ડિઝાઈન, ઉત્પાદન, રિપેર, ઓવરહોલ અને અપગ્રેડમાં કુશળતા ધરાવે છે. અન્ય કંપનીઓની સરખામણીમાં HAL"ની વિશેષતા એ છે કે તે સંરક્ષણ મંત્રાલય અને ડીઆરડીઓ સાથે લાંબા સમયથી સંબંધ ધરાવે છે. અમારાં કામ કરવાનાં લાંબા ગાળાનાં ઈતિહાસનાં પરિણામ સ્વરૂપે અમે સારી એવી જાણકારી અને એરોનોટિકલ ઉદ્યોગ, ખાસ કરીને ભારતમાં આ ઉદ્યોગ વિશે સમજણ વિકસાવી છે. HAL"નાં પ્રમોટર ભારત સરકાર છે અને તેની આવકનો મહત્ત્વપૂર્ણ હિસ્સો ભારતીય સંરક્ષણ સેવામાંથી મળે છે. ૐછ∽એ અમારાં ભારત સરકાર અને ભારતીય સંરક્ષણ સેવાઓ સહિત ગ્રાહકો સાથે વિશ્વાસ અને વફાદારીનાં સંબંધોનું નિર્માણ કર્યું છે, જે HAL"ને તેમની જરૂરિયાતો સમજવા તથા ઉત્પાદનો અને સેવાઓ પેદા કરવાની સમજણ આપે છે, જે તેમની માગને અનુરૂપ છે.HAL"નાં વ્યસાયનાં લાંબા ગાળાને ધ્યાનમાં રાખીને ભારત સરકાર, ભારત સંરક્ષણ સેવાઓ સાથેનાં સંબંધો એરોસ્પેસ ઉત્પાદનો અને સેવાઓ માટે તેમની મોટા ભાગની જરૂરિયાતો માટે અમારાં સુધી પહોચે છે. .

## "ફેમપાવરમેન્ટ વુમન અચિવર્સ એવોર્ડ ૨૦૧૮" માટેના સૌથી વધુ લાયકાત ધરાવતા ઉમેદવારોની નોંધણી

મુંબઈ

તેઓ સંઘર્ષમાંથી પોતાનું 'સૌંદર્ય' પ્રાપ્ત કરે છે. તેમની પાસે હિંમત, શક્તિ અને પ્રતિભાનો વિશાળ ભંડાર છે અને તેના સુધી હજી પહોંચી શકાયુ નથી. ફેમપાવરમેન્ટ વુમન અચિવર્સ એવોર્ડ ૨૦૧૮ આવી મહિલાઓને ઓળખી અને તેમની સિદ્ધિની ઉજવણી કરવા માટે પાછો આવી ગયો છે. તેમને ફેમપાવરમેન્ટ પેડેસ્ટલ પર મૂકવાનો વિચારએ તેમની લાયકાતને ખરેખર સાચી ઠેરવવા માટેનું અભિવાદન છે.ઝીની ફિલોસોફી આજ લિખેંગે કલની સાથે જોડાઈને, ફેમપાવરમેન્ટ વુમન અચિવર્સ એવોર્ડ ૨૦૧૮ પણ સ્વલાદેલા બંધનોને ભંગ કરીને સમગ્ર દેશની લાખો મહિલાઓને પ્રેરણારૂપ બની તથા તમામ ક્ષેત્રમાં આગળ વધીને સિદ્ધી મેળવી અને અસાધારણ ભવિષ્ય તરફ આગળ વધતી મહિલાઓને પ્રોત્સાહિત કરવા માટે તૈયાર છે.મહિલા સશક્તિકરણનું દ્રષ્ટિકોણ અત્યંત પારદર્શક પ્રક્રિયા દ્વારા થાય છે અને વિશ્વસનિય જ્યુરી ફેમપાવરમેન્ટ મહિલા અચિવર્સ એવોર્ડને એક પ્રતિષ્ઠિત એવોર્ડ પ્લેટફોર્મ બનાવે છે.જો કે, મહિલા સશક્તિકરણના આ ઉમદા કામ માટે મોટેપાયે સમર્થન આપવામાં થોડા પુરુષો જ છે, જેઓ આ બદલાવ લાવવા માટે સતત અને સક્રિયતાથી કામગીરી કરી રહ્યા છે.ફેમપાવરમેન્ટ એ એકમાત્ર એવો એવોર્ડ છે, જે મહિલા સશક્તિકરણ કરવામાં મદદરૂપ પુરુષોને પણ સન્માનિત કરે છે અને મહિલાઓ દ્વારા રજૂ કરવામાં આવેલા આવા એક લાયક પુરુષને વિશિષ્ટ શ્રેણીમાં એવોર્ડ આપવામાં આવે છે.

# સુવાક્યો

સમસ્ત ભય અને ચિંતા એ ઈચ્છાઓનું પરીણામ છે.
જીવન કર્મનું બીજું નામ છે.
પરનિંદા સમાન બીજું કોઈ પાપ નથી.
વિદ્વાનોને સત્ય વડે વશમાં કરી શકાય છે.
કષ્ટને સહન કરવાથી જ પ્રભુકૃપા પ્રાપ્ત કરી શકાય છે.
કાળ સૌ કોઈને તેના કર્મ અનુસાર ફળ આપે જ છે.
જીવનનું સાચું સુખ બીજાને સુખી કરવામાં છે, બીજાને લુંટવામાં નહીં.
સત્સંગ, ઉત્તમગ્રંથ અને ભજન-કિર્તન (ઉપાસના) એ ત્રણ વસ્તુઓ મનુષ્યને ત્રિલોકનો રાજા બનાવી દે છે.



**આરાધના** — નાથાલાલ બ્રહ્મક્ષત્રીય

## આપણા વ્યવસાયનું ગૌરવ જાળવતાં શીખીએ

કોઈપણ વ્યવસાયનું ગૌરવ જે તે વ્યવસાય કરતાં લોકો જ વધારી શકે છે અથવા ઘટાડી શકે છે. તેવી રીતે શિક્ષક તરીકેના માન મરતબાવાળી નોકરીનું ગૌરવ શિક્ષકો જ વધારી શકે છે. તેઓ જ્યારે નૈતિક અધ:પતનના માર્ગે ચાલવા લાગે છે ત્યારે આ શિક્ષક તરીકેનો ગૌરવશાળી વ્યવસાય લાંછન અનુભવવા લાગ્યો છે.

માત્ર શિક્ષક જ શા માટે ? પોલીસ અધિકારી હપ્તા રાજમાં એવા વીંટાયા છે કે તેમણે પોતાનું ગૌરવ ગુમાવ્યું છે. તલાટી, મામલતદાર, ટીડીઓ કે શિક્ષણના અધિકારીઓ, દેશનેતાઓ અને વહીવટીય અધિકારીઓએ પણ પોતાના પદના ગૌરવની ગરીમા ગુમાવી દીધી છે. એક સમય ખુબ જ આદરણીય ગણાતા હતા તેવા સંતો અને મહાત્માઓએ પણ વાણી અને વર્તનના ભેદના કારણે પોતાનું વર્ચસ્વ ગુમાવ્યું છે. મતલબ કે માણસ પોતાની ગરીમા ગુમાવી રહ્યો છે.

આપણા સફળ ઉદ્યોગપતિ અને પ્રખર દેશભકત શ્રીમાન શાંતનુ કિલોસ્કરે પોતાના વસીયતનામામાં નોંધ્યું છે કે મારા મૃત્યુ પછી કોઈ રજા ન રાખશો, લાંબાલચક ભાષણો આપીને સમય ના બગાડશો, તમારે મને શ્રદ્ધાંજલી જ આપવી હોય તો આ દેશ માટે જરૂરી નવી શોધખોળ કરવાનું ચાલુ રાખજો. તમે દરજી હો તમારા વિસ્તારના પેન્ટ શીવવાના સારામાં સારા કારીગર તરીકે ખ્યાતિ પ્રાપ્ત કરજો. તમે કડીયા હો તો સુંદર ઈમારતો અને મજબુત સ્થાપત્યો ચણજો. તમે મજુર હો કે હોટલના વેઈટર હો તો તમારા ગ્રાહકને સુંદર સેવા આપીને તમારી હોટલમાં વધુમાં વધુ ગ્રાહકોની ભીડ રહે તેવું વર્તન કરજો. તમે વૈજ્ઞાનિક બનો તો સુપર કોમ્પ્યુટરનું સર્જન કરજો અને વિદેશમાંથી મોટા ઓર્ડર મેળવીને નિકાસ વૃદ્ધિમાં ફાળો આપજો. આ રીતે સામુહિક શુદ્ધ, નીતિપુર્ણ આચરણ દ્વારા જ આપણા મુલકનો વિકાસ કરી શકીશું.

કયાં ગયા આવાં આદર્શ ઉદ્યોગપતિઓ ? કયાં ગયા પ્રખર દેશભક્તિથી તરબતર દેશનેતાઓ ? કયાં ગયા પોતાના વ્યવસાયનું ગૌરવ સમજીને તેને ગૌરવાન્વિત કરનારા કુશળ કારીગરો અને વહીવટીય અધિકારીઓ ?

ચાલો ફરીથી વિચારીને દેશનું ગૌરવ વધારવા માટે સૌથી પહેલાં આપણું અને આપણા વ્યવસાયનું ગૌરવ વધે તેવા નિષ્ઠાપુર્વકના પ્રયત્નો શરૂ કરી દઈએ.

## સુખં ત્વિદાનીં ત્રિવિધં શૃણુ મે ભરતર્ષભ ।
## અભ્યાસાદ્રમતે યત્ર દુ:ખાન્તં નિગચ્છતિ ॥

સામાન્ય રીતે માણસનું જીવન શુભની ઈચ્છાથી ચાલતું રહે છે અને તે પોતાના બધા જ પ્રયાસોથી તે સુખનો અનુભવ કરવા માગે છે. આ વિષયમાં પણ ભગવદ્ ગીતાનું સાત્વીક,રાજસિક અને તામસીક એમ ત્રણ પ્રકારનું વિવેચન જોવા મળે છે. આગળના શ્લોકોમાં જ્ઞાન, કર્મ, કર્તા, બુધ્ધિ અને ધૃતિના ત્રણ ત્રણ ભેદ બતાવ્યા બાદ હવે સુખ પણ ત્રણ પ્રકારનાં બતાવતાં ભગવાન કહે છે કે :

**સુખં ત્વિદાનીં ત્રિવિધં શૃણુ મે ભરતર્ષભ ।**
**અભ્યાસાદ્રમતે યત્ર દુ:ખાન્તં નિગચ્છતિ ॥ ૧૮-૩૬ ॥**

'હે ભરતક્ષેત્ર અર્જુન (ભરતર્ષભ) ! હવે (ઈદાનીમ્) ત્રણ પ્રકારનાં (ત્રિવિધમ્) સુખને-સુખ (સુખમ્)પણ (તું) મારી પાસેથી (મે) તું સાંભળ. (શૃણુ) જેમાં-જે સુખમાં (યત્ર) (સાધક) અભ્યાસ વડે- અભ્યાસથી (અભ્યાસાત્) રક્ષણ કરે છે-આનંદ પામે છે. (રમતે) અને (ચ) દુ:ખોના અંતને (દુ:ખાન્તમ્) પામે છે-પ્રાપ્તિ થાય છે. (નિગચ્છતિ)'

શ્લોકમાં પ્રયોજાયેલ 'ભરતર્ષભ' સંબોધન અર્જુન સાત્વિક છે એવું સુચવે છે. અર્જુન રાજસ, તામસ સુખોમાં આસક્ત-મોહીત થવાવાળો નથી. કારણ કે અર્જુને આના પર વિજય મેળવેલો છે તે સ્વર્ગની સૌંદર્ય યુકત અપ્સરા ઉર્વશીથી પણ મોહીત થયેલ નથી એટલે રાજસ સુખ પર વિજય પ્રાપ્ત કર્યો છે. એ જ પ્રકારે તામસ સુખ પર પણ વિજય મેળવેલો છે. કારણ કે પ્રાણી માત્ર માટે આવશ્યક જે નિંદ્રાનું તામસ સુખ છે તેને પણ અર્જુને જીતી લીધું છે. આથી અર્જુનનું નામ 'ગુડાકેશ' (નિંદ્રાનો સ્વામી) પડયું. તેથી આ શ્લોકમાં ભગવાન કહે છે કે હવે ત્રણ પ્રકારના સુખને (સાત્વિક રાજસિક અને તામસિક) તું મારી પાસેથી સંભાળ. આવા પ્રકારના સુખમાં માણસ, અભ્યાસ ટેવ પ્રયાસ વડે રમમાણ થાય છે. અર્થાત્ આનંદ પામે છે અને દુ:ખનો અંત આવે છે.

જ્ઞાન, કર્મ, કર્તા, બુદ્ધિ અને ધૃતિના ત્રણ ત્રણ પ્રકાર બતાવ્યા બાદ હવે આ શ્લોકમાં 'તું' પદનો પ્રયોગ કરીને ભગવાન ત્રણ પ્રકારના સુખ બતાવે છે. પારમાર્થિક માર્ગ પર ચાલવાવાળા જેટલા પણ સાધક છે એ સાધકોની ઉન્નત સ્થિતિ ન હોવામાં અથવા પરમ તત્વનો અનુભવ થવામાં જો કોઈ વિઘ્ન કે બાધા હોય તો તે સુખની ઈચ્છા છે. સાત્વિક સુખ પણ આસક્તિને કારણે બંધનકારક બની જાય છે. અધ્યાય ૧૪ ના શ્લોક ૬ મા પણ કહ્યું છે કે, 'સત્વગુણ નિર્મળ હોવાથી પ્રકાશક અને નિર્દોષ છે' પરંતુ તે સુખની આસક્તિથી તથા જ્ઞાનની આસક્તિથી જીવાત્માને બાંધે છે. તેથી ભગવાન અર્જુનને મન સ્થિર કરીને દ્રઢ નિશ્ચયી થવાનું કહે છે.

શ્લોકમાં પ્રયોજાયેલ 'ઈદોનમિ' પદનું તાત્પર્ય એ છે કે અર્જુન સંન્યાસ અને ત્યાગના તત્વને જાણવા ઈચ્છે છે તેથી તેના ઉત્તરમાં ભગવાને જ્ઞાન, કર્મ, કર્તા, બુધ્ધિ અને ધૃતિના ત્રણ ત્રણ પ્રકાર બતાવ્યા પરંતુ આ બધામાં ધ્યેય તો સુખનું જ રહે છે. આથી આ પદ દ્વારા ભગવાન કહે છે કે તું આ ધ્યેયની સિદ્ધિ માટે હવે ઈદોનીમ્ સુખના ભેદ પણ સાંભળ. 'અભ્યાસાત્ રમૈત અર્થાત સાત્વિક સુખમાં અભ્યાસથી રમણ થાય છે. શ્રવણ, મનન શાસ્ત્રોની સમજ વગેરે 'અભ્યાસ' છે. એટલે કે જે સુખના અનુભવમાં, જે સમાધી સુખમાં માણસ અભ્યાસના લીધે તૃપ્ત થાય છે, આનંદ પામે છે અને સર્વ પ્રકારના દુ:ખોના અંતને પણ પ્રાપ્ત થાય છે. શ્લોકમાંનું અંતિમ પદ 'દુખાન્ત ચ નિગચ્છતિ' સુચવે છે કે આવા પ્રકારે સર્વ દુ:ખો નિ:સંદેહપણે દુર થાય છે તે સાત્વિક ગુણ સુખ કહેવાય છે.

દરેક કર્મ કાં તો અધોગતિ અને કાં તો ઉન્નતિ તરફ લઈ જાય છે. આ જે સુખનો અનુભવ છે તે માયા (પ્રકૃતિ) ની છે અને આનંદનો જે અનુભવ છે તે આત્માનો છે. આનંદ અને સામ એ બેમાં ફરક છે વસ્તુથી જે મળે છે તે સુખ છે અને વસ્તુરહીત જે મળે છે તે આનંદ છે. માણસને સુખી થવું ન થવું તે પોતાના હાથની વાત છે. પાસ્કલ સાચું જ કહે છે : You cannot make a man happy. He must tearn how to be happy તમે માણસને સુખી કરી શકતા નથી તેણે પોતે સુખી થતાં શીખવું જોઈએ' વિષયસુખના અંતે જેમ દુ:ખ ઉદ્ભવે છે તેમ સાત્વીક સુખને અંતે દુ:ખ નહીં પણ સર્વ દુ:ખોમાંથી શાંતિ અનુભવાય છે.

**અધ્યાત્મ** ૬૦૨ — પ્રિ.ડૉ.હેમરાજભાઈ આર.પટેલ

**જીવન દર્શન** — ભગવાનદાસ બંધુ

## શિસ્ત, સ્વચ્છતા, ટ્રાફિક નિયમન, વહીવટ, વેપાર, પાણીનો બચાવ સહિતની અનેક બાબતો શીખવા માટે દુબઈ જવું જરૂરી

દુબઈનો પ્રવાસ ચિરસ્મરણીય બની રહે તેવી અનેક બાબતો છે. તા.૬-૩-૨૦૧૮ ના મંગળવારના લેખમાં દુબઈ વિશે થોડુંક લખાયું અને હજુ ઘણી બાબતો બાકી છે. તા.૨૪-૨-૨૦૧૮ શનીવારની ખુશનુમા સવારે હોટલ ઉપર ચા નાસ્તાની વિધિ પુર્ણ કરી થોડોક આરામ કરી બપોરે મોનોરેલ રાઈડમાં મુસાફરી કરી. આ રેલ દરિયા વચ્ચેથી પસાર થાય છે અને બંને બાજુ ખજુર આકારે બિલ્ડીંગો બનેલ છે. ત્યાંથી પામ એન્ટલાન્ટીસ હોટલનો એક તરફી નજારો દેખ્યો અને બાદમાં સો જુમેરીયાર મોસ્કયુ જોઈ જુમેરીયાર બીચ ઉપર ફર્યા. જતાં જતાં રસ્તામાં શેખનો પેલેસ પણ જોવા મળ્યો. શિસ્ત, સ્વચ્છતા, ટ્રાફિક નિયમન, વહીવટ, વેપાર વિવિધતા, પાણીનો બચાવ સહિતની અનેક બાબતો દુબઈમાંથી શીખવા જેવી છે. સાંજનું ગુજરાતી ભોજન મહારાજા ભોગ નામની પ્રખ્યાત હોટલમાં લીધું. આ હોટલની ચોખ્ખાઈ, સ્ટાફનો વિવેક, મેનેજરની સ્વાગતવિધિ, રસોઈનો સ્વાદ વિગેરે કાબિલેદાદ હતા. સાંજના ભોજન પછી દુબઈ મોલની મુલાકાત લઈ મ્યુઝીકલ ફાઉન્ટેન શો નિહાળ્યો અને એ પછી વિશ્વની સૌથી ઉંચી ઈમારત બુર્જ ખલીફાના ૧૨૫ મા અને ૧૨૪ મા માળની મુલાકાત લીધી. બુર્જ ખલીફાની મુલાકાત માટે પણ સીકયુરીટી ચેકીંગમાંથી પસાર થવું પડે છે. આ બિલ્ડીંગમાં ગ્રાઉન્ડ ફલોરથી ૧૨૫ મા માળે લીફટ દ્વારા જવાય છે પરંતુ સૌથી મોટું આશ્ચર્ય એ છે કે ગ્રાઉન્ડ ફલોરથી ૧૨૫ મા માળે લીફટ માત્ર એક જ મીનીટમાં પહોંચી જાય છે. ૧૨૫ મા માળથી સમગ્ર દુબઈ નગર જોવા મળે છે અને રાત્રીના સમયે સમગ્ર નગરમાં જોવા મળતો લાઈટોનો નજારો કંઈક અદ્ભુત જ લાગે છે. દુબઈમાં ૩૦૦ મીટરથી ઉંચી ઈમારતો ખુબ જ મોટી સંખ્યામાં છે પરંતુ બુર્જ ખલીફા નામની આ ઈમારત જોવી એ જીવનનો એક મહામુલો અમૂલ્ય લ્હાવો છે. રસ્તામાં જ એક પ્રાચીન મ્યુઝિયમ પણ નિહાળ્યું જેમાં સમગ્ર દેશનો ઈતિહાસ જોવા મળે છે. આ મ્યુઝીયમ જોયા પછી એમ લાગે કે સાવ આદિવાસી જેવી લાગતી આ પ્રજાએ ખુબ જ મહેનત, દીર્ઘદ્રષ્ટી, વિવેક, સાહસ, વેપારી કુનેહ આગવી આવડતથી આજે સમગ્ર વિશ્વને નોંધ લેવી પડે તેવો જબરજસ્ત વિકાસ કર્યો છે.

હકીકતમાં યુ.એ.ઈ.યુનાઈટેડ આરબ અમીરાત નામનો આ દેશ કુલ સાત રાજયોનો બનેલો છે. આ સાત રાજયોમાં દુબઈ, શારજાહ, અબુધાબી, ફુજેરા, રસુલખેમા, અજમાન અને ઉમરલકોઈનનો સમાવેશ થાય છે. આ સાત રાજયોમાં અબુધાબી રાજયનો વિસ્તાર કુલ દેશના ૮૧ ટકા ક્ષેત્રફળ ધરાવે છે અને બાકીના ૧૯ ટકામાં છ રાજયોનું ક્ષેત્રફળ આવે છે. ૨-૧૨-૧૯૭૧ માં આ દેશની સ્થાપના થઈ અને ૪૮ વર્ષમાં તો અભૂતપુર્વ પ્રગતિ કરીને સમગ્ર વિશ્વની દ્રષ્ટીએ દેશ પ્રગતિશીલ બની ચુકયો છે.

યુ.એ.ઈ.ની આજુબાજુ બહેરીન, કતાર, સાઉદી અરેબીયા, કુવૈત, ઈરાન સહિતના દેશો આવેલા છે. સમગ્ર દુબઈ રાજય અને બાકીનાં રાજયો પણ સીસીટીવી કેમેરાથી સજ્જ કરવામાં આવેલ છે. અહીંયા પોલીસ ભાગ્યે જ જોવા મળે છે પરંતુ નાનો મોટો ગુનો થતાં અને સીસી ટીવી કેમેરા દ્વારા ધ્યાને આવતાં જ તરત પોલીસ ગુનાના સ્થળે પહોંચી જાય છે. અદ્ભુત પોલીસ વ્યવસ્થા અને સિકયોરીટી વ્યવસ્થા પ્રશંસાને પાત્ર છે. દુબઈ, શારજાહ કે અબુધાબી જેવાં રાજયો જોયા પછી મુસ્લિમો કે ઈસ્લામ પ્રત્યેનો આખો અભિગમ બદલાઈ જાય તેવી સ્થિતિ છે. ભારત, પાકિસ્તાન કે બાંગ્લાદેશના કેટલાક મુસ્લિમો કે આતંકવાદી પ્રવૃત્તિ કરતા આતંકવાદીઓ જોઈને આપણા મગજમાં કયારેક કેટલાક મુસ્લિમો પ્રત્યે જે અભાવ જાગે છે એ દુબઈ જોયા પછી આપણી મેન્ટાલીટી બદલાઈ જાય તે પ્રકારે અહીયાં મુસ્લિમોએ અભૂતપુર્વ વિકાસ કર્યો છે. અહીંયાં મેટ્રો ટ્રેનની પણ વ્યવસ્થા છે. ગ્રીન લાઈનવાળી મેટ્રો ટ્રેન સીટીની અંદર ચાલે છે જ્યારે રેડલાઈનવાળી મેટ્રો ટ્રેન સીટીની બહાર દોડે છે દુબઈમાં સૌથી વધારે પ્રવાસીઓ ભારતમાંથી આવે છે અને એ પછી ચાઈના, સાઉદી અરેબીયા, અમેરીકા, ઈંગ્લેન્ડ, પાકિસ્તાન વિગેરે દેશોમાંથી આવે છે. જોકે દુબઈમાં સમગ્ર વિશ્વના દેશોમાંથી પ્રવાસીઓ આવે છે અને કંઈક નવું જોઈને કે શીખીને જાય છે. અમારા ટુર આયોજક પરિવાર ટ્રાવેલ્સ અમદાવાદના મયુરભાઈ ઠક્કર અને માર્ગદર્શક કમલેશભાઈ બી.ઠક્કર તમામ પ્રવાસીઓની પુરેપુરી કાળજી લઈને અમને સૌને વધારેને વધારે સ્થળો સારી રીતે બતાવવા પુરતા પ્રયત્નો કરતા હતા એ વાત ખુબ જ આનંદદાયક હતી.

ઘણા રસ્તાઓ આઠ લાઈનના હતા. કોઈને પોતાની લાઈનનો રસ્તો બદલીને બીજી લાઈન ઉપર પોતાનું વાહન લઈ જવું હોય તો પણ તેના જે નીતિ નિયમો છે તેને અનુસરવું પડે છે. એક વાહનની પાછળ આવતા બીજા વાહન વચ્ચે અંદાજે આઠથી દસ ફુટનું અંતર અવશ્ય રહેતું હતું. ધ્વનિ પ્રદુષણ વધે નહીં તે માટે અહીંયાં હોર્ન વગાડવાની કદાચ મનાઈ હશે એટલે કોઈપણ વ્હીકલનો ડ્રાયવર ભુલેચુકે પણ હોર્ન વગાડતો નહોતો. દુબઈથી સૌથી નજીક શારજાહ છે અને સૌથી દુર અબુધાબી છે. અહીંયાં બિન ઉપજાઉ જમીન લાખો હેકટર પડેલી છે પરંતુ પાણીના અભાવે ખેતીવાડી થતી નથી. શહેરી વિસ્તારમાં ઠેર ઠેર ઉગાડેલી લોન, નાના નાના ફુલછોડ, વૃક્ષો વિગેરે મન અને હૃદયને ઠંડક આપતાં હતાં.

ભગવાનદાસ બંધુ
મો. ૯૮૨૫૬ ૩૮૬૪૩

## દુર્ગુણથી જ દુ:ખ મળે, સદ્ગુણથી સુખ ધામ !
## જન વ્યવહારી નામથી, સાધી શકે ન કામ !!

**ચિંતન** — યશપાલસીહ ટી.વાઘેલા

આવો માનવ માનવી, ચાલીએ ધર્મનો પંથ ! ધર્મ પંથ છે શાંતિપંથ, ધર્મપંથ,સુખ પંથ ભારત જેવા બિન સંપ્રદાયિક રાષ્ટ્રમાં જ નહીં પણ વિશ્વમાં અવતાર ધારણ કરીને માનવદેહ રૂપી વિહરતા બૌધ્ધિક, વર્ચસ્વશાળી જીવ 'માનવ' માટે આ બે પંકિતઓ બહુ જ આદર્શરૂપ બને છે. ધર્મ એ જીવન જીવવાની ઉમદા કળા જ છે. આપણે જેને વિવાદનું સ્વરૂપ બતાવીને 'ધર્મ' કહીએ છીએ એ તો 'સંપ્રદાય' છે. માનવીને માનવ સ્વરૂપે પૃથ્વીલોક પર અનામીથી નનામી સુધીના વચ્ચેના સમય ગાળામાં 'નામી' બની પોતે પોતાના સંપ્રદાયમાં શાંતિ-સુખની સ્થાપના કરે ને બીજા જીવો પર પણ એવી દિર્ઘદ્રષ્ટી કેળવે જેનાથી પૃથ્વીલોક પર સુક્ષ્મથી માંડીને મહાકાયા જીવો છે ને તેનો અધિપતિ 'માનવ' જીવ એટલા માટે કુદરતે બનાવ્યો કે તે અન્ય જીવોને 'રખેવાળ' રક્ષક બની પોતે સુખચેનથી રહે ને બીજાને રહેવા દે, જીવવા દે એટલે જ કહ્યું છે કે આ પૃથ્વીલોક પર માનવદેહે મળવો દુર્લભ છે. ભગવાનને પણ માનવદેહ ધારણ કરીને પૃથ્વીલોક પર આવવાની ઈચ્છા થાય છે પરંતુ આપણે ભુતકાળના ગ્રંથો દંતકથાઓને વર્તમાનની સ્થિતિ વાંચી-સાંભળી જોઈને એટલું ચોક્કસ અનુભવી શકીએ કે આ પૃથ્વીલોક પરનો માનવદેહ રક્ષકની ભૂમિકામાં જે ઉદેશ સાથે મુકવામાં આવ્યો હતો તે 'ભક્ષક' બની ગયો છે. એકબીજા દેશના માનવીની તુલના થાય કે આનાથી આ ભ્રષ્ટાચારમાં આગળ છે. અલ્યા તને રક્ષક રખેવાળની જવાબદારી સોંપવામાં આવી છે ત્યારે તું તેને શ્રેષ્ઠ રીતે બજાવવાની દ્રષ્ટી તો રાખ પણ ના તે અનામીથી નનામીની સાચી વ્યાખ્યા જાણતો હોવા છતાં આ બે વચ્ચેના સમયગાળામાં મારૂં મારૂં ને મારૂં માં છેવટે મરે છે પણ બીજા જીવોને દુ:ખી કરીને પોતે દુ:ખી વ્યથિત તો હોય જ છે. કારણ કે તને મારૂં મારૂં ને વળગણ જ હોય છે તે માનવ મનને સતત વિહવળ રાખે છે ને માનવી પાસે પોતાની જરૂરીયાત મુજબની ધન સંપત્તિ હોવા છતાં દુ:ખી જ ભટકતો હોય છે. આવો આત્મા જ પ્રેતાત્મા થાય છે એવું શાસ્ત્રોમાં પણ કહ્યું છે. માનવી સિવાય બીજા જીવો બુધ્ધિ-શક્તિ ધરાવે છે. શિસ્તમાં પણ રહે છે તેનામાં મારૂં મારૂં ની ભાવના હોતી નથી કયાંક પોતાના જીવન નિર્વાહ માટે ખોરાક માટે ઝઘડે પણ છેવટે પેલી માનવ જેવી લાલસા, મદ, મોહ, અભિમાન તો નથી જ હોતું ને તેથી કોઈ પશુ પક્ષીનો આત્મા પ્રેતાત્મા બનતો નથી.કુદરતી સંપત્તિનો વિનાશ કરીને પણ પોતાના પર આફત નોતરે છે ને તે આ બાબતથી સતત બેધ્યાન રહે છે. પૃથ્વીલોકની જીવસૃષ્ટીમાં કુદરતી સંપત્તિનું ઘણું મહત્વ છે. શુધ્ધ હવા, પાણી, પ્રકાશ જરૂરી છે. આજકાલ નર્મદામાં જળ સંકટને લીધે ગુજરાતમાં વિકટ પરીસ્થિતિ સર્જાવાની શરૂઆત થઈ છે ત્યારે જળ એ જીવન છે. કોઈએ માનવની જીવનશૈલીમાં કહ્યું છે કે સંત ન હોત સંસારમાં તો જલ જાત બ્રહ્માંડ. આપણે આ બધી વાતમાં મુખ્ય વાત આજે એ જ કરવી છે કે, કુદરતી સંપત્તિનું જતન કરો તો જ માનવજાતમાં શાંતિ-સમૃધ્ધિ-સ્વાસ્થ્યની જાળવણી થશે. પાણીને વાણીનો બહુ વિવેક પુર્ણ ઉપયોગ જો માનવી કરે તો કયારેય દુ:ખી ન થાય. આજે પાણી અને વાણી બંનેનો બેફામ ઉપયોગ થઈ રહ્યો છે. ગુજરાતમાં ફેબ્રુઆરી બીજા સપ્તાહથી જ કેટલાક વિસ્તારોમાં પીવાના પાણીનો કકળાટ ઉભો થયો છે. નર્મદાના પાણી ઘણા વિસ્તારો સુધી પહોંચ્યા છે જેનો લાભ ચોક્કસ કૃષિ, પશુપાલન ક્ષેત્રે થયો છે ને સાથોસાથ પીવાના પાણીની વર્ષોથી તકલીફ ભોગવતા વિસ્તારો, ગામડા સુધી પીવાનું પાણી મળતાં પ્રજામાં ખુશાલી વધી હતી. ટેન્કરને વિરડાના પાણીથી છુટકારો મળ્યો હતો પણ નર્મદા ડેમમાં પાણીનું સ્તર દિન-પ્રતિદિન ઘટતાં જળસંકટ ગુજરાતમાં સર્જાવવાની શરૂઆત થઈ ચુકી છે. ત્યાં કેટલાક અખબારો, ન્યુઝ ચેનલોએ પણ જળ શ્રીકૃષ્ણ જળ બચાવો, સમૃધ્ધિ વધશે, આગામી ઉનાળો કપરો સાબીત ન થાય તે પાણી વગર ગુજરાતના કોઈ ખુણે માનવી કે અબોલ પશુ પક્ષીઓ મોતના મુખમાં ન ધકેલાય તેની તકેદારી રાખવી જોઈએ. પાણીનો બગાડ ન થાય એ રીતે વિવેકપુર્વક ઉપયોગ કરો. પ્રિન્ટ-ઈલેકટ્રોનિક મીડીયાના રીપોર્ટરો પોતાના અહેવાલમાં લખે છે કે ભરઉનાળે ગુજરાતના છેવાડાના વિસ્તારના પીવાના પાણીની વર્તાઈ અછત અલ્યા ભાઈ જરા સમજી વિચારીને તો સમાચાર બનાવો. ગુજરાતમાં ભરઉનાળો નહીં પણ હજુ તો ધીમા પગલે ઉનાળાની શરૂઆત થઈ છે ને ત્યાં પાણીની વિકટ સમસ્યા સર્જાઈ તો ભરઉનાળે કેવી ભયંકર સ્થિતિનું નિર્માણ થશે. જે બાબતે પ્રજા અને સરકાર સંકલન સાધે, ગ્રામ પંચાયત-પાલિકા-મહાનગરપાલિકાના છેવાડાના વિસ્તાર સુધી પીવાલાયક શુદ્ધ પાણી મળી રહે તેવું આયોજન સુચારૂ રીતે કરવુ જોઈએ.

અનુસંધાન પાના નં.૬ ઉપર

## શઠે શાઠયં સમાચરેત્

**શ્રદ્ધા અને સંસ્કાર**

ગતાંકથી ચાલુ

બધા ચોરો એકબીજાની સામે જોવા લાગ્યા. તેઓના મનમાં શંકાનો કીડો સળવળ્યો કે આ નાયક જ ધન છુપાવીને ધન પડાવાની વૃત્તિથી અમારી આગળ નાટક તો નથી કરતો ને ? તે લોકોએ કટાક્ષપુર્વક નાયકને કહ્યું, આ લક્ષ્મીપુર ગામમાં આપણને છોડીને બીજું કોઈ તો છે જ નહીં. ધનની પોટલીઓ તો એકદમ ભાર વાળી હતી. અચાનક તે કેવી રીતે અદ્રશ્ય થઈ જાય ? સૌનો તે નાયક હતો એટલે ઘણું તો કહેવાય નહીં. બધાને એમ કે ઘોડો આટલું ચાલ્યો એટલે પડી ગઈ હશે. બધાએ શોધવા ઘણો પ્રયત્ન કર્યો, પણ ન મળી. નાયકે બધા ચોરોને ભેગા કરીને કહ્યું, આ પોટલીઓ સાચવવાની જવાબદારી મારી હતી. તમે મને સોંપીને ગયા હતા. મારી ભુલના કારણે જ ખોવાઈ છે.. હું સાત દિવસની અંદર અંદર એ ત્રણ ચાર પોટલીઓ ગમે ત્યાંથી લાવીને તમારી આગળ હાજર કરીશ. સાતમા દિવસે પોટલીઓ તમારી આગળ હશે. હું પ્રતિજ્ઞા કરૂં છું કે જો હું પોટલીઓ તમારી સામે ન લાવી શકું તો હું તમારી સામે નહીં આવું.. ચોરીનો બીજો સામાન લઈને નાયકની સાથે બધા લુંટારાઓ જંગલમાં જતા રહ્યા.

લુંટારાઓ હવે જતા રહ્યા છે એવા સમાચાર સાંભળીને લક્ષ્મીપુર નગરના રહેવાસીઓ પોતાના નગરમાં પાછા આવવા લાગ્યા. ચોરોની ચોરેલી જે પોટલીઓ હતી તે એકદમ ધ્યાનપુર્વક રામગુપ્તે મુકી દીધી.તે પોટલી વિશેની વાત રામગુપ્તે ગુપ્ત જ રાખી, કોઈનેય ન કહી. તે ધનનો ઉપયોગ પણ તેણે ઘર સમારકામ કે બીજી કોઈ રીતે કર્યો નહીં. કારણ કે જો મોટો ખરચો કરે તો ગામવાળાને પણ શંકા જાય કે રામગુપ્ત તો ખુબ નુકશાનમાં હતો. હમણાં કયાંથી આટલું બધું ધન લઈ આવ્યો ?

ચોરોના નાયકે તો પ્રતિજ્ઞા પુરી કરી હતી કે ગમે ત્યાંથી તે ત્રણ ચાર પોટલીઓ લાવીને સાથીદારોને સમર્પિત કરીશ. તેના મનમાં એવો વિચાર હતો : જો લક્ષ્મીપુર નગરમાં હમણાં બે ત્રણ દીવસમાં કોઈ અચાનક ધનવાન થયો છે એવા સમાચાર મળે તો ચોક્કસ એ ધનવાન જ મારી સંપત્તિ ચોરવાવાળી વ્યક્તિ હશે તેથી એવા સમાચારને જાણવા ચોરોનો નાયક એક શ્રેષ્ઠીનો વેશ ધારણ કરીને લક્ષ્મીપુર નગરમાં આવ્યો. થોડો ઘણો વ્યાપાર કરવા તે બજારમાં ગયો.બનવાજોગ એવું બન્યું કે એ જ વખતે રામભાઈ ઓળખી ગયા. રામગુપ્તે વિચાર્યું, ચોક્કસ આ ચોર પોતાની પ્રતિજ્ઞા પુર્ણ કરવાની ઈચ્છાથી આવ્યો હશે. શ્રેષ્ઠીનો વેશ પહેરીને ધનની પોટલીઓ શોધવા આવ્યો લાગે છે. તે ધનની પોટલીઓ મારા ઘર પાસે જ ખોવાઈ હતી. તેથી ગુપ્ત રીતે આ ચોર મારા ઘેર આવશે જ.. આવી પણ તેમણે ધારણા કરી.

દિવસ પુર્ણ થયો.રાત્રીનો પ્રારંભ થયો. સમય પસાર થાય છે...વારંવાર રામભાઈ ઘરની આજુબાજુની દિવાલ તરફ ધ્યાનથી જોતા કે કોઈ આવ્યું તો નથી ને ? બુધ્ધિશાળી રામગુપ્તની ધારણા એકદમ સાવ સાચી નીકળી. રાત્રીના દોઢ બે પ્રહર વીત્યાને તેમના ઘરની જમણી બાજુથી પગલાંનો સામાન્ય સળવળાટ સંભળાયો. રામભાઈને લાગ્યું કે ચોર આવી જ ગયો છે. દિવાલ પાસે જે પગલાંનો સળવળાટ સંભળાયો તે ખરેખર ચોરનો જ હતો.અનુસંધાન પાના નં.૬ ઉપર

## જીવન તળાવ જેવું અપ્રવાહીત સ્થાનકવાસી નથી હોતું, એતો ગતિશીલ હોય છે

જીવન તળાવ જેવું અપ્રવાહીત સ્થાનકવાસી નથી હોતું, એતો ગતિશીલ હોય છે. તે નદી જેવું પ્રવાહ યુક્ત છે. એમાં પરિવહન સિવાયની બીજી કોઈ બાબત કાયમી નથી વહેવું અને સતત વહેવું એ જ નદી નું શીલ છે. તળાવ પાસે ગંતવ્ય કે ધ્યેય હોતો નથી.નદી પાસે સ્પષ્ટ ધ્યેય હોય છે. સાગર સુધી પહોંચવાનું. જીવનને અસ્ખલિત પ્રવાહ તરીકે જોવું એ સમજણ ની શરૂઆત છે. આપણા જીવનના ઘણા ખરા ઉપદવો કાયમીપણાની ભ્રમણા ના ફરજંદો છે.જીવનની વહનશીલતાને બધા વળગણો તે વામણા બનાવી દેતી જણાવ્યું છે. પ્રવાહમાં જેમ આગળ વધીએ તેમ તેમ ઓવારો પાછળ રહી જતો હોય છે. પછી દુરથી દેખાતો પણ બંધ થઈ ને અદ્રશ્ય થઈ જાય છે.કોઈને જીવન નાટક લાગે છે. કોઈએ તેને ખેલ સમજીને કહ્યું છે કે જીવન એ જુગાર જેવું છે. કોઈએ જીવનને પ્યાર સાથે સરખાવ્યું છે, તો કોઈ એ તેને કાંટાનું જંગલ, કોઈને ફૂલોના બગીચા જેવું લાગે છે. કોઈએ તો કહ્યું છે કે

"આવડે મહેકાવાં તો જીંદગી ગુલઝાર છે, ઓળખો તો રોશની,ન ઓળખો તો અંધાર છે, પુષ્પ મધમધતું ને ચાંદની પણ એ જ છે, સેજ છે ફૂલો તણી તલવાર ની એ ધાર છે.ફૂલો ખીલવતાં આવડે તો જીંદગી ગુલઝાર છે."

જીવનને જો સાચા અર્થમાં ઓળખીએ તો રોશની છે. ઝળહળતી રોશની પ્રકાશ જ પ્રકાશ ક્યાંય અંધકાર નથી પરંતું જેને જીવનને નથી ઓળખ્યું તેની ચારે બાજુ અંધકાર જ નજર આવે છે. ડગલે ને પગલે મુંઝવણ જ રહે છે.આગળ રસ્તો નજર આવતો નથી.

અનુસંધાન પાના નં.૬ ઉપર

**સૌરભ** — બી.કે.નીતાબેન

## ગુજરાતના કેટલાક...

પાના નં.૧ ચાલુ

છે અને પારો ૩૬ સુધી રહી શકે છે. આગામી બે દિવસ દરમિયાન મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં કોઇ ફેરફાર થવાની શક્યતા નહીવત દેખાઈ રહી છે. તમામ જગ્યાઓ ઉપર હવે પંખા અને એસીનો ઉપયોગ થવા લાગી ગયો છે. હાલમાં નિચલી સપાટી પર ઉત્તર-પશ્ચિમી પવનો ફુંકાઈ રહ્યા છે. ગયા વર્ષની જેમ આ વર્ષે પણ તીવ્ર ગરમીનો અનુભવ થવાની શક્યતા જાણકાર લોકો વ્યક્ત કરી રહ્યા છે. બપોરે ગરમીનો અનુભવ થઇ રહ્યો છે. આવતીકાલે અમદાવાદમાં પારો ૩૭ની આસપાસ રહી શકે છે. હાલમાં બે ત્રણ દિવસ સુધી મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ફેરફાર થવાની શક્યતા ઓછી દેખાઈ રહી છે. આજે વડોદરામાં પારો ૩૪.૮ સુધી પહોંચ્યો હતો જ્યારે નલિયામાં ૩૧.૬, ભુજમાં ૩૬.૬, અમરેલીમાં ૩૬.૪ ડિગ્રી તાપમાન રહ્યું હતું. ગાંધીનગરમાં આજે પારો લઘુત્તમ તાપમાનમાં ૨૪ ડિગ્રી રહ્યું હતું. ગરમીની શરૂઆત થઈ ચુકી છે. અમદાવાદમાં મિશ્ર સિઝનમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગના કેસોમાં વધારો થયો છે. હાલના તાપમાન વચ્ચે રાજયના અનેક વિસ્તારોમાં શરદી, ખાંસી, દમ, અસ્થમા જેવા રોગના દર્દીઓની હાલત કફોડી બની જવા પામી છે.

## ભાજપ શાસિત ...

પાના નં.૧ ચાલુ

દિવસે દેવામા ડૂબી રહી છે. જોકે, છેલ્લા દોઢ વર્ષથી પાણી પુરવઠાના ૧૬ લાખના હપ્તા સામે પાલિકા ૬ લાખ રૂપિયા ચૂકવી રહી છે. જોકે, કરોડોની સરકારી બાકી રકમ ભરવામાં પાલનપુર પાલિકા કોઈ પણ પ્રકારની ગેરંટી આપી શકતી નથી તેવું પાલિકાના ઓ.એસ. રમેશભાઈ પરમારે જણાવ્યું હતું.

વિવાદોની પર્યાય બનેલી અને અનેક કૌભાંડોમાં ફસાયેલી ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકા લોકો પાસેથી બમણો વેરો વસુલ કરી રહી છે. જેમાં મોટી સંસ્થાઓને છાવરનાર પાલિકા દ્વારા નાના માણસોની હેરાનગતિ કરાય છે. ત્યારે પાલિકાની બેદરકારીથી પાલનપુર શહેરને પીવાના પાણી માટેની મુશ્કેલી નો સામનો કરવો પડી શકે છે.

તાજેતરમાં જ શહેરમાં જુના બોર બંધ હોવા છતાં નવા સાત બોર કરવાની સાથે ડસ્ટબીન કૌભાંડમાં ફસાયેલા પાલિકાના સત્તાધીશો વેરા વસુલાતમા નિષ્ફળ છે. ત્યારે પીવાના પાણીને લઈ કરોડો ના દેવામા ડૂબેલી પાલિકા ભર ઉનાળામા લોકોને તરસે મારે તેવી દહેશત વર્તાઈ રહી છે.

## સોયલા...

અનુસંધાન 3 નુ ચાલુ..

પંથકમાં શ્રદ્ધાળુઓનું આસ્થાનું કેન્દ્ર બની રહેલ છે.

રવિવારની રાત્રે સમસ્ત રાવલ પરિવારની માતાજીની રમેલ(જાતર) યોજાઈ. જેમાં ભુવાજી નાગજીભાઈ કેશાભાઈએ ભુવાજી અને ભક્તજનોએ ` અને શ્રધ્ધાળુઓએ દર્શનનો લાભ લીધો હતો. જેમાં રાત્રે રમેલ(જાતર) નિમિત્તે ભાવિક ભક્તો અને સેવક રાવલ તેજારામભાઈ અમીરામભાઈ, રાવલ ચેલાભાઈ કેશાભાઈ, રાવલ વેલાભાઈ કેશાભાઈ,રાવલ નટવરભાઈ ધનસુંગભાઈ, રાવલ વસરામભાઈ પરાગભાઈ, રાવલ અમરતભાઈ પરાગભાઈ, રાવલ ગમનભાઈ નાગજીભાઈ વગેરે ઉપસ્થિત હાજર રહેલ. શ્રી સગોતર માતાજીની રમેલમાં સાથ અને સહકાર આપ્યો હતો.

જેમાં સમસ્ત સોયલા ગ્રામજનોએ સાથ અને સહકાર આપ્યો હતો. જેમાં સાઉન્ડ અને ગાયક કલાકારો માતાજીના ગુણલા ગાઈને ભુવાજી અને ભક્તોને મંત્રમુગ્ધ કર્યા હતા. સવારે ઉગતા પ્રભાતે તેલફુલ ઉપસ્થિત ભુવાજીઓ અને ભક્તજનોએ ચઢાવી બાદમાં વિશાળ સંખ્યામાં માતાજીનો પ્રસાદનો લાભ લીધો હતો અને માતાજીના દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

## રામસણમાં ડી.પી.ફાટવાથી...

પાના નં.૮ ચાલુ

આદેશ કર્યો છે. આ ચુકાદો આપતા બનાસકાંઠા ગ્રાહક અદાલતે ઘણાબધા સિદ્ધાંતો પુનઃ સ્થાપિત કર્યા છે. જેમાં વપરાશકાર એ ગ્રાહક છે તે સિદ્ધાંતને પુનઃ સ્થિાપિત કરેલ છે.

ફરીયાદની વિગતો મુજબ કણબી લાલાજી ચેનાજી રામસણ ગામે સર્વે નંબર ૪૪૬ વાળી જમીનમાં ઉત્તર ગુજરાત વિજ કંપનીનું વિજ જોડાણ (ગ્રાહક નંબર) ૭૧૮૨૪/૦૦૨૬૧/૦ થી ૨૫ હો.પા.નું એ/૧ ટાઈપનું ફિડર ૯૧ માં વિજ કનેક્શન ધરાવતાં હતા કણબી લાલાજી ચેનાજી પાસેથી રામસણ ગામના રહેવાસી શિવરામભાઈ ત્રિવેદીએ અડાણવટ ગીરોથી સદરહું જમીન રાખેલ હતી. અને તેઓના ભાગીયા તરીકે મરણજનાર નારણભાઈ નેમાજી કોળી ખેતર ઉપર કામ કરતા હતા. દરમિયાન અચાનક વિજ કંપની દ્વારા મુકવામાં આવેલ ડી.પી.ફાટતાં અને ડી.પી.માં ઓઈલનો બમ્બો ફુંકાતા નારણભાઈ નેમાજીના ટ્રેક્ટર ઉપર અને તેઓની ઉપર પડતાં નારણભાઈ અને તેમનું ટ્રેક્ટર સ્થળ ઉપર જ બળીને ભસ્મિભૂત થઈ ગયેલા અને નારણભાઈનું મૃત્યુ થયેલ.

ચાલુ કેસ દરમિયાન વિજ કંપનીએ વાંધો લિધેલ કે મરણ જનારના નામે વિજ કનેક્શન ન હોઈ તેઓ ગ્રાહક નથી અને તેથી તેઓને વળતર ચુકવી શકાય નહી. તેની સામે ફરીયાદ તરફે શ્રીજાગૃત નાગરિક ગ્રાહક સુરક્ષા મંડળના મેનેજિંગ ટ્રસ્ટી કિશોર કે.દવેએ ગ્રાહક સુરક્ષા અધીનિયમ ૧૯૮૬ ની જોગવાઈઓ મુજબ વપરાશકાર એ ગ્રાહક હોવા અંગેની ધારદાર દલીલો કરી નેશનલ કમીશન અને નામ.સુપ્રિમ કોર્ટના પૂર્વ જજમેન્ટ્સ રજુ કરતાં ગ્રાહક અદલાત શ્રીદવેની દલીલોથી સહમત થઈ અને વપરાશકાર એ ગ્રાહક છે તે સિદ્ધાંતને પુનઃ સ્થાપિત કરી વિજ કંપનીના વાંધાને ખારીજ કરી ગ્રાહકને વળતર ચુકવવાનો આદેશ ફરમાવેલ છે.

તેમજ ટ્રેક્ટર બચાવવા જતાં ખેડૂતે (ભાગીયાએ) જીવ ગુમાવેલ હોઈ પોતાની વસ્તુ બચાવવી કે બચાવવા પ્રયત્ન કરવો તેને કોઈપણ પ્રકારે બેદરકારી ગણી શકાય નહીં તેવા મહત્વના સિદ્ધાંતમાં નામદાર બનાસકાંઠા ગ્રાહક અદાલતના જજ શ્રી દી.પી.વૈધએ ગ્રાહક સુરક્ષા ધારો એ ગ્રાહકો માટેનો ધારો હોઈ અને કાયદાની જોગવાઈઓ મુજબ વપરાશકાર ગ્રાહક છે અને પોતાની વસ્તુ બચાવવી એ બેદરકારી ગણી શકાય નહીં તેવું તારણ કાઢી વિજ કંપનીને કસુરવાર ઠેરવી વિજ કંપનીનું ટ્રાન્સફર્મર ફાટવાથી નુક્શાન થયેલ હોઈ વિજ કંપનીએ વળતર ચુકવવું જોઈએ અને તે માટે વિજ કંપનીને કસુરવાર ઠેરવી ગ્રાહકને ન્યાય અપાવેલ છે.

## કાંકરેજ તાલુકામાં...

પાના નં.૮ ચાલુ

થાય છે. બિનકાયદેસર લીઝ સામે પગલાં કોણ ભરે?? ઓવરલોડ રેત ભરીને દોડતાં વાહનોને કોણ ઝડપે... હપ્તા નહી આપતા વાહનો પકડીને બાહોશી બતાવતું તંત્ર... પ્રજાની તકલીફ આપતાં રેત ભરીને ઓવરલોડ દોડતાં હપ્તો ચૂકવતાં વાહનો પકડી મીડીયાને માહિતી આપશે ખરું?? બનાસનદી પટ વિસ્તારની મુલાકાત સાચી રીતે ભૂસ્તર ખાણ ખનીજના બાહોશ અધિકારીઓ લેશે કે પછી સોનાની ખાણમાંથી??

## બનાસકાંઠા જિલ્લામાં ...

પાના નં.૮ ચાલુ

જોતામાં ગાજવીજ સાથે મોટા ફોરા સાથે છાંટા પડયા હતા. જેને પગલે ખેડૂતોએ લીધેલો પાક બચાવવા માટે મોડીરાત્રે દોડધામ કરી મુકી હતી. આ અંગે ખેડૂતોએ જણાવ્યું હતુ કે, ખાસ કરીને જીરાના પાકને વધુ નુકશાન થયું છે. આ ઉપરાંત એરંડા અને ઘઉનો પાક પણ પલડી ગયો છે. જો વરસાદ વધુમાત્રામાં અને વધુ સમય પડ્યો હોત તો ગતવર્ષની જેમ પાક નિષ્ફળ જવાની દહેશત હતી.

## જગાણામાં...

પાના નં.૮ ચાલુ

ઠાકોર અને વિનોદજી મોહનજી ઠાકોર હેલીપેડ ગયા હતા. જ્યાં ગામના જ સચિન દેવાભાઇ રોમાતર, જીગર વાઘજી લોહ, નિતીનકુમર કાળુભાઇ રોમાતર, નરેશ દલજી કરેણ તથા સાવન ગોયા ચૌધરીએ તુ કેમ આ ગ્રાઉન્ડમાં દોડવા આવે છે? તેમ કહી અશ્વિનભાઇ ઉપર હૂમલો કર્યો હતો. અને ગદડાપાટુનો મારમારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જેને દિનેશજી અને વિનોદજીએ છોડાવી પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડયો હતો.

આ અંગે રતનજી રાધુજી સોલંકીએ પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે પાંચેય શખ્સો સામે ગૂનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આમ, કેન્દ્રીય મંત્રીના ખીલે કુદતા કેટલાક તત્વોની હરકતોથી ખુદ મંત્રી સાથે ગામની બદનામી થઇ રહી હોવાની ચર્ચાએ વેગ પકડ્યો છે.

## જિલ્લામાં ઘઉં,...

પાના નં.૮ ચાલુ

જિલ્લામાં ઘાસચારાની તંગીને લઈ સુકાઘાસના વેપારીઓ બહારની સુકો ઘાસચારો લાવી અનેક સ્થળો પર વેચાણ કરી રહ્યા છે જે સુકો ઘાસચારો વેચાતા સ્થળો પર પણ તડાકો પડી રહ્યો છે આ બાબતે એક પશુપાલકના જણાવ્યા પ્રમાણે ચોમાસુ સીઝનમાં મગફળીની ચાર જે પ્રતિમણ ૮૦ રૂપિયાએ મળતી હતી જે આજે ૧૭૦ થી ૧૮૦ રૂપિયા પ્રતિમણ વેચાઈ રહી છે જે પણ ભેળસેળ સાથે તેનું વેચાણ થઈ રહ્યુ છે.

# 'વો કૌન થી'ની રિમેકમાં શાહિદ કપૂર ચમકશે..??

મુંબઈ

ટોચનો અભિનેતા શાહિદ કપૂર પદ્માવત જેવી ઐતિહાસિક અને બત્તી ગુલ મીટર ચાલુ જેવી સામાજિક હેતુલક્ષી ફિલ્મો કર્યા પછી હવે એક સાઈકોલોજિકલ થ્રીલર ફિલ્મ કરે એવી શક્યતા હોવાનું જાણવા મળ્યું હતું. બત્તી ગુલ મીટર ચાલુના શૂટિંગ દરમિયાન ફિલ્મની સહનિર્માત્રી ક્રી અર્જની પ્રેરણા અરોરા સાથે શાહિદને સારો એવો મનમેળ થઇ ગયો હતો. પ્રેરણાએ વાત વાતમાં એને કહ્યું હતું કે અમે ૧૯૬૪માં રજૂ થયેલી હિટ ફિલ્મ વો કૌન થીની રિમેકનું પ્લાનિંગ કરી રહ્યા છીએ. તમને એમાં રસ હોય તો કહેજો.

શાહિદ બત્તી ગુલ મીટર ચાલુ ઉપરાંત આ બેનરની બીજી બે ફિલ્મો પણ કરવાનો છે. એટલે સ્વાભાવિક રીતેજ બેનરના સંચાલકોને શાહિદને ઝડપી લેવામાં રસ હોય. પ્રેરણાએ આ માહિતી આપતાં કહ્યું કે મનોજ કુમારને અમારા તરફથી બિરદાવવાના પ્રયાસ રૂપે અમે આ ફિલ્મની રિમેક બનાવવાનું વિચારી રહ્યાં છીએ. મનોજ કુમાર પાસેથી ફિલ્મનાં બે ગીતો લગ જા ગલે કે ફિર યહ હસીં રાત હો ન હતો તથા નૈના બરસે રીમઝીમ રીમઝીમના રાઈટ્સ પણ અમે ખરીદી લીધા હતા. મનોજ કુમારનું સ્થાન શાહિદ કપૂર લઇ શકશે ખરો એવા સવાલના જવાબમાં પ્રેરણાએ એક મુત્સદ્દી જેવો જવાબ આપતાં કહ્યું કે હાલ સ્ટારકાસ્ટ વિશે કંઇ કહેવું વધુ પડતું વહેલું ગણાશે.

હાલ કરણ જોહરને કોઈ સંજોગોમાં બ્રેક નહિ મળે

## સૌરભ...

અનુસંધાન ૫ નું ચાલું

જીવન એ સુવાસિત ફૂલ છે જે સદા મહેંકતું રહે છે. જે સુવાસ આપણે તો માણી શકીએ છીએ પણ બીજા ને પણ મળે છે. સાથે સાથે જીવન ચાંદની પણ છે.

જીવન વિશેની દરેક વિચારધારા જુદી જુદી હોય છે ઘણા લોકો કહે છે. જીવન કેટલું અને વાત કેટલી મૌજ કરો ને યાર એક દિવસ મરી જવાનું છે નેં બિંદાસ્ત લોકો ના મોઢે આવી વાતો સાંભળવા મળે છે. જલસાને જ જીવન સમજનારા કોઈને કોઈ બહાના શોધી લે છે. આ જ વાત ને સમજુ માણસ જુદી રીતે લે છે. ભગવાને જીવન આપ્યું છે તો કંઈક સારૂ ન કરીએ ? જીવનને માણસ કઈ રીતે જુએ છે.તે મહત્ત્વનું છે. માત્ર વિચારોમાં ભેદ હોય છે, જીવન તો બધા ને એક સરખું જ મળ્યું હોય છે. પણ કેવી રીતે જીવવું એ જ શીખવાનું હોય છે.

દારૂ ના શોખીન કોઈ કોઈ બહાના શોધી લે છે. આનંદ હોય તો સેલીબ્રેશન અને દુઃખ હોય તો ગમ ભુલવાનું બહાનું. એવું કહેવાય છે કે'પીને વાલે કો તો પીને કા બહાના ચાહિએ.' આ જ વાત ને કોઈ એ કંઈક જુદા શબ્દ માં કહી, "જીને વાલે કો જીને કા બહાના ચાહિએ." જીંદગી માટે એક બહાનું જોઈએ. સારા શબ્દોમાં કહીએ તો જીવવા માટે કોઈ કારણ હોવું જોઈએ.જે વ્યક્તિ પાસે કારણ નથી હોતું અવઢવમાં અટવાયેલો જ રહે છે. મક્સદ વિનાનું જીવન ચાલતું તો રહે છે પરંતુ તેને કોઈ દીશા હોતી નથી સાગરમાં હોડી છોડીએ ત્યારે તેને કઈ તરફ લઈ જવાની છે તે પણ ખબર હોવી જોઈએ.દીશા ન જાળવી રખાય તો ગમે ત્યાં ફંગોળી દેશે. દીશા વગરની હોડી ઘણીવાર ડુબાડી પણ દે છે.

જીવન એક જુગાર છે. આપણે ઈચ્છીએ કે ન ઈચ્છીએ આ જીંદગી નો જુગાર દરેક માણસે રમવો જ પડે છે. રોજ સવારે એક બાજી લાગે છે.હાર અથવા જીત એ બાજીની પ્રકૃતિ છે. આ જુગાર સમય સાથે નો છે. સમય દરેક વખત જીતવા નથી દેતો, અને દરેક વખતે સમય જીતતો પણ નથી.ઈતિહાસ સાક્ષી છે કે માણસ સમયનું પોત ફાડીને સફળ થયો છે. ભીંત ઉપર ઉગેલા પીંપળાની જેમ માણસ સમયને ફાડીને જીવ્યો છે. અને જીત્યો પણ છે. જો કે આ જુગાર બધ પત્તાના જુગાર જેવો નથી આ જુગાર જીતવો કે હારવો તે માણસના પોતાના હાથમાં છે. મારે હારવું નથી એવો દ્રઢ નિશ્ચય કરનારો માણસ જીંદગીનો જુગાર ક્યારેય હારતો નથી.જીવનનો જુગાર સંઘર્ષ નો છે.જેનો સંઘર્ષ ઓછો પડે તે જ વ્યક્તિ આ જુગાર હારે છે. કોઈપણ મહાન માણસની સફળતા સહજતાથી નથી મળી.

**બી.કે. નીતાબેન**

**રખેવાળ** ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરીક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ........................જ.તા. .................ઉ.વ.
પરિચય: ........................................................
સરનામુ : ......................................................
મોકલનારની સહી : ............................................

## ચિંતન...

અનુસંધાન ૫ નું ચાલું

ફક્ત પ્રિન્ટ ઈલેક્ટ્રોનિક માધ્યમોમાં કરોડોની જાહેરાત પ્રસિદ્ધ કરવાથી કોઈ જ ફરક પડતો નથી.કેટલાક ગામડાં, પાલિકા વિસ્તારમાં કહેવાતા લોકસેવકોને આગેવાનો, પીવાના પાણીનો ઉપયોગ પોતાના ફાર્મહાઉસ ખેતરમાં સિંચાઈ રૂપે કરે છે. આવા લોકોની પોલ ખોલવી જોઈએ. તેઓ ગામના આગેવાનો બની બેઠા હોવાથી ત્રણ ચાર કનેકશનો ધરાવે તે પાણીનો બગાડ બગીચા, સર્વિસ સ્ટેશનોમાં કરે. શું આવા લોકોને બોધપાઠરૂપે સમજાવી ન શકાય..ના એવી કોઈ જ ચહલ પહલ થતી નથી.. ગ્રામ આગેવાનો, અધિકારીઓ, ધનિક લોકોએ પાણી બચાવવાની શરૂઆત કરવી જોઈએ. પાણીનો બગાડ લગભગ આવા ઘરોમાં વધુ થાય છે ને પાણી બચાવો ઝુંબેશ ખરેખર સફળ થશે. આજે ગુરૂઓ બેફામ ગોળ ખાઈ રહ્યા છે ને ચેલાઓને તેમ નહીં કરવાની શીખામણ દરેક અભિયાનમાં કંઈક આવી જ સ્થિતિ જોવા મળે છે. બનાસકાંઠા જિલ્લા પંચાયતના પ્રમુખનું નિવાસસ્થાનને જિલ્લા પંચાયત ભવન પાસે જ બસ સ્ટોપ પાસે ગંદકીના ઢગે ઢગ આ લોકો જિલ્લાના બીજા ગામડાં કે ત્યાંની પ્રજાને સ્વચ્છતાનો શું સંદેશ આપે ? સ્વચ્છતા અભિયાનમાં સાવરણી-સાવરણા લઈને સ્વચ્છ જગ્યાએ સફાઈ ઝુંબેશના ફોટા અખબાર-ન્યુઝ ચેનલમાં પ્રસિદ્ધ કરાવતા આ નેતાઓને પોતાના આંગણામાં પડેલી ગંદકી કેમ દેખાતી નથી ? આ એક દ્રષ્ટાંત છે. બાકી ઠેર ઠેર આવું જોવા મળે છે. સરકાર તરફથી આદેશ છુટે છે એટલે અમે પરીપત્ર કરીએ છીએ ને તેનો જવાબ પણ શ્રેષ્ઠ રીતે આપો. કોઈ તપાસ થશે નહીં. ધો.૧૦ અને ધો.૧૨ ની પરીક્ષાઓ ચાલી રહી છે તેમાં સીસી ટીવી કેમેરાથી સજ્જ પરીક્ષાખંડો ને છેવટે શું ? જયાં વાડ જ ચીભડાં ગળતી હોય ત્યાં ? આવી સ્થિતિ આજે દેશભરમાં છે. ભ્રષ્ટાચાર વિરોધી અભિયાનમાં તેનો આગેવાન કે ઉચ્ચ અધિકારી જ ખાઉધરા હોય, નશાબંધી શાખામાં અમલ કરાવનાર મહેફીલમાં મસ્ત હોય, ત્યાં કોણ કોને કહે ? અપડાઉનીયા, ટયુશનીયા, ગુલ્લીબાજ શિક્ષકોના અહેવાલ આવે પણ તેની તપાસ કર્તા અધિકારી જ અપડાઉન ગુલ્લીબાજ કરતા હોય તો ? વાચક મિત્રો જરા ચિંતન કરશો આપણે કયાં ? ઈશ્વરીય અવતારીય મહીનો ચૈત્ર શરૂ થયો છે. ચૈત્રી નવરાત્રીની સાથે રામનવમી, હનુમાનજયંતિ, મહાવીર જયંતિ જેવા ઉત્સવો ઉજવવાને તેમના આદર્શને વાગોળવાને બદલે કર્મચારીઓ બે ત્રણ રજા મળી છે તે કઈ રીતે રખડપટ્ટી વ્યસનોમાં મસ્ત બની રહે તેની ફીરાકમાં હશે. એકાદ કલાક બધું કામ કરવું પડે તો ઝટકો વાગે ને પગારમાં રૂા.દશ ઓછા આવ્યા હોય તો ? લોકસેવકોના પગાર, ભથ્થાને સગવડની વાત જ કરવી નથી ? કારણ કે બિચારા લોકસેવકો તો શું કરી શકે ? ભારત માતા કી જય.. અસ્તુ..

**યશપાલસીંહ ટી. વાઘેલા મો.૯૪૨૮૬૭૮૬૯૯**

## શ્રધા અને સંસ્કાર...

અનુસંધાન ૫ નું ચાલુ

ચોરના મનમાં એમ હતું કે મારા ધનની પોટલીઓ આ જ ઘરની આગળ ઉભેલા ઘોડા પર હતી અને હું આ ઘરમાં ચોરી કરવા આવ્યો એ જ અરસામાં ધનની પોટલીઓ ગુમ થઈ છે. એટલે બની શકે કદાચ આ ઘરના માલિકે જ મારી પોટલી લઈ લીધી હોય. જો તેણે લીધી હશે તો રાત્રે તેના પરિવાર વાળાને પોટલી વિશેની વાત કરશે જ અને મને સમાચાર પણ મળી જશે. તેથી હું તેના ઘર પાસે જાઉં અને ત્યાં થતો વાર્તાલાપ સાંભળું.. આ વિચારથી ચોર રાત્રે રામ ગુપ્તના ઘર પાસે આવ્યો અને સહેજ પણ અવાજ ન થાય તેવી રીતે ત્યાં સંતાઈ ગયો.

ચોર હોંશિયાર હતો એટલે સહેજ પણ અવાજ ન થવા દીધો. પણ રામભાઈ ચોરથી ડબલ હોંશિયાર હતા.

રામભાઈએ તરત જ બંને પુત્રોને બોલાવ્યા અને કહ્યું, પુત્રો ! હવે આપણું ભાગ્ય શુકલ પક્ષનાં ચંદ્રની જેમ ધીરે ધીરે ખીલતું હોય તેવું લાગે છે. મને લાગે છે કે આપણા ભાગ્યરૂપી ચંદ્ર ઉપર જે દીનતાનો રાહુગ્રસ્ત થયો હતો તે હવે જલદીથી દુર થઈ જશે.

પિતાજી ! આપ એવું કેવી રીતે કહી રહ્યા છો ? શું આજે બજારમાં આપ વ્યાપાર કરવા ગયા હતા ત્યારે બહુ લાભ થયો કે ? નાના દિકરાએ પ્રેમથી પિતાજીને પુછ્યું.

'ના એવું નથી પણ આજે સવારે આપણા ઘરની સામે જે આપણો ઘાસનો ઢગલો છે. ને ત્યાંથી હું ઘાસ લેતો હતો. તેમાં ઘાસની સાથે સુવર્ણ અને સંપત્તિથી ભરેલી ચાર પાંચ મોટી મોટી પોટલીઓ મને મળી.

મોટાપુત્રે આશ્ચર્યથી પુછ્યું, 'પિતાજી ! અમે તો આજે આખો દિવસ ઘરે જ હતથા. તો પછી તમે અમને કેમ ન કહ્યું ?

તે પોટલીઓ કોની હતી, કયાંથી આવી,કોણે મુકી એ બધી વાતની તો મને ખબર જ નથી. કદાચ બહાર વાત જાય તો ગામલોકો એવું વિચારે કે આપણા ગામનો રહેવાસી રામગુપ્ત જ ચોરી કરે છે અને મારી તો ગામમાં સજ્જન તરીકેની છાપ છે એટલે બહુ ખરાબ લાગે કાલે આપણે એ પોટલીઓ ગામના મુખીને અર્પણ કરીશું એટલે આપણને કોઈ જાતનીચિંતા ન રહે.' ગંભીરતાથી રામગુપ્ત બોલ્યા.

'પિતાજી ! તે પોટલીઓ તમે કયાં મુકી છે ? મને બતાવશો ? નાના પુત્ર એ પુછ્યું.

તમે કોઈને આ પોટલી વિશેની વાત ના કરતા. આપણા ઘરની પાછળ કુવો છે. તેમાં નાખી છે કાલે સાંજે મુખીને આપવાની છે એટલે આપણે કાલે બપોરે જોઈશું.

રામભાઈની વત સાંભળીને દિવાલ પાસે છુપાયેલો ચોર ખુબ ખુશ થઈ ગયો. તેને એમ થયું કે મારા મનની જે આશા હતી તે ફળી. કુદરતે મને સહાય કરી. તરત જ તે ઘરની પાછળ રહેલા કુવા પાસે ગયો અને દોરી બાંધીને પોટલીઓ લેવા અંદર ઉતર્યો.

ચોરના જવાનો સામાન્ય અવાજ રામભાઈએ સાંભળ્યો થોડા સમય પછી બંને ય પુત્રોને લઈને તેઓ ઘરની પાછળ કુવા પાસે આવ્યા અને તરત જ છરીથી કુવા ઉપર બાંધેલી દોરી કાપી નાખી. દોરી તુટતાં જ ચોર સીધો કુવાના તળ ઉપર પડયો. તેને એમ થયું કે દોરી કાચી હશે અથવા તો ઘસાઈ ગઈ હશે એટલે તુટી ગઈ. કુવાની અંદર ઘોર અંધારૂં હતું. ચોર ધનની પોટલી લેવા ફર્યો પણ રામગુપ્તે કયાં કુવામાં નાખીહતી તો મળે ? જ્યારે પોટલીઓ ન મળી ત્યારે ચોરને સમજાયું કે આ શેઠે મને પકડવા માટે ચાલાકી વાપરી હશે. હવે ઉપર આવવાનો રસ્તો ન હતો એટલે એણે આખી રાતકુવામાં જ પસાર કરી.

દોરી કાપ્યા પછી રામગુપ્ત બંને પુત્રોની સાથે ઘેર આવ્યા.

ઘરે આવ્યા પછી નાના પુત્રે પુછ્યું, 'પિતાજી ! આપે આ દોરી કેમ કાપી નાખી ? મને કંઈ ખબર ન પડી. મોટા પુત્રએ પણ કહ્યું, હા પિતાજી ! મને પણ કંઈ ખબર ન પડી.

બંને પુત્રોની વાત સાંભળીને રામભાઈને થોડું હસવું આવી ગયું. પછી ધનની પોટલી વિશે જે બન્યું હતું તે બધી વાત છોકરાઓને કહી. છોકરાઓ પણ પિતાજીની આવી તીક્ષ્ણ બુધ્ધિથી ખુબ આનંદિત થયા.

સવારે બંને પુત્રો સાથે સજ્જન રામગુપ્ત લક્ષ્મીપુર નગરના મુખી મળ્યા અને જે જે બન્યું તે બધી વાતો રામગુપ્તે મુખીને કહી.

મુખી તરત જ સૈનિકોને લઈને રામગુપ્તના કુવા પાસે ગયા. ચોરને કુવામાંથી બહાર તો ન કાઢયો પણ કુવાની કીનાર પાસે લટકતો રાખીને રામભાઈએ તેને સમજાવ્યોઃ 'ભાઈ તું શા માટે ચોરી કરે છે ? મહેનત કરીને અથવા તો વ્યાપાર કરીને જીવનનો આનંદ મેળવ. ચોરીના કારણે આજે તારે મોતના મુખમાં જવું પડશે. મને ખબર છે કે તું પ્રતિજ્ઞા પાલનમાં પ્રાણ આપવા પણ તૈયાર છે. મને એ પણ ખબર છે કે તું ગઈકાલે રાત્રે ધનની પોટલીઓ લેવા માટે આવ્યો ન હતો પણ તારી પ્રતિજ્ઞાના પાલન માટે આવ્યો હતો. જો તું હવેથી ચોરી નહીં કરે એવું વચન આપીશ તો તને થોડો પણ દંડ કરવામાં નહીં આવે. હું તને પ્રેમથી કહું છું કે તું બધા સામે આજે પ્રતિજ્ઞા કર કે હવે પછી હું કયારેય ચોરી નહીં કરૂં.

ચોરે કહ્યું : 'શેઠ ! મેં મારા સાથીદારો આગળ પ્રતિજ્ઞા કરી છે. સાત દિવસની અંદર અંદર ધનની પોટલીઓ હું ગમે ત્યાંથી હાજર કરીશ. જો પોટલીઓ તમારી સામે ન લાવી શકું તો હું તમારી સામે નહીં આવું. હવે મને ચોરી કરેલી ધનની પોટલીઓ મળવાની જ નથી તેથી હું મારી પ્રતિજ્ઞા અનુસાર મારા સાગરીતો પાસે જઈ શકીશ નહીં. તેથી હવે મારાથી કયારેય ચોરી નહીં કરી શકાય અને છતાં જો આપ કહેતા જ હો તો તમારા સહુ સમક્ષ અને ભગવાનની સાક્ષીએ પ્રતિજ્ઞા કરૂં છું કે હું મરણનું શરણ સ્વીકારીશ પણ ચોરીનો તો વિચાર કયારેય નહીં કરૂં.

ચોરની પ્રતિજ્ઞા સાંભળીને મુખી અને શેઠ ખુબ ખુશ થઈ ગયા. ચોરને કુવામાંથી પ્રેમપુર્વક બહાર કાઢયો. રામગુપ્તે ચોરને લાગણીથી ભોજન-સ્નાન કરાવીને મોકલ્યો. એ દિવસથી ચોરે ચોરી કરવાનું બંધ કર્યું. સાંજે આખા લક્ષ્મીપુર ગામને ભેગું કરી રામગુપ્તના ઘરે પડેલ પોટલીઓ જેની હતી તેને મુખીએ આપી. મુખીએ બધા લોકો વચ્ચે રામગુપ્તનું સન્માન કર્યું એ દિવસ પછી લક્ષ્મીપુર નગરમાં ચોરીનો ઉપદ્રવ બહુ ઓછો થઈ ગયો.

ધનવાનોના ધનની ચોરી કરવાવાળા ઘણાં હોય પણ ચોરના ધનની ચોરી (!) કરવાવાળી તો આવી વિભૂતિઓ જ હોય છે..

**પં.રાજપદ્મ વિજયજી**

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર**(કીલોના)
**ચાંદી ચોરસા ૩૯૦૦૦-૩૯૨૦૦**
રૂપુ કાચું ૩૯૦૦૦-૩૯૨૦૦
સોનુ તોલો ૩૧૦૦૦-૩૧૨૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૧૯૦**
પામોલીન ૧૧૬૦
સોયા રીફાઈન ૧૪૨૦
રાયડાતેલ ૧૫કી.૧૧૨૦-૧૨૮૦
**સીંગતેલ૧૫ કી. ૧૫૨૦**
સીંગતેલ ૧૫ લી.૧૬૯૦
સીગતેલ ૫ લી. ૪૬૫
તિરૂપતી કપા. ૧૩૩૦
૫ લીટર ૪૩૦
વનસ્પતિ ઘી ૧૧૭૦
કોપરેલ ૧૫ કિલો ૩૩૦૦
૫ કે. કોપરેલ૧૨૦૦
૫લી. અંકુર સીંગતેલ ૪૮૫
**૧૫ લીટર સનફલાય ૧૩૦૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૬૦
૫ લી. ૪૦૦
૨ લી. ૧૬૫
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૮૦૦૦
હેરીટેજ દુબાર ૬૨૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પોપુલર ૬૪૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
કાયનાત પ્રીમીયમ ૮૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
પરી નં.૧ ૯૨૦૦
પરી નં. ૭ તીબાર ૮૨૦૦
પરી સુપર દુબાર ૭૪૦૦
કાયનાત ખેનીટાઈમ ૭૨૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૬૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૪૦૦-૩૪૫૦**
**ખાંડ એમ. ૩૫૦૦-૩૬૦૦**
ખાંડએલ. ૩૫૦૦-૩૬૫૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર ૯૫૦-૧૦૦૦**
દાણ ૭૦ કી.ગ્રા.૯૫૦-૧૦૦૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૧૦૦
જીરાળુ ૧૬૮૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
**પરચુરણ**
સોજી ૭૦૦
મેંદો ૬૮૦
શ્રીફળ એમ. ૮૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૩૮૦૦
ખાંડ બુરૂ ૪૦૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૮૦
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૧૨૦-૧૮૦
સુકી ડુંગળી ૧૮૦- ૨૦૦
લસણ ૩૦૦-૭૦૦
ધાણા ૪૦૦-૫૦૦
મરચાં ૪૦૦-૬૦૦
લીંબુ ૧૪૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૭૦૦-૭૮૦
રીંગણ ૨૪૦-૩૦૦
ટામેટા ૧૦૦-૧૪૦
ભીંડા ૭૦૦-૮૦૦
કોબી ૧૨૦-૧૪૦
વટાણા ૪૦૦-૫૦૦
ટીંડસા ૫૦૦-૬૦૦
ગવાર ૮૦૦-૧૪૦૦
બાદશાહ બટાકા ૧૪૦-૨૦૦
સાંગા બટાકા ૧૨૦- ૧૮૦
તુવેર ૬૦૦-૮૦૦

## સાંતલપુરના રણમાં ટેન્ટમાં ભણતા ભૂલકાઓ મધ્યાહન ભોજનથી વંચિત

પાટણ

પાટણ જિલ્લો સરહદ પર આવેલો જિલ્લો છે, ત્યારે સાંતલપુરના નાના રણમાં મીઠુ પકવવા માટે અગરિયાઓ આવતા હોય છે. ત્યારે સાંતલપુરના રણમાં નવ સ્થળો પર બાર જેટલા ગામડાઓના ૧૦૦૦ થી વધુ અગરિયાઓ આઠ માસ રણમાં પડાવ નાંખે છે. ત્યારે તેમના બાળકોને શિક્ષણ મળી રહે તે માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની સંયુક્ત તાલીમ કાર્યક્રમ અંતર્ગત સર્વે શિક્ષણ અભિયાન દ્વારા રણમાં નવ જેટલી ટેન્ટ શાળાઓ બનાવી તેમાં ૨૦૫ બાળકોને શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. અહીંની શાળાઓમાં મધ્યાહન ભોજનની કોઈ વ્યવસ્થા નથી. અરે ભોજનની ક્યાં વાત રહી બાળકોને સુકો નાસ્તો પણ આપવામાં આવતો નથી. સરકારના બજેટમાં કરોડોનો ખર્ચ બતાવાય છે પણ આ બાળકો માટે એક રૂપિયો ન ફાળવતા સરકારની ઉદાસીનતા છતી થઈ છે. સરકારના વાંકે જ બાળકોને ભૂખ્યા રહેવાનો વારો આવ્યો છે, ત્યારે આ બાબતે તંત્રમાં માણસાઈના દીવા પ્રગટશે ખરા ? તેવું લોકોમાં ચર્ચાય છે.

## સાંગણપુરના રીક્ષા ચાલકને છેડતીના કેસમાં એક વર્ષની કેદની સજા

મહેસાણા

એક વર્ષ અગાઉ સાંગણપુરની વિદ્યાર્થીની રીક્ષા ચાલકે છેડતી કર્યા બાબતનો કેસ ચાલી જતાં મહેસાણા કોર્ટે રીક્ષા ચાલકને એક વર્ષની સજા અને રૂા.૩૦૦૦ દંડ ફટકારેલ છે. જાણવા મુજબ મહેસાણા તાલુકાના સાંગણપુર ગામની એક વિદ્યાર્થીની તા.૧૫/૩/૧૭ ના રોજ ખેરવા ખાતે પરીક્ષા આપવાની હોવાથી બસસ્ટેન્ડ પાસે ઉભી હતી. તેવામાં જીતુજી દિવાનજી ઠાકોર રીક્ષા ચાલક પોતાની રીક્ષા લઈ આવેલ. વિદ્યાર્થીનીને વિજ્ઞાનનું પેપર હોઈ તેણીને મોડું ન થાય તે માટે રીક્ષામાં બેસાડી મુકવા જતાં રીક્ષા ચાલક સાઈડનાં કાચમાં જોઈ તેણીની સામે ચેનચાળા કરતો હતો જેથી તેણીએ રીક્ષા ઉભી રાખવાનું જણાવતાં રીક્ષા ચાલકે બીજા રસ્તે નેળીયા તરફ લઈ જતાં તેણીએ ચાલુ રીક્ષામાંથી કુદકો માર્યો હતો, જેથી તે ઘાયલ થઈ હતી. આ બાબતે લાંઘણજના પોલીસ મથકે રીક્ષા ચાલક વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેનો કેસ મહેસાણાની પી.એસ.કાલાના કોર્ટમાં ચાલી જતાં રીક્ષા ચાલકને એક વર્ષની કેદની સજા અને રૂા.૩૦૦૦ દંડ ફટકારવામાં આવ્યો હતો તેમજ પિડીતાને રૂા.૧ હજાર ચૂકવવા હુકમ કર્યો હતો.

## ઊંઝાના ઐઠોર ગામે ગણપતિ મંદિરે પરંપરાગત લોકમેળાનો પ્રારંભ

ઊંઝા

ઊંઝા તાલુકાના ઐઠોર ગામે ગણપતિ દાદાના મંદીરે ચૈત્ર સુદ ત્રીજ, ચોથ, પાંચમ એટલે કે તા. ૧૯ થી ૨૧ માર્ચ દરમિયાન પરંપરાગત લોકમેળો ભરાશે.

પૌરાણિક ઐરાવતી નગરી અને આજે ઐઠોરના નામે જાણીતા ગામમાં રેણુથી સર્જિત ડાબી સૂંઢવાળા ગણપતિ દાદા બિરાજમાન છે. અહીં ભરાતા લોકમેળામાં વિવિધ ફૂલ અને સાત અલગ- અલગ ધાન પરથી વર્ષફળ, વરતારો કે શુકન જોવાય છે. ભારતભરમાંથી રામી- માળી ભાઈઓ દ્વારા લવાયેલા વિવિધ ફૂલને ૨૦ માર્ચને મંગળવારે ખરવાડમાં બેસી શુકનફળ જોવાશે. ચૈત્ર સુદ ત્રીજે ગામના નાયક ભાઈઓ ઘૂઘરા બાંધે ત્યારથી ગામની ઘંટીઓ તથા બળદગાડા જોતરવાનું તેમજ ઘરમાં તળવાનું બંધ થઈ જાય. જે ચૈત્ર સુદ છઠ્ઠના રોજ છૂટે ત્યારે જ રૂટિન કાર્ય ચાલુ થાય. ચૈત્ર સુદ ચોથે ફૂલોના શુકન જોવાય. ચૈત્ર સુદ પાંચમે ગામમાં તલાટીના ઘર આગળ ગ્રામસભા ભરાય, સોળ પોટલીવાળા ભાઈઓ પોતાના શુકન વિશે મંતવ્ય રજુ કરે. ત્રણેય દિવસે નાયક ભાઈઓ દ્વારા રજૂ થતી ભવાઈમાં બોલાતા શબ્દોનું અર્થઘટન કરી આમ બંને મંતવ્યો એકઠા કરી આખા વર્ષનું વર્ષફળ (શુકન) કઢાય છે. ઐઠોર ગણપતિ મંદિર ટ્રસ્ટ દ્વારા ત્રિ-દિવસીય લોકમેળામાં પધારતા ભક્તોના વિપુલ પ્રવાહને લઈ ભોજન, રહેવા, ન્હાવાની તેમજ સરળતાથી દાદાના દર્શન માટેની વ્યવસ્થાની હાલમાં તૈયારીઓ ચાલી રહી છે.

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| **નેનાવા** | | મેથી : | ૬૨૫ થી ૮૨૫ |
| બાજરી | ૨૮૩-૩૧૧ | **થરાદ** | |
| ગવાર | ૭૫૦ | રાયડો | ૬૯૦-૭૩૩ |
| રાયડો | ૬૫૫-૭૦૮ | એરંડા | ૭૯૦-૮૧૧ |
| એરંડા | ૭૯૭-૮૦૬ | જીરુ | ૨૨૦૦-૩૦૦૦ |
| જીરૂ | ૨૫૧૧-૨૯૦૦ | મેથી | ૭૫૧-૧૨૫૧ |
| સુવા | ૯૨૧ | મગ | ૬૫૧-૯૦૨ |
| ઈસ. | ૧૩૦૦-૧૪૭૬ | ગવાર | ૭૫૦-૭૮૦ |
| મેથી | ૫૦૦ | મઠ | ૪૮૦-૫૬૦ |
| સરસવ | ૭૩૦ | ઈસબગુલ | ૧૪૦૦-૧૫૪૨ |
| **ભીલડી** | | **રાહ** | |
| એરંડા | ૭૯૫-૮૦૯ | રાયડો | ૬૮૫-૭૦૬ |
| રાયડો | ૬૫૦-૭૧૫ | એરંડા | ૭૯૦-૮૦૫ |
| રાજગરો | ૭૫૦-૯૦૦ | બાજરી | ૨૫૦-૨૯૦ |
| બાજરી | ૨૩૧-૨૪૬ | **સિદ્ધપુર** | |
| ઘઉં | ૩૦૦-૩૮૧ | ઘઉં | ૩૨૬-૩૭૧ |
| મેથી | ૬૨૮ | એરંડા | ૭૭૭-૮૧૨ |
| જીરૂ | ૨૪૦૦-૨૭૩૭ | રાયડો | ૬૦૦-૭૨૪ |
| **ધાનેરા** | | રાજગરો | ૮૫૯-૮૭૫ |
| ઘઉં | ૩૧૦-૩૮૦ | બાજરી | ૨૦૦-૨૫૬ |
| એરંડા | ૭૯૫-૮૧૦ | જુવાર | ૭૯૫-૮૮૯ |
| સુવા | ૯૫૦-૯૯૨ | ગવાર | ૭૭૧-૭૮૦ |
| ઈસ. | ૧૩૨૫-૧૫૦૦ | કપાસ | ૭૭૬-૧૦૨૦ |
| જીરૂ | ૨૬૨૧-૨૭૭૧ | **પાટણ** | |
| વરી. | ૧૨૪૫-૧૪૧૦ | જીરૂ | ૨૦૦૦-૨૭૫૨ |
| રાયડો | ૬૪૫-૭૦૫ | વરી. | ૧૨૪૦-૧૫૮૫ |
| રાજગરો | ૭૫૭-૮૮૭ | મેથી | ૫૪૦-૮૨૯ |
| અજમો | ૬૨૫-૧૧૦૧ | સુવા | ૮૨૬-૧૦૦૦ |
| બાજરી | ૨૫૮-૨૯૦ | રાયડો | ૬૪૦-૭૨૭ |
| ગવાર | ૭૪૨-૭૭૫ | એરંડા | ૭૭૦-૮૧૬ |
| અન્ય | ૬૫૬-૧૦૨૦ | ઘઉં | ૩૨૦-૪૦૦ |
| **પીલુડા** | | બાજરી | ૨૨૦-૨૬૦ |
| રાયડો : | ૬૮૫ થી ૭૧૧ | જુવાર | ૬૬૦-૮૮૮ |
| એરંડા : | ૮૦૦ થી ૮૨૦ | અડદ | ૬૫૦ |
| જીરું : | ૨૫૨૫ થી ૨૭૮૦ | ગવાર | ૭૩૫-૭૮૦ |
| ધાણા : | ૭૮૦ થી ૮૨૫ | કપાસ | ૬૫૦-૧૦૪૬ |
| ગવાર : | ૭૫૦ થી ૭૭૨ | | |

## રાધનપુરમાં કોંગ્રેસની નવીન બોડી દ્વારા શહેરમાં સફાઈ અભિયાન પુરજોશમાં

### ડોર ટુ ડોર પાંચ છોટા હાથી ખરીદ કરાશે




રાધનપુર

રાધનપુરમાં કોંગ્રેસની નવી બોડી સત્તા ઉપર આવતા જ શહેરના લગભગ બધા જ વિસ્તારોમાં સફાઈ અભિયાન પુરજોશમાં શરુ કરી દીધું છે. શહેરના લોકોને નગરપાલિકા સુધી પોતાની ફરિયાદ લઈને જવું ના પડે તે માટે પાલિકા દ્વારા વૉટ્સએપ ગ્રુપ બનાવવામાં આવ્યું છે,અને આ ગ્રુપને ધાર્યા કરતા જબરદસ્ત આવકાર પણ મળ્યો છે,અને લોકો પોતાના વિસ્તારની સમસ્યાઓ આ ગ્રુપમાં મૂકે કે તુરંત જ પાલિકા દ્વારા ત્વરિત એકશન લેવામાં આવે છે.જેમાં ખાસ કરીને ગટરો સાફ કરવી,પાણી ના આવવું, ગંદકીના ઢગલા થવા, રોડ બનાવવા સહિતના પ્રશ્નો લોકો દ્વારા રજુ થતા હોય છે.પાલિકા દ્વારા જે તે કામ પૂર્ણ થયા બાદ તેના ફોટા પણ અપલોડ કરવામાં આવે છે જેથી લોકોને ખ્યાલ આવે કે તેમના પ્રશ્નનું નિરાકરણ થઇ ગયું છે કારોબારી ચેરમેન કાનજીભાઈ પરમારના જણાવ્યા મુજબ ગટરો છેલ્લા કેટલાય સમયથી સાફ ના થઇ હોઈ ગટરો ઉભરાઈને પાણી જાહેરમાર્ગ ઉપર આવતું હોવાની મીરા દરવાજા,ગ્રીનપાર્ક,પરા વિસ્તાર,માર્કેટયાર્ડ રોડ સહીત અનેક વિસ્તારોમાંથી ફરિયાદો આવતા સેનેટરી ઈન્સ્પેક્ટર દ્વારા ત્વરિત પગલાં લઈને ગટરો સાફ કરાઈ છે.અમુક ગટરોમાંથી તો ચારથી પાંચ ટ્રેકટરો ગારો નીકળવા પામ્યો હતો.ચોમાસા પહેલા શહેરની મોટાભાગની ગટરો સાફ કરી નાખવામાં આવશે. અને જે ગટરો તૂટી ગયી હશે તે તમામ રીપેર કરી નાખવામાં આવનાર છે. સેનીટેશન વિભાગના ચેરમેન હરદાસભાઈ આહિરના જણાવ્યા મુજબ શહેરના તમામ વોર્ડમાં હાલ સફાઈ અભિયાન પુરજોશમાં ચાલુ છે,

ગ્રીન પાર્ક સોસાયટીની ગટરો છેલ્લા એક વર્ષથી સાફ થઇ નહોતી તે જે.સી.બી. દ્વારા સાફ કરવામાં આવી છે. ચોમાસામાં વરસાદી પાણીના નિકાલ માટે ગટરની કામગીરી કરવામાં આવનાર છે.આ ઉપરાંત શહેરના રસ્તા સાફ કરવા માટે ટ્રેક્ટરની પાછળ લગાવવાનું સ્વીપર મશીન લાવવાની તજવીજ હાથ ધરવામાં આવશે.ડોર ટુ ડોર પાંચ છોટા હાથી ખરીદ કરવાનું પણ આયોજન કરવામાં આવનાર છે.

**કેવી-કેવી રજૂઆતો થાય છે**

રાધનપુર નગરપાલિકાના વૉટ્સએપ ગ્રુપમાં જાગૃત લોકો પોતાના પ્રશ્નો રજુ કરે છે.મુસ્તુફા ઘાંચી લખે છે ઈદગાહનો રોડ બનાવવા વિનંતી,અસ્ફાક મેમણ લખે છે મંડાઈ ચોકથી જુમ્મા મસ્જિદ સુધીની સ્વચ્છતાનું કંઈક કરો,તો જલારામ પોલિમરવાળા મામુભાઈ લખે છે પારકર સોસાયટીનો નવો રોડ વાળવા મોકલો,શાંતિલાલ સ્ટેમ્પવાળા લખે છે શહેરના મોટાભાગના વિસ્તારોમાં અમુક દિવસે મીઠું પાણી આપવામાં આવે છે તો મહાજનવાડા પાસેના નાના ચમારવાસમાં આજદિન સુધી મીઠા પાણીની કોઈ જ વ્યવસ્થા નથી થઇ.મનોજભાઈ રાઠોડ રજુઆત કરે છે કે વોર્ડ ૭ માં શિવશક્તિ સોસાયટીમાં બનાવેલ રોડમાં ભ્રષ્ટાચાર થયેલ છે. આમ તમામ વિસ્તારોમાંથી લોકો રજૂઆતો કરે છે.

## ઉંઝાના ભાખર ગામે શ્રીહરસિધ્ધ માતાના મંદિરે ચૈત્ર સુદ-સાતમે લોકમેળો યોજાશે

ઉંઝા

ઉંઝા તાલુકાના ભાંખર ગામે આવેલ ઐતિહાસિક શ્રી અગિયાવીર વૈતાલ અને શ્રી હરસિધ્ધ માતજીના મંદિરે પરપરાગત રીતે ચૈત્ર સુદ-૭ શુક્રવાર તા.૨૩/૩/૨૦૧૮ ના રોજ ભવ્ય લોકમેળો યોજાશે. આ દિવસે સાંજે ૬-૩૦ કલાકે રથ નીકળશે અને રાત્રે ૧૦-૩૦ કલાકે માંડવી કાઢવામાં આવશે.

ભાંખરમાં સુપ્રસિધ્ધ શ્રી અગિયાવીર વૈતાલને શ્રી હરસિધ્ધ માતાજીના ધાર્મિક સ્થાનકો સદીઓ પુરાણા ગણાય છે. લોકવાયકા મુજબ લાખા વણઝારાને બાળકના રૂપમાં શ્રી અગિયાવીર વૈતાલે પરચો આપ્યો હતો. જેની યાદમાં લાખા વણઝારાએ મંદિર બંધાવ્યું હતું. આ મંદિરનો પુનરોધ્ધાર પાટણના સોલંકીએ કર્યો હતો. લોકમાતા પુષ્પાવતીની કૂખમાં વસેલા આ સ્થાનકે દર વર્ષે ચૈત્ર સુદ સાતમના દિવસે લોકમેળો ભરાય છે.

મેળામાં દૂર દૂરથી ઘણી મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ દર્શનાર્થે આવે છે. અને બાધા માનતા કરે છે. આમાં તલનું તેલ જ ચઢાવવામાં આવે છે. તેની સાથે ગોળ, સાકર તથા શ્રીફળ પણ ચઢવાય છે. રથ ચારે દિશામાં ફરે છે. રાત્રે ૧૦-૩૦ કલાકે બત્રીસ મસાલોથી ઝળહળતી માંડવી કાઢવામાં આવે છે. રાત્રે મેળામાં ઢોલના અવાજ તથા માનવ મહેરામણની કિકિયારીઓના અવાજથી એક અનોખું વાતાવરણ સર્જાય છે.

લોકવાયકા પ્રમાણે કોઈ આસુરી શક્તિ ગામમાં ઉપદ્રવ કરતી હતી જેને આગીયાવીર વૈતાલે હણી હતી. તેનું કપાયેલું મસ્તક ઉછળતું હતું. જેથી તેને શાંત કરવા માટે લોકોએ લાકડીઓ વડે પ્રહારો કર્યા હતા. આ કરવઠા મુજબ મેળામાં લોકો મંદિરના ચોકમાં લાકડીઓના પ્રહારો કરી પ્રસંગને પુનઃજીવિત કરે છે. મંદિરમાં આગિયાવીર વૈતાલની પ્રતિમા વિલક્ષણ છે.અગ્નિની જવાળાઓ વચ્ચે આરૂઢ થયેલા છે. હાથમાં દંડ ગ્રહ્યો છે. બાજુમાં આદ્યશક્તિ હરસિધ્ધ માતાજીની પ્રતિમા ખૂબ દર્શનીય અને મનોહર છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ મંદિરના ટ્રસ્ટીઓ તથા ગ્રામજનોએ મેળાનું સુંદર આયોજન કરેલ છે.

## ગુજરાત રાજ્ય મહિલા આયોગ અને જિલ્લા પંચાયત-પાટણના ઉપક્રમે નારી સંમેલન




પાટણ

નારીયુગના સાંપ્રત સમયમાં ગુજરાતમાં મહિલાઉત્થાનના વિવિધ કાર્યક્રમો અને ઉદીપક સંયોજનો સાકાર થઈ રહ્યા છે. જેના ભાગરૂપે આજે પાટણ ખાતે ગુજરાત રાજ્ય મહિલા આયોગ અને જિલ્લા પંચાયતના સંયુક્ત ઉપક્રમે વિશાળ નારી સંમેલન યોજાયું હતું. જેમાં સેંકડો મહિલાઓ ઉત્સાહભેર સંકળાઈ હતી. ગુજરાત રાજ્ય મહિલા આયોગના અધ્યક્ષા શ્રીમતી લીલાબેન અંકોલીયાએ દિપ પ્રગટાવી કાર્યક્રમને ખુલ્લો મૂક્યો હતો. જિલ્લા વિકાસ અધિકારીશ્રી રાજેશ રાજગુરુ, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી પશીબેન ઠાકોર, પ્રાંત ઓફીસરશ્રી ડી.બી.ટાંક, બાળ આયોગના હંસાબેન પટેલ ઉપસ્થિત હતા.

પાટણ તાલુકા અને શંખેશ્વર તાલુકાનું સંયુક્ત નારી સંમેલનના ઉદઘાટક અને મહિલા આયોગના અધ્યક્ષા શ્રીમતી લીલાબેન અંકોલીયાએ જણાવ્યું કે, નારી એ દુર્ગા અને આદ્યશક્તિનો અવતાર છે. ચૈત્રી નવરાત્રિમાં યોજાયેલું મહિલા સંમેલન નારીશક્તિનું પ્રતીક છે. ગુજરાતમાં ૨૦૦૧માં મહિલા અને બાળ વિભાગની સ્થાપના કરાઈ હતી.વર્ષ ૨૦૦૫માં ગુજરાત મહિલા આયોગની સ્થાપના કરાઈ હતી. મહિલાઓ સામેના અન્યાય, અત્યાચાર અને સામાજિક શોષણ જેવા પ્રશ્નોના નિવારણ માટે મહિલા આયોગ ગ્રામસ્તર સુધી જાય છે. ગુજરાતમાં ૨.૫૦ લાખ સખી મંડળોમાં ૩૫ લાખ મહિલાઓ સખી મંડળોમાં જોડાઈ છે. સખીમંડળો દ્વારા મહિલા સશક્તિકરણનું કામ કરે છે. મહિલાઓ રાષ્ટ્રનું ભાવિ અને આવતીકાલછે, તેમ શ્રીમતી લીલાબેન અંકોલીયાએ ઉમેર્યું હતું.

મહિલા આયોગ દ્વારા બહેનોના શિક્ષણ, રોજગારી, સુરક્ષા અને સલામતી જેવા ક્ષેત્રોમાં મહિલાઓને મોટીવેટ કરે છે.

બાળ આયોગના અધિકારી શ્રીમતી હંસાબેન પટેલે પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું કે, ગુજરાત રાજ્ય મહિલા આયોગ વર્ષ ૨૦૦૫થી કામ કરે છે. મહિલાઓ સામેની હિંસા, અત્યાચાર, મહિલાઓના હક્કો અંગે મહિલા આયોગ ઘનિષ્ઠ કામ કરે છે. મહિલાઓનાશોષણ, લગ્ન સબંધી પ્રશ્નો હલ કરે છે.ગુજરાતમાં ૨૪૮ તાલુકા કક્ષાએ અને ૨૨ મહાનગર પાલિકા વિસ્તારમાં ૨૭૦નારી અદાલતો કાર્યરત છે.

પ્રાસંગિક ઉદબોધનમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી રાજેશ રાજગુરુએ જણાવ્યું કે, મહિલા સંમેલનમાં મહિલાઓ તેમના અધિકારો અને તેમને મળતી વિવિધ તકો અંગે અભિપ્રેરિત કરાય છે. વિવિધ કાયદાઓનો સમુચિત ઉપયોગ કરી મહિલાઓને લાભાન્વિત કરાય છે.કાર્યક્રમમાં સર્વ હીનાબેન શાહ, પુષ્પાબેન ઠાકોર સહિત મહિલા સરપંચો, પંચાયતી પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સ્વાગત પ્રવચન આઇ.સી.ડી. એસ.ના પોગ્રામ ઓફિસર ગૌરીબેન સોલંકીએ કર્યું હતું. તેમણે નારી સંમેલનના આશયો અને હેતુઓનો ઉલ્લેખ કર્યો હતો. કાર્યક્રમમાં સહાયક સી.ડી. પી.ઓ.ઉર્મિલાબેન પટેલ, કૈલાશબેન પટેલ, દેવબાળા જોષી,વિપુલભાઈ ગોઠી, સહિત આંગણવાડી કાર્યકરો, આશાવર્કરો, સખી મંડળો અને સ્વસહાય જુથની બહેનો ખુબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી. કાર્યક્રમનું સંચાલન જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી શૈલેષ પટેલે કર્યું હતું.

## ગણપત યુનિવર્સિટીની યુ.વી.પટેલ કૉલેજ ઓફ એન્જિનિયરિંગ દ્વારા બે દિવસીય ટેક ફેક્સ્ટ ‘કન્વર્ઝન્સ- ૧૮’ નો આરંભ



ગણપત વિદ્યાનગર

ગણપત યુનિવર્સિટીની એક અંગભૂત કૉલેજ યુ.વી.પટેલ કૉલેજ ઑફ એન્જિનિયરિંગ દ્વારા આયોજિત બે દિવસીય ટેકનિકલ સિમ્પોઝિયમ ‘‘કન્વર્ઝન્સ: ૨૦૧૮’’ નો પ્રારંભ થયો હતો.

‘એક્સપ્રેશ ન ઑફ આઈડિયાઝ, ઈનોવેશન એન્ડ ઈમિજિનેશન’ ના ઉદાત્ હેતુ સાથે ૨૦૦૨ થી નિયમિત દર વર્ષે યોજાતા. આ ટેકનિકલ -ફેસ્ટ ‘કન્વર્ઝન્સ -૨૦૧૮’ ના ઉદ્‌ઘાટન સમારોહમાં એસ.એન્ડ પી. ગ્લોબલ, અમદાવાદના ડાયરેક્ટર નિલમભાઈ પટેલ મુખ્ય મહેમાન તરીકે તો ઈ- ઈન્ફોચિપ, અમદાવાદના સીનિયર પ્રોજેક્ટ મેનેજર (પીઈએસ) શ્રી ભાસ્કર ત્રિવેદી ગેસ્ટ ઓફ ઓનર તરીકે ઉપસ્થિત રહ્યા હતા. સમારોહમાં વિશેષ મહેમાન તરીકે ખાસ હાજર રહેલા. અન્ય મહાનુભાવોમાં ગણપત યુનિ.ના પેટ્રન- ઈન-ચીફ અને પ્રેસિડેન્ટ ગણપતભાઈ પટેલ, યુનિ.ની ફેકલ્ટી ઓફ ટેકનોલોજીના ડીન. અને યુ.વી.પટેલ કૉલેજ ઑફ એન્જિનિયરિંગના પ્રિન્સિપાલ ડૉ. કિરણ અમીન, વિવિધ ફેકલ્ટીડીન, વિભાગીય વડાઓ, આચાર્યો, પ્રાધ્યાપકો અને આમંત્રિત મહેમાનો સહિત સેંકડો વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. એન્જિનિયરિંગની વિવિધ નવ જ્ઞાન- શાખાઓ સંબંધિત ૭ વર્કશોપ, ૧૦ ટેકનિકલ સેશન્સ સહિત કુલ ૬૦ જેટલાં ઈવેન્ટ્સમાં મહારાષ્ટ્ર, રાજસ્થાન અને ગુજરાતની ૪૦ જેટલી કોલેજમાંથી આવેલા ૭૩૪ ઉપરાંત ગણપત યુનિવર્સિટીના ૮૬૭ મળીને ૧૬૦૧ જેટલાં ટેકનિકલ સ્ટુડન્ટસ સહભાગી બનશે.

ઈલેકટ્રોસ્પેક્ટ્રો, ટેકમરિનો, મેકેનાઈઝર, ઈન્ફોકેટ્સ, ઈલેક્ટારાબજ, બાયોફ્યુઝન, કન્સ્ટ્રક્ટો, યુરકોમર્થ્સ અને કેટલાક સેન્ટ્રલ ઈવેન્ટ્સ અને જેવી સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓમાં પોતાની પ્રતિભાનું પ્રદર્શન કરશે અને ઈનામો જીતશે. ઈનામોનું મૂલ્ય પણ રૂપિયા અઢી લાખ જેટલું રહેશે.

જો કે ઉદ્‌ઘાટન સમારોહના મુખ્ય મહેમાન નિલમભાઈ પટેલે વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું. તેમ આ સ્પર્ધાઓમાં જીતવું કે ઈનામો મેળવવા કરતાં યે ભાગ લેવો એ જ વધારે મહત્વનું છે. એમણે એમ પણ કહ્યું કે આજનો સમય સતત પરિવર્તન પામતો સમય છે. એમાં આપણે ગતિશીલ અને પ્રગતિશીલ રહેવું પડે. તો યુનિ.પ્રેસિડેન્ટ ગણપતભાઈ પટેલે પણ શીખ આપી કે સ્પર્ધા નહીં, પણ એમાં ભાગ લેવાનો અનુભવ વધારે મહત્વનો છે. આવા સિમ્પોઝીયમમાં નવા વિચારોનું આદાન- પ્રદાન અને તેની રજુઆત માટે જે પ્લેટફોર્મ મળે છે તે જ વધારે મહત્વપૂર્ણ છે. સફળતાના મૂળમાં નવું નવું શીખવાની પ્રક્રિયા જરૂરી બને છે. તમને ભગવાને ‘માસ્ટર- પીસ’ બનાવ્યા છે. તો ‘માસ્ટર પીસ’ ની જેમ વર્તો, તમારી જાતમાં વિશ્વાસ રાખો. સમારંભના ગેસ્ટ ઓફ ઓનર ભાસ્કરભાઈ ત્રિવેદીએ ‘કન્વર્ઝન્સ’ ના આયોજનની સરાહના કરતા કહ્યું હતું કે ગણપત યુનિવર્સિટી એક એવી જગ્યા છે જ્યાં હું આવું ત્યારે કંઈ નવી સરપ્રાઈઝ - પ્રેઝન્ટ સરપ્રાઈઝ જોવા મળે છે. નવા અને ઈનોવેટિવ આઈડિયાઝનો અમલ થયેલો જોવા મળે છે. સમારંભના પ્રારંભે પ્રિન્સિપાલ ડૉ.કિરણ અમીને સૌ મહેમાનો અને ‘કન્વર્ઝન્સ’ ટેક- ફેસ્ટમાં પાર્ટિસિપેટ કરવા આવેલા તમામ ટેકનિકલ વિદ્યાર્થીઓનું સ્વાગત કરી આયોજનનું મહત્વ સમજાવ્યું હતું. રોબોટિક કૉમ્પીટેશન્સ, ટેકનિકલ પોસ્ટર પ્રેઝન્ટેશન, ટેકનિકલ પેપર પ્રેઝન્ટેશન, સેમિનાર્સ, એક્સપર્ટ - લેક્ચર્સ જેવી અનેકવિધ ટેકનિકલ ઈવેન્ટ્સમાં ભાગ લઈ પોતાના અભ્યાસ- સંશોધન અને બૌદ્ધિક ઉત્કર્ષની તક મેળવવા માટેના એક ઉત્તમ પ્લેટફોર્મ સમા નેશનલ લેવલના આ ટેકનિકલ સિમ્પોઝિયમનું બે દિવસ માટેનું ભગીરથ આયોજન સફળ અને સાર્થક બને એ માટે યુનિ.ના ડાયરેક્ટર જનરલ પ્રો.ડૉ. મહેન્દ્ર શર્મા, ડેપ્યુટી ડાયરેક્ટર ડૉ.આર.કે.પટેલ અને રજિસ્ટ્રાર ડૉ.અમિત પટેલના માર્ગદર્શનમાં ઓર્ગેનાઈઝિંગ સેક્રેટરી ડૉ.રાકેશ પટેલ, પ્રો.રોહિત પટેલ, કૉઓર્ડિનેટર્સ, ડૉ.આનંદ મંકોડિયા, પ્રો.વિષ્ણુ પટેલ, વિદ્યાર્થી કો- ઓર્ડિનેટર્સ યશ ઠાકર, ..., દીપ સોલંકી અને કિશન પટેલ સહિત સમગ્ર કોલેજ અને યુનિ.પરિવારે ભારે જહેમત ઉઠાવી છે.

## સાંતલપુર તાલુકાના ઉનરોટ ગામના દલિતોના હુમલાખોરોને પોલીસ છાવરે છે

### દલિતસેના દ્વારા ગૃહમંત્રીને રજુઆત

રાધનપુર

પાટણ જિલ્લાના છેવાડાના સાંતલપુર તાલુકાના ઉનરોટ ગામના વાઘેલા વસ્તાભાઈ કાળાભાઇ અને તેમના પુત્ર ઉપર ગામના જ મુસ્લિમ સમાજના સાત ઈસમોએ ગત બીજી માર્ચના રોજ હુમલો કરેલો જે અંગે વારાહી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી, જેમાં ફોઝદારી ધારાની કલમો સાથે એટ્રોસિટી એક્ટની કલમો ૩-(૨)(૫)(એ) નોંધાયેલ છે.પોલીસે સાતેય આરોપીઓની અટક કરીને તુરંત જ જામીન ઉપર મુક્ત કરી દીધા હતા.નામદાર કોર્ટમાં હાજર કર્યા નહતા. આ બાબતે દલિતસેનાના જિલ્લા પ્રમુખ અને અબિયાણાના પૂર્વ સરપંચ શિવાજી ગોહિલે રાજ્યના ગૃહમંત્રીને લેખિતમાં રજુઆત કરીને સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ સાત વર્ષ કે તેથી ઓછી સજાની જોગવાઈ વાળી કલમોના કેસોમાં પોલીસ જામીન આપી શકે છે,પરંતુ આ કેસમાં એટ્રોસિટી એક્ટની કલમો લાગેલી છે,અને આ કલમોના કેસમાં ૧૦ વર્ષની સજાની જોગવાઈઓ છે.તેમ છતાંય પોલીસે આરોપીઓને જામીન ઉપર છોડી મુક્યા હતા,અને આરોપીઓને છાવરે છે.આ બાબત ગંભીર છે,ઉનરોટ ગામના દલિતો પોલીસ રક્ષણ હેઠળ જીવી રહેલ છે,ત્યારે કાયદાની જોગવાઈઓનો ચુસ્તપણે અમલ થાય અને આ બાબતે ગૃહ મંત્રાલય દ્વારા તપાસ કરી કરાવી દલિત પરિવારને ન્યાય મળે તેવી રજુઆત કરવામાં આવી છે.આ રજૂઆતની નકલો સામાજિક ન્યાય અને અધિકારિકતા વિભાગ, જિલ્લા કલેક્ટર,જિલ્લા પોલીસ અધિક્ષક,દલિત સેનાના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સહિતને મોકલી આપવામાં આવી છે.

## ભરૂચ જિલ્લાના પાલેજ ખાતે હેઝાડર્સ કેમિકલ વેસ્ટની સાઈટ ઝડપાઈ



અંકલેશ્વર

ભરૂચ જિલ્લાના પાલેજ ખાતે કેમિકલ વેસ્ટના નિકાલનું મોટું કૌભાંડ ઝડપાઇ ગયું હતું જેને લઈને લોકોમાં ભારે ચર્ચાનો વિષય બન્યો હતો. આ વેસ્ટ ખાસ કરીને ભરૂચ અને વડોદરા જિલ્લાનો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. છેલ્લા કેટલાક દિવસથી અંકલેશ્વરની પ્રકૃતિ સુરક્ષા મંડળ ની ટીમને માહિતી મળી હતી કે અંકલેશ્વરની નવજીવન હોટલ ની પાછળ કેટલાક કેમિકલ માફિયાઓ કેમિકલની બેગો સાથે કેમિકલ પાવડર નો સંગ્રહ કરી વેચાણ કરી રહ્યા છે .

રવિવારે સુરક્ષા મંડળની ટીમને માહિતી મળી હતી કે ટ્રક દ્વારા આ માલને સગેવગે કરવાની હિલચાલ થઇ રહી છે. તેની જાત તપાસ પ્રકૃતિ સુરક્ષા મંડળ સલીમ પટેલ અને હરેશભાઇ પરમાર દ્વારા કરતા માલુમ પડ્યું હતું કે ત્યાં ટ્રંક દ્વારા આ કેમિકલ પાવડર અને કેમિકલની બેગો અન્ય જગ્યાએ લઈ જવામાં આવી રહી છે જેથી પ્રકૃતિ સુરક્ષા મંડળના સલીમ પટેલ દ્વારા આ બાબતની જાણકારી અંકલેશ્વર ખાતેના GPCB પ્રાદેશિક અધિકારી આર.બી. ત્રિવેદીને જાણ કરી કાર્યવાહી કરવા જણાવ્યું હતું પરંતુ રવિવાર હોવાથી સ્ટાફના અભાવે અસમર્થતા બતાવી હતી. સલીમ પટેલ અને તેમની ટીમ દ્વારા આ ટ્રકનો પીછો કરી પીછો કરતા આ ટ્રક ભરૂચ તરફ જઈ રહી હતી જેથી આ બાબતની જાણકારી સલીમ પટેલ દ્વારા ભરૂચના GPCB ના રિજિયોનલ ઓફિસર વ્યાસને કરી હતી અને વ્યાસ સાહેબે તેમની ટીમ મોકલી હતી આમ પ્રકૃતી સુરક્ષા મંડળ અને જીપીપીને ટીમ દ્વારા પીછો કરાતાં આ ટ્રક પાલેજ જીઆઈડીસી ની ગેરકાયદેસર ની બનાવેલ ફેક્ટરીમાં પહોંચી હતી જ્યાં નજીકમાં આવેલ ખેતીની જગ્યામાં ગેરકાયદેસર કેમિકલ ડમ્પિંગ સાઈટ બનાવવામાં આવી હતી કે જયાં અંકલેશ્વર અને વડોદરાની ફેકટરીઓમાંથી કેમિકલ વેસ્ટ લાવી ત્યાં સંગ્રહ કરવામાં આવતો હતો તેમજ કેમિકલ બેગો ધોવાનું મોટા પાયે કામ ચાલતું હતું . અને આ કેમિકલ વાળું પાણી નું જમીન માં ખાડો કરી નિકાલ કરવામાં આવતું જોવામાં આવ્યું હતું .તેઓ આ બેગોને ત્યાં ધોયા પછી તેમની ગેરકાયદેસરની ફેકટરીમાં ગટ્ઠા બનાવી અન્ય જગ્યાએ વેચાણ ની પ્રવૃત્તિ ચાલતી હતી .ભરૂચની પોલ્યુશન કંટ્રોલ બોર્ડની ટીમ દ્વારા જરૂરી નમૂના અને કાગળો ભેગા કરી આગળની કાર્યવાહી હાથ ધરાઇ હતી.

પ્રકૃતિ મંડળના શ્રી પટેલે જણાવ્યું હતું કે જો અંકલેશ્વર ના નવજીવન હોટલ પાછળ ના ગેરકાયદેસરના ડમ્પિંગ ખાતે અંકલેશ્વર જી.પી.સી.બી દ્વારા કાર્યવાહી કરવામાં આવી હોત તો આ કેમિકલ વેસ્ટ કઈ કમ્પની માંથી આવે છે અને તેમનો સપ્લાયર કોણ છે તે જાણી શકાયુ હોત. કેમિકલ વેસ્ટ ખરીદનાર પણ ગુનેહગાર છે પરંતુ તેના કરતા કેમિકલ વેસ્ટ વેચનાર કંપનીઓને પકડી કાર્યવાહી કરવી જરૂરી હતી જેમાં અંકલેશ્વર ના અધિકારીઓનો યોગ્ય સહકાર ન મળતાં આ કાર્યવાહી થઈ શકી ન હતી.

### રેશનકાર્ડનો જથ્થો બારોબાર સગેવગે કરનાર

# લાખણી તાલુકાના અસાસણ ગામના દુકાન સંચાલક સામે તંત્રની કડક કાર્યવાહી

**દુકાન સંચાલક માવજીભાઇ ચાવડાની દુકાનનો પરવાનો ૯૦ દિવસ માટે મોકુફ કરી પોલીસ ફરીયાદ કરવા હુકમ કરાયો**

પાલનપુર

બનાસકાંઠા જિલ્લાના લાખણી તાલુકાના અસાસણ ગામના પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારના સંચાલક માવજીભાઇ ચમનાજી ચાવડા ગેરરીતિ આચારી રેશનકાર્ડ ધારકોને વિતરણ કરવાનો થતો જથ્થો બારોબાર સગેવગે કરી ગેરરીતિ આચરતા હોવાની બાતમી બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી દિલીપ રાણાને મળતા તેઓની સીધી સુચના અન્વયે પ્રાંત અધિકારી, દિયોદર, મામલતદાર, લાખણી અને પુરવઠા નિરીક્ષકોની ટીમે ઓચિંતી રેડ પાડી તપાસ કરતાં સંચાલક રેશનીંગનો જથ્થો બારોબાર સગેવગે કરતા હોવાનું ધ્યાને આવતાં તેમની સામે આકારા શિક્ષાત્મક પગલાં લઇ તેમનો પરવાનો ૯૦ દિવસ માટે મોકુફ કરવા, રેશનકાર્ડધારકોની ૧૦૦ ટકા ક્રોસ તપાસણી કરવા અને સંચાલક સામે પોલીસ ફરિયાદ દાખલ કરવા હુકમો કરવામાં આવ્યા છે. તેમ બનાસકાંઠા જિલ્લા પુરવઠા અધિકારીશ્રી દ્વારા જણાવ્યું છે.

# બનાસકાંઠા જિલ્લા પંચાયતના પ્રમુખ - ઉપપ્રમુખે પદભાર સંભાળ્યો

**જિલ્લામાં વિકાસના કામોને પ્રાધાન્ય આપવાની વ્યક્ત કરી પ્રતિબદ્ધતા**


(સંજય જોષી)

પાલનપુર

બનાસકાંઠા જિલ્લા પંચાયતમાં કોંગ્રેસના નવ નિયુક્ત પ્રમુખ-ઉપપ્રમુખે ગતરોજ શુભમુર્હતમાં પદભાર સંભાળ્યો હતો. અને જીલ્લામાં વિકાસના કામોને પ્રાધાન્ય આપવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે કોંગ્રેસના સદસ્યો, અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

બનાસકાંઠા જિલ્લા પંચાયતની ૬૬ બેઠકો પૈકી કોંગ્રેસના ૩૬ અને ભાજપના ૩૦ સદસ્યો વિજેતા થયા હતા. દરમિયાન શનિવારે યોજાયેલી ચૂંટણીમાં પ્રમુખ તરીકે પીનાબેન રાજેશકુમાર ઠાકોર અને ઉપપ્રમુખ તરીકે જશીબેન દિયા વિજેતા થયા હતા. જેમણે સોમવારે વિધિવત રીતે તેમનો ચાર્જ સંભાળ્યો હતો. અને આગામી સમયમાં જિલ્લાનો સર્વાંગી વિકાસ થાય તેવા કામો કરવા માટેની નેમ વ્યક્ત કરી હતી. આ પ્રસંગે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ દિનેશભાઇ ગઢવી, ચૂંટાયેલા સદસ્યો લક્ષ્મીબેન કરેણ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# થરાદના ખોડા પાસે સ્ત્રીના પહેરવેશમાં યુવકે ફાંસો ખાઇ આત્મહત્યા કરતાં અરેરાટી

**સુઇગામ તાલુકાના યુવકે થાંભલા સાથે શનિવારની રાત્રે જીવનલીલા સંકેલી લીધી**

(પ્રતિ.) થરાદ

રાજસ્થાનની સરહદે આવેલા થરાદના ખોડા ચેકપોસ્ટ નજીક એક વીજ થાંભલા સાથે સ્ત્રીના પહેર વેશમાં ગળે ફાંસો ખાધેલ એક મૃતદેહ શનિવારની સુમારે કોઈની નજરમાં આવ્યો હતો. આથી શંકાસ્પદ લાગતાં આ અંગે થરાદ પોલીસને જાણ કરાતાં દોડેલી પોલીસે તેની તપાસ કરતાં તે કોઇ મહિલા નહી પરંતુ સુઇગામ તાલુકાના ટીનાભાઈ નામનો બ્રાહ્મણ યુવક હોવાનું જાણવા મળ્યું હતું.પોલીસે તેના પરિવારને જાણ કરી વધુ તપાસ કરતાં અગાઉ પણ બેથી ત્રણ વખત ઘેરથી જતો રહ્યો હોવાનું તથા તેને પકડતાં આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોવાનું પરિવારે પણ જણાવ્યું હતું.

જોકે તે સારા પરિવારનો હોવા છતાં પણ માનસિકતાના કારણે સ્ત્રીના પહેરવેશ પહેરીને ફરતો અને ચેકપોસ્ટથી પસાર થતી ટ્રકો પાસેથી માંગતો હોવાનું પણ પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું. તેની ઓળખ થતાં દોડી આવેલા પરિવારજનોએ પોલીસને કોઈ પર શંકાવહેમ નહી હોવાનું તથા યુવકની મનોસ્થિતિ અંગેનું વર્ણન કરી કોઈ પોલીસ કાર્યવાહી કરવાનો ઈન્કાર કર્યો હતો અને મૃતદેહને તેમના વતન લઈ જઇ અંતિમ સંસ્કાર કર્યા હતા.

આમ હજી તો થરાદ તાલુકાના નારોલી ગામના યુવકે રડકા ગામની સીમમાં આત્મહત્યા કર્યાની શાહી પણ હજુ સૂકાઈ નથી. ત્યાં વધુ એક યુવકે ગળે ફાંસો ખાઇ લેતાં પંથકમાં અરેરાટી સાથે ચકચાર મચવા પામી હતી. તેમજ સ્ત્રીના કપડાં પહેરેલ હોઈ રાત્રીના અંધકારમાં વાહન ચાલકોની નજર પડતાં પ્રથમ નજરમાં કોઇ મહિલાએ ગળે ફાંસો ખાધો જણાતાં અનેક તર્કો ચર્ચાસ્પદ બન્યા હતા.

# કાંકરેજ તાલુકામાં બનાસનદી પટ વિસ્તારમાં બેફામ રેત ખનન

**નદીનો પટ બિહામણી કોતરોમાં ફેરવાયો છતાં તંત્ર ચૂપ**


યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિનિધિ થરા

કાંકરેજ તાલુકામાં બનાસ નદી પટ વિસ્તારમાં બિનક ાયદેસર રેત ખનન પ્રવૃત્તિ જેસીબી હીટાચી જેવા આધુનિક મશીનો દ્વારા રાત- દિવસ ખોદકામ કરી ઓવરલોડ આવરણ ઢાંક્યા વગરના ટ્રક, ટર્બા, ડમ્પર- ટ્રેક્ટરથી વહન થઈ રહ્યું હોવા છતાં તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે. આ બાબતે લોકોમાં ભારે રોષની લાગણી જોવા મળી રહી છે. કાંકરેજ તાલુકાના નાના જામપુર, ટોટાણા- ખારીયા- કંબોઈ- બલોચપુર પંથકમાં ઓવરલોડ વધારે ફેરા કરવાની લાહ્યમાં આવા વાહનો અવારનવાર અકસ્માતોને ટ્રાફિકની વિકટ સમસ્યા ઉભી કરી રહ્યાં છે. કાંકરેજ તાલુકાના બનાસ નદી પટ વિસ્તારમાં ચોવીસ કલાકે રેત ખનન પ્રવૃત્તિથી કેટલોક વિસ્તાર ચંબલની ખીણ જેવો બની ગયો છે. જ્યાં બિનકાયદેસર પ્રવૃત્તિઓનું પ્રમાણ વધ્યુ હોવા છતાં પોલીસ પકડથી દૂર રહે છે. કાંકરેજ તાલુકામાં ચાલતી આ બેફામ પ્રવૃત્તિથી થરા- શિહોરી કંબોઈ ચાર રસ્તામાં ટ્રાફિકની સમસ્યા પ્રજાને એસ.ટી.બસ ખાનગી વાહન ચાલકો માટે માથાના દુઃખાવા સમાન બનેલ હોવા છતાં ભૂસ્તર ખાણ ખનીજ વિભાગને મામલતદાર કચેરીની ચૂપકીદી સામે લોકો કહે છે. આવા તત્વો મોટા હપ્તા આપીને અધિકારીઓ કર્મચારીઓના મોઢા બંધ કરાવવામાં સફળ

અનુસંધાન પાના નં.૬

### બનાસકાંઠા ગ્રાહક અદાલતનો ઐતિહાસિક ચુકાદો

# રામસણમાં ડી.પી. ફાટવાથી મરણ જનારના પરિવારને વળતર ચુકવવાનો આદેશ

**ગ્રાહક અદાલતે યુ.જી.વી.સી.એલ.ની સેવામાં ખામી સ્વીકારી આદેશ કર્યો**

ડીસા

તાજેતરમાં શ્રી જાગૃત નાગરીક, ગ્રાહક સુરક્ષા મંડળ ડીસા દ્વારા વિજ કંપની વિરૂધ્ધ દાખલ કરેલ એક મહત્વના કેસમાં બનાસકાંઠાની ગ્રાહક અદાલતે સીમાચિહ્નરૂપ ઐતિહાસિક ચુકાદો આપેલ છે જેમાં વપરાશકાર ગ્રાહક છે તેવો મહત્વપૂર્ણ સિદ્ધાંત પુનઃસ્થાપિત કરાયો છે. બે વર્ષ પૂર્વ ડીસા તાલુકાના રામસણ ગામે ડી.પી.ફાટવાથી થયેલ ખેડૂત નારણભાઈ નેમાજી ઠાકોરના મોતના કિસ્સામાં વિજ કંપની દ્વારા ગ્રાહકના પરિવારને કોઈ જ વળતર ન ચુકવાતાં મરણ ગયેલ નારણભાઈ નેમાજી ઠાકોરના પત્નિ ભાવનાબેન નારણભાઈ ઠાકોરે ડીસા ખાતે આવેલ ગુજરાતની જાણિતી ગ્રાહક હિત હક્ક રક્ષક સંસ્થા શ્રીજાગૃત નાગરિકને ઉત્તર ગુ- જરાત વિજ કંપની લી. વિરૂધ્ધ લેખિત ફરિયાદ આપેલ હતી. જે ફરીયાદને ગંભીરતાથી લઈ સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી કિશોર કે. દવેએ નોટીસ વ્યવહારના અંતે બનાસકાંઠાના ગ્રાહક અદાલત સમક્ષ ફરિયાદ નં.૯૩/૨૦૧૬ થી ફરીયાદ દાખલ કરેલ હતી. જે ફરીયાદના કામે બનાસકાંઠાની ગ્રાહક અદાલતની જ્યુરી શ્રી દિ.વી.વૈધ, રીટાબેન પંચાલ, લતાબેન બથારે સીમચિહ્ન ચુકાદો આપી મરણજનાર ખેડૂતના પરિવારને રૂા.૮,૨૦, ૦૦૦ ઉપરાંત ૯% ના વ્યાજ સહીત તેમજ ફરિયાદ ખર્ચના રૂા.૫,૦૦૦ લગભગ રૂા.૧૦, ૦૦,૦૦૦ નુ વળતર ચુકવવા

અનુસંધાન પાના નં.૬

### મુક્તેશ્વર મઠની વિવાદિત સાધ્વી

# જયશ્રીગીરીને પાલનપુર કોર્ટમાં હાજર કરાઇ

**છેતરપીડીના કેસમાં વધુ એક મુદત**



પાલનપુર

વડગામના મુક્તેશ્વર મઠના સાધ્વી જયશ્રીગીરી સામે પાલનપુર, વડગામ અને અમદાવાદ ખાતે છેતરપીડી, ઉંચા વ્યાજે નાણાંની ઉઘરાણી સહિતની ફરિયાદો નોંધાવા પામી છે. જે અંગેના ચાર્જસીટ કોર્ટમાં રજૂ થતાં કેસ ચાલી રહ્યા છે. જેમાં મહિલા દ્વારા નોંધાયેલી છેતરપીડીના કેસમાં સાધ્વી જયશ્રીગીરીને સોમવારે પાલનપુરની કોર્ટમાં રજૂ કરવામાં આવી હતી.

વડગામના મુક્તેશ્વર મઠના સાધ્વી જયશ્રીગીરી સામે પાલનપુર પૂર્વ અને પશ્ચિમ પોલીસ મથકમાં છેતરપીડી, પ્રોહિબિશન, ઉંચા વ્યાજે નાણાંની ઉઘરાણી, મારા મારીની અગાઉ સાત ફરિયાદો નોંધાવા પામી છે. જે અંગે પોલીસે ચાર્જસીટ રજૂ કરતાં જુદીજુદી અદાલતોમાં કેસ ચાલી રહ્યા છે. જે અંતર્ગત પાલનપુરના ઇંદિરાબેન દ્વારા નોંધાયેલા છેતરપીડીના ગૂનામાં સોમવારે અમદાવાદ જેલમાંથી ચુસ્ત બંદોબસ્ત સાથે પાલનપુરની કોર્ટમાં રજૂ કરવામાં આવી હતી. જ્યાં ન્યાયાધીશે વધુ એક મુદત આપી હોવાના અહેવાલ મળ્યા છે.

# અબાસણાની મહિલાએ ઝેરી દવા પીને જીવન ટૂંકાવ્યું

તા.પ્રતિ. ભાભર

ભાભર તાલુકાના અબાસણા ગામે ગઈકાલે એક મહિલાએ ઝેરી દવા પીને મોતને વ્હાલુ કરતા અરેરાટી મચી છે. અબાસણા ગામની સવિતાબહેન બાબુભાઈ પરમાર (ઉ.વ.૪૪) નામની મહીલાએ તેના ઘરે અગમ્ય કારણોસર ઝેરી દવા પી લીધી હતી. તેને તાકિદે સારવાર અર્થે ધારપુર મેડીકલ હોસ્પિટલ-પાટણ ખાતે વધુ સારવાર માટે ખસેડી હતી. પરંતુ તેનું સારવાર દરમ્યાન મોત થતા અરેરાટી મચી છે, પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ભાભર પોલીસ હુમલાનો બીજો આરોપી ઝડપાયો

**અજાણ્યા બે આરોપીઓના નામ ખોલવા પોલીસ તપાસ ચાલુ : બુટલેગરોમાં ફફડાટ**

તા.પ્રતિ. ભાભર

ભાભર પોલીસ મથકના ત્રણ પોલીસ જવાનો બે દિવસ પહેલા સુથાર નેસડી ગામે બાતમી આધારે દેશી દારૂની રેડ પાડવા ગયા હતા. જેમાં બાઈક ઉપર દેશી દારૂ વેચતા બે બુટલેગર ઝડપાઈ ગયા હતા. જેના કારણે અન્ય બે સહિત ચારે પોલીસ ઉપર હુમલો કર્યો હતો. જેથી ભાભર પોલીસે બે બુટલેગરો સહિત ચાર સામે હુમલાનો ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે, હુમલા સમયે ત્રણ આરોપીઓ ભાગી છૂટ્યા હતા જ્યારે એક આરોપી પકડાઈ ગયો હતો, દરમ્યાન પોલીસે ગઈકાલે બીજો મુખ્ય આરોપી બાબુ વિરચંદને પકડી પાડી અટક કર્યો છે. અને અજાણ્યા બે આરોપીઓના નામો ખોલવા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ ઉપર હુમલો થતાં પોલીસ બેડામાં ચકચાર મચી છે. ત્યારે પોલીસે પણ લાલ આંખ કરતા બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે. તેથી બેફામ બનેલા બુટલેગરોને ઉગતા ડામવામાં આવે તે જરૂરી છે.

# ચૈત્ર મહિનાના આરંભે જિલ્લામાં અષાઢી માહોલ

**જગતના તાતનો જીવ પડીકે બંધાયો**


નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

બંગાળની ખાડીમાં સર્જાયેલ લો- પ્રેશરના કારણે રાજયભરના હવામાનમાં એકાએક પલટો આવતા અનેક સ્થળો પર વરસાદ થયાના અહેવાલ મળી રહ્યા છે. છેલ્લા બે ત્રણ દિવસથી સવારમાં વાદળછાયુ વાતાવરણ જોવા મળ્યું હતું. ત્યારે રવિવારની મધરાત્રે જિલ્લાના અનેક વિસ્તારોમાં ભારે ગાજવીજ સાથે વરસાદના છાંટા પડ્યા હતા. અષાઢી માહોલ સર્જાતા ખેડુતોના જીવ અધ્ધર થઈ ગયા હતા. હાલમાં જિલ્લામાં શિયાળુ પાક લેવાઈ રહ્યો છે. જેમાં ઘઉ, રાજગરો, જીરૂ, બટાટા જેવા અનેક પાકો લેવામાં આવી રહ્યા છે. તે સમયે વાતાવરણમાં પલટો આવતા ખેડુતોનો જીવ પડીકે બંધાયા હતા. ગત મોડી રાત્રે જિલ્લામાં દાંતા- અમીરગઢ સહિત અનેક સ્થળો પર ઝાપટું પડ્યું હતું. જેથી જગતના તાત દ્વારા પાકને બચાવવાની ભારે જહેમત ઉઠાવી પડી હતી. ખેતરોમાં કાપણી કરેલ પાક પથરાયેલો પડ્યો છે. તેવા સમયે મેઘાવી માહોલ સર્જાતા ખેડુતો ચિંતાતુર બની બેઠા છે.

કમોસમી વરસાદના કારણે ખેતીમાં નુકશાન થયાની ભિતી સેવાઈ રહી છે. જો કે ત્યારબાદ વાદળાં વિખેરાઈ જતા ખાસ કરીને ખેડુતોએ હાશકારો અનુભવ્યો છે.

# બનાસકાંઠા જિલ્લામાં કમોસમી માવઠાથી ખેતીના પાકોને નુકશાન


(નરસિંહ દેસાઈ)

**હવામાનમાં અચાનક આવેલા પલટાથી ખેડૂતો ચિંતાતુર**

ડીસા

સરહદી બનાસકાંઠા જીલ્લામાં ગત રાત્રે વાતાવરણમાં ઓચિંતો પલટો આવ્યો હતો. જ્યાં આકાશમાં કાળા ડિબાંગ વાદળો ચઢી આવ્યા હતા અને ગાજવીજ સાથે કમોસમી માવઠું થતા ખેડૂતોમાં ભારે દોડધામ મચી જવા પામી હતી. કમોસમી વરસાદના છાંટાથી ખાસ કરીને જીરાના પાકને નૂકશાન થવા પામ્યું છે. આ ઉપરાંત ઘઉ, એરંડા પણ પલડી જવા પામ્યા હતા. બનાસકાંઠા જીલ્લામાં છેલ્લા પાંચ વર્ષથી ગ્લોબલ વોર્મિંગના કારણે હવામાનમાં પલટો નોંધાઇ રહ્યો છે. ઉનાળા અને શિયાળામાં વરસાદ પડતો હોવાથી ખેડૂતોને નુકશાન સહન કરવું પડી રહ્યું છે. જ્યાં રવિવારે રાત્રે પણ હવામાનમાં ઓચિંતો પલટો નોંધાયો હતો. જ્યાં આકાશમાં કાળા ડિબાંગ વાદળો ચઢી આવ્યા હતા. અને જોત

અનુસંધાન પાના નં.૬

**નુકસાનીના કોઈ વાવડ નથી**

બનાસકાંઠા જિલ્લામાં ઓછી માત્રામાં છાંટા રૂપે વરસાદ પડ્યો હતો. જોકે, ખેડૂતો કે વિસ્તરણ અધિકારી દ્વારા ખેતીના પાકને નુકશાન અંગેની કોઈ રજુઆત મળી ન હોવાનું જિલ્લા ખેતીવાડી અધિકારી પી.કે.પટેલએ જણાવ્યું હતું.

### ઘાસચારાની અછતના પગલે...

# જિલ્લામાં ઘઉં, રાજગરો અને રાયડાના સૂકા ઘાસની માંગમાં ઉછાળો


નરસિંહ દેસાઈ

**સૂકું ઘાસ વેચતા વેપારીઓને તડાકો : પાકના ઓછા ભાવ વચ્ચે ખેડૂતોને રાહત**

પ્રતિ. વડાવળ

સરહદી વિસ્તાર ગણાતા બનાસકાંઠા જિલ્લામાં ખેતીની સાથે સાથે પશુપાલનનો વ્યવસાય પણ ખુબ મોટા પ્રમાણ થઈ રહ્યો છે જેથી જિલ્લાની બનાસડેરી એશિયામાં સૌથી વધુ દૂધનું ઉત્પાદનમાં નંબર વન છે પરંતુ ચાલુ વર્ષે જિલ્લાના પશુપાલકો માટે વિકટરૂપ સાબિત થઈ રહ્યું છે ચોમાસુ સિઝનમાં થયેલી અતિવૃષ્ટીના કારણે ઉભો પાક નષ્ટ થઈ જવા પામ્યો હતો ઉપરાંત પશુપાલકો દ્વારા સંગ્રહીત કરેલો ઘાસચારો પણ વધુ વરસાદના કારણે બગડી જતાં શિયાળાની ઋતુનો સમય પશુ પાલકો માટે કષ્ટરૂપ સાબિત થયો જિલ્લામાં ઘાસચારાની તીવ્ર તંગી ઉભી થતા પશુઓની હાલત પણ કફોડી બની જવા પામી છે જિલ્લામાં નવી ઉનાળુ સિઝનમાં લીલાઘાસ ચારાનું ખુબ બહોળા પ્રમાણમાં વાવેતર થયું છે પણ હજુ દશથી પંદર દિવસ બાદ લીલો ઘાસચારો આવશે પણ ત્યાં સુધી પશુઓના નિભાવ માટે ઘાસચારાની મોટી જરૂરીયાત હોવાથી જિલ્લામાં શિયાળુ સીઝનમાં વાવેતર થયેલ ઘઉં, રાજગરા અને રાયડાના પાકનું સુકુ ઘાસની માંગ રહેતા તેના ભાવો પણ આસમાને પહોંચી ગયા છે

જિલ્લામાં ઘાસચારાની તંગીને લઈ સુકાઘાસના વેપારીઓ બહારની સુકો ઘાસચારો લાવી અનેક સ્થળો પર વેચાણ કરી રહ્યા છે જે સુકો ઘાસચારો વેચાતા સ્થળો પર પણ તડાકો પડી રહ્યો છે આ બાબતે એક પશુપાલકના જણાવ્યા પ્રમાણે ચોમાસુ સીઝનમાં મગફળીની ચાર જે પ્રતિમણ ૮૦ રૂપિયાએ મળતી હતી જે આજે ૧૭૦ થી ૧૮૦ રૂપિયા પ્રતિમણ વેચાઈ રહી છે જે પણ ભેળસેળ સાથે તેનું વેચાણ થઈ રહ્યુ છે.

# જગાણામાં માથાભારે તત્વોનો ત્રાસ

**હેલીપેડ ઉપર કેમ દોડવા આવે છે ? તેમ કહી યુવક ઉપર હૂમલો**

પાલનપુર

પાલનપુર તાલુકાના જગાણા ગામમાં કેટલાક સમયથી લુખ્ખા તત્વોનો ત્રાસ વધી રહ્યો હોવાની રાવ ઉઠી છે. ગતરોજ ગામના એક યુવકને હેલીપેડ ઉપર કેમ દોડવા આવે છે તેમ કહી પાંચ શખ્સોએ હિચકારો હૂમલો કર્યો હતો. આ અંગે યુવકે પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ભાજપના કેન્દ્રિય મંત્રી હરિભાઇ ચૌધરીના ગામ જગાણામાં છેલ્લા કેટલાક સમયથી કેટલાક માથાભારે તત્વોની રંજાડ વધી ગઈ છે. વિના કારણે નિર્દોષ વ્યકિતઓ ઉપર હૂમલા કરવામાં આવી રહ્યા છે. થોડાક સમય અગાઉ એક વિપ્ર યુવક ઉપર હૂમલો કરાયો હતો. જે બાદ વધુ એક યુવક ઉપર હૂમલો કરાયો હોવાની ઘટના સામે આવી છે. પ્રાપ્ત વિગતો મુજબ, ગામમાં રહેતા સાવનભાઇ ગોયાભાઇ ચૌધરીએ તેના મોબાઇલ ફોન દ્વારા અશ્વિનભાઇને હેલીપેડ બોલાવ્યો હતો. આથી અશ્વિનભાઇ, દિનેશજી કેશાજી

અનુસંધાન પાના નં.૬

**જાહેર આભાર**

મારી લાખણી તાલુકા પંચાયતના ઉપપ્રમુખ પદે વરણી કરવા બદલ હું આદરણીય **શંકરભાઈ ચૌધરી**, જિલ્લા ભાજપ **પ્રમુખ કેશાજી ચૌહાણ**, તાલુકા-જિલ્લા ભાજપ સંગઠનના પદાધિકારીઓ, અગ્રણીઓ, તાલુકા પંચાયતના ભાજપના સદસ્યો અને સહકારી સેલના આગેવાનો વ્હાલા મતદારો તેમજ મદદરૂપ થનાર તમામ નામી-અનામી કાર્યકર મિત્રો અને સ્નેહી બંધુઓનો ખૂબ ખૂબ હૃદયપૂર્વક આભાર માનું છું.



ગંગાબેન સુરેશભાઈ પટેલ
ઉપપ્રમુખ
લાખણી તાલુકા પંચાયત



સુરેશભાઈ એ. પટેલ
પૂર્વ પ્રમુખ, લાખણી તાલુકા
ભાજપ યુવા મોરચો



ભુરાભાઈ એન. પટેલ

**જાહેર આભાર**

ધાનેરાની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં અમોને ચેરમેન પદે નિયુકત કરવા બદલ તમામ બોર્ડ ડીરેકટરશ્રીઓ, વેપારી મિત્રો તેમજ ખેડૂત ભાઈઓનો હું દિલથી આભાર વ્યકત કરૂં છું.

લિ.
ભુરાભાઈ એન. પટેલ
ચેરમેનશ્રી
ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ધાનેરા